




પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH








FRIDAY, 10 JULY, 2026 Vol. 24, No. 28 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news


# અમેરિકાએ ઈરાનમાં મિસાઈલો ઝીંકી, 14ના મોત

## અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી યુદ્ધ : ઈરાનના ચાબહાર, બુશહરસ અને બંદર અબ્બાસમાં હુમલો કર્યો, 78 લોકો ઘાયલ

**તહેરાન**

અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી યુદ્ધ શરૂ થઈ ગયું છે. બુધવારે અમેરિકન વાયુસેનાએ ફરીએ ઈરાનના અનેક મુખ્ય સ્થાનો પર મિસાઈલો છોડી હતી. જેમાં ઈરાનના ચાબહાર, બુશહરસ અને બંદર અબ્બાસમાં મિસાઈલ હુમલાથી વ્યાપક નુકસાન થયાના અહેવાલો છે. ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનેઈની અંતિમ યાત્રા મશહદ પહોંચી તે સમયે આ હુમલો કરવામાં આવ્યો હતો.

રિપોર્ટ્સ પ્રમાણે અમેરિકાએ જે શહેરો પર હુમલો કર્યો છે, તેમાં ચાબહાર અને બુશહરનો સમાવેશ થાય છે. હોર્મુઝ ખાડી પાસેથી પસાર થતાં કેટલા જહાજો પર ઈરાને હુમલો કર્યા બાદ અમેરિકા ભડક્યું હતું. અને તેણે તાબડતોડ મિસાઈલો દાગી દીધી હતી જેને કારણે ઈરાનને પણ મોટું નુકસાન થયું હતું. ઈરાનના આરોગ્ય મંત્રાલયે ગુરુવારે જણાવ્યું હતું કે ઈરાનમાં બે દિવસના અમેરિકન હવાઈ હુમલામાં ઓછામાં ઓછા 14 લોકો માર્યા ગયા છે અને અન્ય 78 ઘાયલ થયા છે. મોટાભાગના સશસ્ત્ર દળોના સભ્યો હોવાના અહેવાલ છે. બંને દેશો વચ્ચે થોડી વખત પહેલી યુદ્ધ વિરામ માટે સમજૂતી કરાર થયો હતો, પરંતુ આ હુમલા પછી શાંતિ રહે તેવું લાગતું નથી. ઈરાને અમેરિકાના આરોપને ખોટા કહ્યાં છે. યુદ્ધ વિરામનો ભંગ અમેરિકા દ્વારા જ કરવામાં આવ્યો હોવાનો ઈરાને આરોપ પણ લગાવ્યો છે. મોહમ્મદ બાઘેર ગાલિબાફે એક્સ પર પોસ્ટ કરતા લખ્યું કે, 'ટ્રમ્પનું પ્રશાસન શરૂઆતથી જ આ શરતોનો ભંગ કરતું આવ્યું છે. અમેરિકા દબાણ કરવાનો પ્રયત્ન કરી રહ્યું છે કે, પરંતુ તેના થઈ તેને કોઈ પ્રાપ્ત થવાનું નથી, અમે (ઈરાન) હાર માનવાના નથી'.

## ઈરાન દ્વારા બહેરીન-કુવૈતમાં અમેરિકન સૈન્ય ઠેકાણે હુમલા



અમેરિકાના ઈરાનના અનેક ઠેકાણે હવાઈ હુમલા બાદ ઈરાને પણ હવે વળતો પ્રહાર કર્યો હતો. ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બાકર ગલીબાફે કહ્યું કે અમેરિકા અમારી વાત સાંભળી લે, જો તે હુમલા કરશે તો તેને જડબાતોડ જવાબનો સામનો કરવો પડશે. અમારા શહીદોનો સંઘર્ષ વ્યર્થ નહીં જાય. હોર્મુઝ તો ઈરાનની મરજીથી જ ચાલશે. તેમાં અમેરિકાની દખલ નહીં ચલાવી લેવાય. અમેરિકાના હુમલાના જવાબમાં ઈરાને બહેરીનમાં અમેરિકાની ફિફ્થ ફ્લિટ પર મિસાઈલોનો વરસાદ કરી દીધો હતો. જેમાં અમેરિકાને મોટું નુકસાન થયાનો દાવો કરવામાં આવી રહ્યો છે. બહેરીનમાં અનેક જગ્યાએ વિસ્ફોટો થવાની માહિતી સામે આવી છે. ઈરાને એક વીડિયો શેર કરી હોર્મુઝમાં અમેરિકન ડ્રોન MQ-9ને ઠાર મારવાનો પણ દાવો કર્યો છે. આની સાથે કુવૈતમાં પણ સાયરનો વાગી રહ્યા છે. ત્યાં પણ ઈરાને હુમલા કર્યાના અહેવાલો છે.

# ચીનના ફુજિયાનમાં જૂતાની ફેક્ટરીમાં ભીષણ આગ, 28 લોકોના મોત બાદ તપાસના આદેશ

## બચાવ કામગીરી દરમિયાન 213 લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા

**ફુજિયાન પ્રાંત**

દક્ષિણ-પૂર્વ ચીનના ફુજિયાન પ્રાંતના જિનજિયાંગ શહેરમાં આવેલી હુઈટેંગ ફૂટવેર કંપનીની ફેક્ટરીમાં ગુરુવારે ભીષણ આગ લાગતાં 28 લોકોના મોત થયા હતા. ઘટના સમયે પાંચ માળની આ ફેક્ટરીમાં 237 કામદારો અને બે મુલાકાતીઓ સહિત કુલ 239 લોકો હાજર હતા. આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં સમગ્ર ઈમારતમાં ફેલાઈ ગઈ હતી. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે ઘટનાને ગંભીર ગણાવી તાત્કાલિક તપાસ કરાવી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવા અને બચાવ કામગીરી ઝડપી બનાવવા સૂચના આપી હતી.

અગ્નિશમન વિભાગે જણાવ્યું હતું કે આગ બિલ્ડિંગના પ્રથમ માળે આવેલા વર્કશોપ અને વેરહાઉસમાંથી શરૂ થઈ હતી. અહીં જૂતાના ભાગો અને અન્ય અત્યંત જ્વલનશીલ સામગ્રી સંગ્રહિત હોવાથી આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી. બચાવ કામગીરી દરમિયાન 213 લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા.

મીડિયાના સીસીટીવી દ્વારા જાહેર કરાયેલા વીડિયો અને તસવીરોમાં ઈમારતમાંથી કાળા ધુમાડાના ગોટેગોટા અને અનેક માળ સુધી ભભૂકતી આગ જોવા મળી હતી. આગ સમયે કેટલાક લોકો જીવ બચાવવા માટે છત પર પહોંચ્યા હોવાનું પણ સ્થાનિક અહેવાલોમાં જણાવાયું હતું. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી સામે



આવ્યું નથી. ઘટના બાદ ફેક્ટરીના માલિક અને જવાબદાર અધિકારીઓને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા તેમજ કંપનીના બેંક ખાતાં પણ સ્થગિત કરવામાં આવ્યા હતા. જિનજિયાંગ શહેર સ્પોર્ટ્સ શૂઝના ઉત્પાદન માટેનું મહત્વનું કેન્દ્ર માનવામાં આવે છે.

# H-1B અને પર્મ વિઝા કૌભાંડ પર USનો પ્રહાર, અનેક કંપનીઓ તપાસના ઘેરામાં

## ડઝનબંધ સમન્સ જારી કરાયા : ઈન્સ્પેક્ટર જનરલ


**વોશિંગ્ટન**


અમેરિકામાં H-1B અને પર્મ વર્ક વિઝા સાથે જોડાયેલી કથિત છેતરપિંડી સામે સરકારે મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. અમેરિકી શ્રમ વિભાગના જણાવ્યા મુજબ IT કંપની કોગ્નિઝન્ટ સહિત અનેક કંપનીઓ તપાસના ઘેરામાં છે. ઉપપ્રમુખ જે.ડી. વેન્સની 'ટાસ્ક ફોર્સ ટુ એલિમિનેટ ફ્રોડ' હેઠળ 'ઓફિસ ઓફ ધ ઈન્સ્પેક્ટર જનરલ' તપાસ કરી રહી છે. તપાસમાં નકલી વિઝા અરજીઓ, લેબર બ્રોકર્સ અને એમ્પ્લોયર્સની સાંઠગાંઠ, વિદેશી કર્મચારીઓને ઓછા વેતનમાં કામ કરાવવું, પગારમાં ગેરકાયદે કપાત અને સસ્તા વિદેશી શ્રમિકોના કારણે સ્થાનિક અમેરિકનોની નોકરીઓને અસર થઈ હોવાના આરોપો સામે આવ્યા છે. ઈન્સ્પેક્ટર જનરલ એન્થોની ડી એસ્પોસિટોએ જણાવ્યું કે અત્યાર સુધી ડઝનબંધ સમન્સ જારી કરાયા છે અને તમામ પુરાવાની સંપૂર્ણ તપાસ થશે. તેમણે કહ્યું કે વ્હિસલબ્લોઅર્સ પાસેથી કોગ્નિઝન્ટ સહિત કેટલીક મોટી કંપનીઓ અંગે મહત્વપૂર્ણ માહિતી મળી રહી છે. આ સમગ્ર કાર્યવાહીનો હેતુ વિઝા સિસ્ટમમાં થતી ગેરરીતિઓ રોકવી અને અમેરિકી કામદારોના હિતોનું રક્ષણ કરવાનું છે.













# શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ધામધૂમપૂર્વક ઉજવાયેલો 12મો દિવ્ય પાટોત્સવ

## મંદિરમાં કિર્તન ભક્તિ, બાળકોએ રજૂ કરેલા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, અન્નકૂટ દર્શન તથા રંગોત્સવસભર કાર્યક્રમોનું આયોજન કરાયું

શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળ (SSSS M CANADA) કેનેડા દ્વારા કિર્તનભક્તિ, સમૂહરાસોત્સવ સહિતના કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. નાના મોટા બાળકોએ રજૂ કરેલા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, અન્નકૂટ દર્શન તથા રંગોત્સવ જેવા વિવિધતા સભર કાર્યક્રમો ઉત્સાહભેર અને ભક્તિભાવપૂર્વક સંપન્ન થયા હતા.

આ ભવ્ય પ્રસંગે શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય મહારાજશ્રી જીતેન્દ્રિય પ્રિયદાસજી સ્વામીશ્રી મંદિરે પધારતા તેમનું કેનેડા મંડળના યુવકો દ્વારા સ્કોટીશ પાઈપ બેન્ડની સુમધુર સુરાવલીઓથી ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આચાર્ય સ્વામિશ્રી મહારાજના આગમનને વધાવવા માટે વેલકમ સેરેમની નિમિત્તે મંદિરને તેમજ રસ્તાને રંગબેરંગી ફૂલો અને ફૂલોના હારથી તેમજ તોરણો અને રંગબેરંગી લાઈટ રોશનીથી શણગારવામાં આવ્યા હતા. મંદિરની અંદર રોશની ઝળહળી ઉઠી હતી તો સિંહાસનની શોભાના દિવ્યતાસભર દર્શન તથા હતા.

આ પ્રસંગે અંદરથી રિનોવેશન કરાયેલા હોલને પણ શણગારવામાં આવ્યો હતો અને પાઈપબેન્ડની સુરાવલીઓ સાથે પરમપૂજ્ય આચાર્ય સ્વામીશ્રી મહારાજે હોલને ખુલ્લો મુક્યો હતો અને મુક્તજીવન સ્વામીબાપા બોલ તેવું નામાભિધાન કર્યું હતું.

શ્રી જીતેન્દ્ર પ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજ અને સંતમંડળ 23 જૂન 2026થી 29 જૂન 2026 એમ સાત દિવસ સુધી રોકાઈને ઓન્ટેરિયો કેનેડામાં અનેક જગ્યાએ પધારી અનેક ભક્તોને દર્શનનો લાભ પમાડી સૌ ભક્તોને સુખિયા કર્યા હતા.

આ પ્રસંગે બાળમંડળ, કિશોર મંડળ, યુવા મંડળ તેમજ નાના મોટા સૌ ભક્તોએ કોઈને કોઈ અધ્યાત્મિક પ્રવૃત્તિઓ દ્વારા બાપ્સનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

તા. 28 જૂન 2026 રવિવારના રોજ શ્રી ઘનશ્યામ મહારાજ, જીવનપ્રાણ શ્રી અબજી બાપાશ્રી તેમજ મુક્તજીવન સ્વામીબાપાનો પાટોત્સવ વિધિ ષોઢશોપચારે, શાસ્ત્રોક્ત વૈદિકવિધિ અનુસાર કરવામાં આવ્યો હતો અને ભગવાન સમક્ષ વિવિધ અનેક પ્રકારની વાનગીઓનો અન્નકૂટ ધરાવી ઉત્સવ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ઓન્ટેરિયો તેમજ કેનેડાના દૂર દૂરથી આવેલા ભક્તોએ આરતીઓ અને પૂજનનો લાભ લીધો હતો.

આ પ્રસંગે સ્કારબોરો વિસ્તારના MP અને ઓન્ટેરિયો સરકારશ્રીના ભૂતપૂર્વ કેબીનેટ મંત્રીશ્રી michael Coteau તેમજ સ્કારબોરો ટોરોન્ટો વિસ્તારના મ્યુનિ. કાઉન્સીલર શ્રી teethanshan હાજર રહી પરમપૂજ્ય આચાર્ય સ્વામીશ્રી મહારાજનું સન્માન કરી પ્રશસ્તીપત્ર એનાયત કરાયું હતું.

આચાર્ય સ્વામીશ્રી મહારાજે પણ તેઓનું સન્માન કરી સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ મહાપ્રસાદ (Lunch) આપવામાં આવ્યો હતો. સૌ હરિભક્તો જમી રહ્યા પછી રંગોત્સવનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. દૂર આવી કેનેડામાં વસેલો ભક્તોએ કેનેડામાં પ્રથમવાર આચાર્ય સ્વામીશ્રીના વરદ હસ્તે રંગોત્સવનો દિવ્યતા સભર, ઉલ્લાસ સાથે આનંદ માણ્યો હતો અને રંગોથી ભીંજાઈ ગયા હતા.

દરેક દિવસે મંદિરમાં વિવિધ કાર્યક્રમોના આયોજન થયા હતા, દરેક દિવસે દરેક દર્શનાર્થીને જમાડવામાં આવ્યા હતા.

મંડળના પ્રેસીડેન્ટ હરેશભાઈ પટેલે કમિટીનો, વર્કીંગ કમિટીઓના સભ્યોનો તેમજ દૂર દૂરથી આવેલા તેમજ અહીંના લોકલ સર્વે હરિભક્તોનો, દર્શનાર્થીઓનો આભાર માન્યો હતો.

# ઈટોબિકોકમાં 'હ્યુમન્સ ફોર હાર્મની' દ્વારા ૧૫૯મા કેનેડા ડેની ભવ્ય ઉજવણી









## 92 વર્ષીય મહિલાના હસ્તે ધ્વજવંદન: પોલીસના અધિકારીઓ અને સ્થાનિકોની પ્રેરણાદાયી ઉપસ્થિતિ

ટોરોન્ટો: ઈટોબિકોક વિસ્તારમાં સક્રિય સામાજિક સંસ્થા 'હ્યુમન્સ ફોર હાર્મની' દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ૧૫૯મા કેનેડા ડેની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ૧ જુલાઈના રોજ આયોજિત કાર્યક્રમમાં સ્થાનિક સમુદાયના મોટી સંખ્યામાં સભ્યોએ હાજરી આપી અનોખો ઉત્સાહ જગાવ્યો હતો.

આ વર્ષના કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ અને વિશેષતા એ રહી કે, આશરે ૫૦ વર્ષ પહેલાં કેનેડામાં આવીને સ્થાયી થયેલા ૯૨ વર્ષીય વરિષ્ઠ ઈમિગ્રન્ટ મહિલાના હસ્તે ગૌરવપૂર્વક કેનેડાનો રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ ક્ષણ ઉપસ્થિત સૌ કોઈ માટે પ્રેરણાદાયી બની રહી હતી. આ ઉપરાંત, કાર્યક્રમમાં ટોરોન્ટો પોલીસ સર્વિસના ૨૩ ડિવિઝનના બે પોલીસ અધિકારીઓએ પણ ખાસ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં મૌલિક ભટ્ટે ઉપસ્થિત સૌ મહેમાનોનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સંસ્થાના પ્રમુખ ડોન પટેલે કેનેડાની મહાનતા, તેની વિવિધતાસભર બહુરંગી સંસ્કૃતિ તેમજ કેનેડા ડેના ઐતિહાસિક મહત્વ વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

કાર્યક્રમમાં હાજર રહેલા સમુદાયના સભ્યો, ખાસ કરીને વરિષ્ઠ નાગરિકોએ સંસ્થાના આ પ્રયાસને બિરદાવ્યો હતો અને ભવિષ્યમાં પણ આવા વધુ સમુદાયલક્ષી કાર્યક્રમો યોજાય તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

ઉનાળાના ગરમ હવામાન વચ્ચે કાર્યક્રમમાં હાજર તમામ મહેમાનો માટે ઠંડા અને સ્વાદિષ્ટ આઈસક્રીમની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેનો સૌએ આનંદ માણ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે 'હ્યુમન્સ ફોર હાર્મની'ના સમર્પિત સ્વયંસેવકો મૌલિક ભટ્ટ, જતિન સોલંકી, કાનુ વરુ અને જયમિન પટેલે ભારે જહેમત ઉઠાવી હતી. સંસ્થા વતી અંતમાં તમામ ઉપસ્થિત મહેમાનો અને સ્વયંસેવકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# નૌકાદળના નવા સબમરીન કાફલા માટે જર્મન કંપની 'TKMS'ની પસંદગી થઈ

**હેલિફેક્સ**

કેનેડાના ઈતિહાસના સૌથી મોટા સંરક્ષણ કાર્યક્રમ હેઠળ કેનેડિયન નૌકાદળ (રોયલ કેનેડિયન નેવી)ના નવા સબમરીન કાફલાના નિર્માણ માટે જર્મન શિપબિલ્ડર 'થિસેનક્રુપ મરીન સિસ્ટમ્સ' (TKMS)ની પસંદગી કરવામાં આવી છે. વડાપ્રધાન માર્ક કાર્નેએ સોમવારે હેલિફેક્સમાં ડોક્સાઈડ ખાતે એક પત્રકાર પરિષદમાં આ ઐતિહાસિક જાહેરાત કરી હતી, જેની સાથે જ દાયકાઓથી ચાલી આવતી અટકળો અને વિવાદોનો અંત આવ્યો છે.

આ પ્રોજેક્ટની જાહેરાત કરતા વડાપ્રધાન માર્ક કાર્નેએ જણાવ્યું હતું કે, "આ પ્રોજેક્ટ માત્ર નવી સબમરીન મેળવવા પૂરતો સીમિત નથી, પરંતુ તે કેનેડાની પોતાની ઔદ્યોગિક ક્ષમતાનું નિર્માણ કરશે. અમારી સરકારે દેશની જૂની સંરક્ષણ ખરીદી પ્રક્રિયાની સમસ્યાઓને સુધારવાના વચન સાથે કામ શરૂ કર્યું હતું અને આજનો આ નિર્ણય તે દિશામાં એક ખૂબ જ મહત્વપૂર્ણ પગલું છે."

આ નિર્ણયની સત્તાવાર જાહેરાત પશ્ચિમ કિનારાના નૌકાદળ સમક્ષ કરવા માટે સંરક્ષણ પ્રાપ્તિ રાજ્ય સચિવ સ્ટીફન ફુહર પણ એસ્ક્વીમાલ્ટ (બ્રિટિશ કોલંબિયા) ખાતે ઉપસ્થિત રહેવાના હતા. એક વરિષ્ઠ ફેડરલ અધિકારીએ જણાવ્યું કે, "બંને સપ્લાયર્સ ખૂબ જ મજબૂત હતા અને બંનેની દરખાસ્તો કેનેડિયન કામદારો અને વ્યવસાયો માટે ઉત્તમ લાભ આપનારી હતી.




# એર કેનેડાએ અમેરિકા જતી ફ્લાઇટ્સમાં મોટો કાપ મૂક્યો : ટ્રાન્સબોર્ડરના ૮ રૂટને માઠી અસર

## યુદ્ધને કારણે ઇંધણના ભાવ ભડકે બળ્યા, મુસાફરો 28 ટકા ઘટ્યા




**ટોરોન્ટો**


જેટ ઈંધણના ઊંચા ખર્ચ અને સરહદની દક્ષિણ તરફ (યુ.એસ.)ની સફર માટે મુસાફરોની માંગમાં આવેલા ભારે ઘટાડાને કારણે દેશની સૌથી મોટી એરલાઈન 'એર કેનેડા'ફરી એકવાર અમેરિકા માટેની પોતાની ફ્લાઈટ્સ ઘટાડી રહી છે. એરલાઈન દ્વારા જાહેર કરાયેલા નવા શેડ્યૂલ અનુસાર આ પાનખર (આગામી મહિનાઓ)થી યુ.એસ. તરફના આઠ ટ્રાન્સબોર્ડર રૂટને ક્યાં તો અટકાવી દેવામાં આવ્યા છે અથવા તેમના પ્રારંભમાં વિલંબ કરવામાં આવ્યો છે.

ઈન્ટરનેશનલ માર્કેટમાં ભૌગોલિક રાજકીય તણાવ અને યુદ્ધની સ્થિતિને કારણે જેટ ઈંધણના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે. આ કારણે માત્ર એર કેનેડા જ નહીં, પરંતુ 'વેસ્ટજેટ' (WestJet) અને 'એર ટ્રાન્સેટ' (Air Transat) જેવી અન્ય મોટી એરલાઈન્સે પણ યુ.એસ. માટેની તેમની ફ્લાઈટ ક્ષમતામાં કાપ મૂક્યો છે, કારણ કે ઊંચા ઈંધણ ખર્ચ સામે ઘણા રૂટ બિન-નફાકારક સાબિત થઈ રહ્યા હતા.


બીજી તરફ, સ્ટેટિસ્ટિક્સ કેનેડાના સત્તાવાર પ્રારંભિક આંકડા દર્શાવે છે કે, ગયા વર્ષની સરખામણીમાં મે મહિનામાં અમેરિકાથી હવાઈ માર્ગે પરત ફરનારા કેનેડિયનોની સંખ્યામાં ૨૮ ટકાનો મોટો ઘટાડો નોંધાયો છે, જે ઘટીને ૪,૬૨,૦૦૦થી પણ ઓછી થઈ ગઈ છે.

એર કેનેડાના પ્રવક્તા એન્જેલા માહે એક ઈમેઈલ નિવેદનમાં જણાવ્યું હતું કે, "એર કેનેડા નિયમિતપણે તેના સમયપત્રકની સમીક્ષા કરે છે, જેથી તે સુનિશ્ચિત કરી શકાય કે અમારી ક્ષમતા ગ્રાહકોની વાસ્તવિક માંગ અને મોસમી મુસાફરીની પેટર્ન સાથે સુસંગત રહે."

તેમણે ઉમેર્યું હતું કે એરલાઈન ભવિષ્યમાં ન્યૂ યોર્કના JFK એરપોર્ટ પર પરત ફરવાની યોજના ચોક્કસ ધરાવે છે. જોકે, આ શિયાળા દરમિયાન કંપની ન્યૂ યોર્કના અન્ય એરપોર્ટ 'લાગાર્ડિયા' અને ટોરોન્ટોના 'બિલી બિશપ એરપોર્ટ' વચ્ચે દૈનિક પાંચ ફ્લાઈટ્સ ઓપરેટ કરીને ન્યૂ યોર્કમાં પોતાની હાજરી મજબૂત રાખશે.




# ઈરાનના લાખો લોકોની હાજરીમાં સુપુર્દ-એ-ખાક થયા અયાતુલ્લા અલી ખામેનેઇ



તહેરાન : અમેરિકી હુમલામાં ખામેનેઈના પરિવારના કેટલાક સભ્યોના પણ મોત થયા હતા. ત્યારબાદ ૭મી જુલાઈએ અયાતુલ્લા અલી ખામેનેઈને મશહદ સ્થિત ઈમામ રઝાની દરગાહમાં દફનાવવામાં આવ્યા હતા. આ જનાઝામાં ઈરાનના લાખો લોકો જોડાયા હતા. છેલ્લાં સપ્તાહ સુધી ચાલેલા શોક કાર્યક્રમો અને જનાજા બાદ તેમની અંતિમ વિદાય આપવામાં આવી હતી. જ્યાં ટ્રમ્પ અને ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂની હત્યા માટે હાકલ કરતા બેનરો, પોસ્ટરો અને ગ્રેફિટી પણ પ્રદર્શિત કરવામાં આવી હતી.






તંત્રી સ્થાનેથી

# યુદ્ધ વિરામ કરાર કોરાણે, હુમલાઓ સાથે અમેરિકા-ઈરાન વચ્ચે ફરી જંગ

આશરે એક પખવાડિયાના વિરામ બાદ અમેરિકા અને ઈરાન ફરી આમને સામને આવી ગયા છે. ઈરાન દ્વારા ઈરાન પર કરવામાં આવેલા નવા સૈન્ય હુમલાઓને કારણે માત્ર મિડલ ઈસ્ટમાં જ નહીં, પરંતુ આખા વિશ્વમાં ચિંતા વ્યાપી છે. થોડા દિવસો પહેલાં સમજૂતિના ભાગરૂપે ઈરાન દ્વારા હોર્મુઝની જે હદ નક્કી કરાઈ હતી, તેને અવગણીને ત્યાંથી કેટલાક માલવાહક જહાજોએ પસાર થવાની હિંમત કરતા ઈરાને તેને નિશાન બનાવ્યા હતા. સેન્ટકોલની મદદથી થયેલા આ હુમલાને કારણે ત્રણ વ્યાપારી જહાજો માર્શલ માઈલેન્ડઝનો ધ્વજ ફરકાવતાં એમ/ટીએલરેવાયત, સઉદી અરેબિયાનો ધ્વજ ફરકાવતાં એમ/ટી વેડવાન અને લાઈબેરિયાનો ફ્લેગ ફરકાવતાં એમ/ટી સાઈપ્રસ પ્રોસ્પેરીટીને વ્યાપક નુકસાન થતાં ટ્રમ્પ નારાજ થયા અને તેણે નાટોના વડા માર્ક રૂટ્ટે સાથે યોજેલી પ્રેસ કોન્ફરન્સમાં કહી દીધું કે, ઈરાન સાથેનો યુદ્ધ વિરામ પૂરો થયો છે અને ૧૪ પોઈન્ટનો એમ.ઓ.યુ.નું હવે કોઈ મહત્વ રહ્યું નથી. ટ્રમ્પે વધુ સ્પષ્ટતા કરતા કહ્યું કે, તેઓ પોતે ઈરાનીઓ સાથે કોઈ સમજૂતી કરવા માંગતા નથી. તેઓ હોર્મુઝમાંથી થતી અવરજવરથી પીડાઈ રહ્યા છે અને સાથે ભારે ડંખીલા અને હિંસક છે. એટલે જ તેમણે મને જનાજાની તૈયારી કરવા ધમકી આપી છે. ટ્રમ્પનું આ કથન લાઈવ બ્રોડકાસ્ટ પણ કરાયું હતું.



તંત્રી - સ્વદેશ

ટ્રમ્પે એવું પણ કબૂલ્યું કે, અમે તેમની ઉપર હાલમાં જ અમે પ્રચંડ હુમલો કર્યો હતો. જહાજો ઉપર રોકેટ્સ છોડયાં તેથી બુધવારે રાતે અમારે આ પગલું ભરવાની નોબત આવી હતી. આમ, અમેરિકા અને ઈરાન હવે સામસામા હુમલાઓ ઉપર આવી ગયા છે. અમેરિકાનાં સેન્ટ્રલ કમાન્ડે પણ ઈરાન પર આક્રમક હુમલાની વાતને પૃષ્ટિ કરતા કહ્યું કે, ઈરાનની એર ડીફેન્સ સીસ્ટીમસ, કમાન્ડ એન્ડ કંટ્રોલ નેટવર્કસ, કોસ્ટલ રડાર સાઈટ્સ એન્ટી શિપ મિસાઈલ્સ હેવેબિલીટીઝ અને ઈસ્લામિક રીવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સની ૬૦થી વધુ બોટોને હોર્મુઝ સ્ટ્રેઈટ્સ પાસે જ અમે ડૂબાડી દીધી હતી. આ વખતે અમેરિકાએ કરેલા હુમલાઓથી વૈશ્વિક અર્થતંત્ર સહિત ભારત અને ચીન જેવા અગ્રણી એશિયાઈ દેશોના રોકાણ અને હિતોને પણ ફટકો વાગ્યો છે.

અમેરિકાએ ઈરાનના ચાબહાર પોર્ટ પર મિસાઈલથી એટેક કરતા ભારત સંચાલિત 'શાહિત બેહેશ્તી' પોર્ટ ટર્મિનલને મોટું નુકસાન પહોંચ્યું છે, અહીં ભારતે કરોડો રૂપિયાનું રોકાણ કર્યું છે. શાહિત બેહેશ્તી ટર્મિનલનું સંચાલન ભારત એક 10 વર્ષના કરાર હેઠળ કરી રહ્યું છે. આ બંદર ભારતને પાકિસ્તાનનો ઉપયોગ કર્યા વગર સીધા અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધી પહોંચવાની સુવિધા આપે છે. તે 'ઈન્ટરનેશનલ નોર્થ-સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર' (INSTC) નો પણ અત્યંત મહત્વનો ભાગ છે. જો આ બંદર લાંબા સમય સુધી બંધ રહેશે, તો ભારતની પ્રાદેશિક કનેક્ટિવિટી અને વેપાર યોજનાઓ ખોરવાઈ શકે છે.

બીજી તરફ, અમેરિકાએ ચીન અને ઈરાનને જોડતા એક વ્યૂહાત્મક રેલ્વે બ્રિજને પણ ટાર્ગેટ કર્યો છે. કહેવાય છે કે, આ રેલવે બ્રિજ ચીન અને ઈરાન વચ્ચેના વેપારનો મુખ્ય માર્ગ છે. ગુરુવારે સવારે ઉત્તર-પૂર્વીય ગોલેસ્તાન પ્રાંતમાં આવેલા 'ઓગટે ખાન' રેલેવે બ્રિજ પર હુમલો થતાં તેને વ્યાપક નુકસાન થયું હતુ. આ પુલ ચીન, તુર્કમેનિસ્તાન અને ઈરાનને જોડતા રેલવે કોરિડોરનો મુખ્ય હિસ્સો છે. આ માર્ગ તેહરાન અને ઈરાનના સૌથી મોટા વેપારી ભાગીદાર ચીન વચ્ચે માલસામાનની હેરફેર માટે વપરાતો હતો. આ ઉપરાંત, ઈરાનના દરિયાઈ બંદરો પર અમેરિકી નાકાબંધી દરમિયાન રશિયા સુધી માલસામાન મોકલવા માટે પણ આ જ ટ્રેન રૂટનો ઉપયોગ થતો હતો. આ હુમલો એવા સમયે થયો જ્યારે ઈરાને તેહરાન અને મશહદ વચ્ચેની પેસેન્જર ટ્રેન સેવા થંભાવી છે. જો કે ઈરાને હજુ સુધી આ અંગે સત્તાવાર વિસ્તૃત વિગતો જાહેર નથી કરી.

મહત્વની વાત એવી છે કે, અમેરિકાના હુમલા સામે ઈરાને તેનો બદલો લેવા કુવૈત તથા બહેરિનમાં રહેલા અમેરિકી સેના મથકો ઉપર જોરદાર હુમલા કર્યા હતા. અમેરિકાએ ઈરાનના 90 ઠેકાણા પર નિશાન સાધતા બંને દેશો વચ્ચે યુદ્ધ શરૂ થઈ ગયું છે. જેથી દુનિયાના 20% ઓઈલ સપ્લાય માટે મહત્વના ગણાતા હોર્મુઝ જળમાર્ગમાં અવરોધ ઊભો થવાની આશંકા છે. વૈશ્વિક તણાવ કે યુદ્ધની સ્થિતિમાં ભારતીય શેરબજારમાં મોટો કડાકો જોવા મળ્યો હતો. આ યુદ્ધ લાંબુ ચાલશે તો નાના-મોટા તમામ રોકાણકારોના નાણાં ડૂબવાનું જોખમ વધી જશે. બીજી તરફ ઈઝરાયલે ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ સામે લેબેનોનમાં પણ પોતાની સૈન્ય કાર્યવાહી ખૂબ જ તેજ કરી દીધી છે.

ઈઝરાયલી મીડિયાના અહેવાલો મુજબ, નેતન્યાહૂએ પબ્લિક સેરેમની કેન્સલ કરીને સુરક્ષા અધિકારીઓ સાથે બંધ બારણે લાંબી બેઠક યોજી હતી. જેમાં ઈરાન સાથે વધતો તણાવ, સ્ટ્રેટ ઑફ હોર્મુઝ પર અમેરિકા-ઈરાન વચ્ચેનો ટકરાવ અને લેબેનોનની વર્તમાન સ્થિતિ પર ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. ઈઝરાયલનું માનવું છે કે ઈરાન માત્ર ન્યુક્લિયર ક્ષમતાથી જ નહીં, પરંતુ મિસાઈલો, ડ્રોન્સ અને હિઝબુલ્લાહ તેમજ હમાસ જેવા સંગઠનો દ્વારા ઈઝરાયલને ચારેય તરફથી ઘેરી રહ્યું છે. નેતન્યાહૂની વ્યૂહનીતિ હંમેશાં ઈરાનને એકલું પાડી દેવાની રહી છે. ફેબ્રુઆરીના હુમલામાં ઈરાનને ઘણું નુકસાન થયું હતું, પરંતુ તેની ક્ષમતા પૂરી થઈ નથી.

હકીકતમાં ઈઝરાયલ પાસે ઈરાન પર હુમલો કરવાની તાકાત છે, પરંતુ આ મોટા યુદ્ધને લાંબા સમય સુધી લડવા માટે તેને અમેરિકાના મજબૂત સમર્થનની જરૂર પડશે. જોકે, ઈઝરાયલ પોતાની સુરક્ષાને સર્વોપરી માને છે. તેથી યુદ્ધની સ્થિતિમાં તેને અમેરિકા સાથે પણ અનેકવાર મતભેદો સર્જાયા છે. જો ઈઝરાયલ આગામી સમયમાં કોઈ મોટું ઓપરેશન હાથ ધરે, તો તે ઈરાનના બાકી રહેલા ન્યુક્લિયર સાઈટ્સ પર હુમલો કરી શકે છે અથવા લેબેનોનમાં મોટું ગ્રાઉન્ડ ઓપરેશન શરૂ કરી શકે છે. પરંતુ આ રસ્તો ઈઝરાયલ માટે પણ પડકારજનક છે, કારણ કે લાંબા યુદ્ધના કારણે ઈઝરાયલની અર્થવ્યવસ્થા અને સેના પર ભારે દબાણ છે.

જો ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનો આ ટકરાવ હજુ વધશે, તો આખું મિડલ ઈસ્ટ યુદ્ધની આગમાં હોમાઈ શકે છે. સાઉદી અરેબિયા અને અબુ ધાબી (યુએઈ) જેવા દેશો ઈરાનના ડરથી શાંતિપૂર્વક ઈઝરાયલનું સમર્થન કરી રહ્યા છે, જ્યારે બીજી તરફ રશિયા અને ચીન ઈરાનના પક્ષમાં ઊભા છે, જે વૈશ્વિક સમીકરણોને વધુ જટિલ બનાવે છે.



manoj1968@yahoo. ca






# વીજપોલના વળતર માટે જેતપર ઉગ્ર બનતું ખેડૂત આંદોલન

## જેતપુર અને મોરબીમાં આંદોલનની વ્યાપક અસર, રાજ્ય સરકારની ડબલ વળતરની જાહેરાત છતાં ખેડૂતોને વિશ્વાસ થતો નથી

**મોરબી**

મોરબીના જેતપર ગામેથી શરૂ થયેલ વીજપોલના વળતર માટેનું આંદોલન હવે પાર્ટ ૩ તરફ આગળ વધી રહ્યું છે તેના ભાગરૂપે જેતપર ગામે સૌરાષ્ટ્રના 12 જિલ્લામાંથી ખેડૂત આગેવાનોને બોલાવવામાં આવ્યા હતા. તેઓની સાથે ચર્ચા વિચારણા કરીને ખેડૂતોના સૂચનો મેળવવામાં આવ્યા હતા ત્યારે ખેડૂતોના ખેતરમાંથી થાંભલા ઉખેડવામાં આવે કે ન આવે પણ 2027 માં ખેડૂત વિરોધી સરકારને ઉખેડી નાખવાની ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી હતી.

જેતપર ગામે 19 દિવસ સુધી ખાનગી વીજ કંપનીના વીજપોલ સામે વધુમાં વધુ વળતર માટે ખેડૂતો દ્વારા આમરણાંત ઉપવાસ આંદોલન કરવામાં આવ્યુ હતું અને ત્યારબાદ ઉપવાસીઓની તબિયત લથડી રહી હોવાથી તેઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને ગામની દીકરીઓના હસ્તે ઉપવાસીઓના પારણા કરવામાં આવ્યા



હતા. જો કે, સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીના વળતર માટે નવો પરિપત્ર કરવામાં આવ્યો હતો તેનો જેતપર ગામના ખેડૂતોએ અસ્વીકાર કરીને આંદોલન પાર્ટ ૩ ની જાહેરાત કરવામાં આવી હતી.

જો બળજબરીથી ખેડૂતોમાં ખેતરની અંદર વીજપોલ ઉભા કરવા માટેની કામગીરી સરકાર દ્વારા કરાવવામાં આવશે તો ખેડૂતોના ખેતરમાંથી વીજપોલ ઉખેડવામાં આવે કે નહીં, પરંતુ 2027માં આવનાર ચૂંટણીમાં સરકારને ગુજરાતમાંથી ઉખડી નાખવામાં આવશે તેવો હુંકાર ખેડૂતો દ્વારા આંદોલનના મંચ ઉપરથી કરવામાં આવ્યો હતો

13 જેટલા જિલ્લાના ખેડૂતોની સાથે બેઠકનું આયોજન કર્યું હતું જેમાં સાબરકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર, અમદાવાદ, આણંદ, વડોદરમ ભચ, સુરત, વાવ-થરાદ, મહેસાણા, ગાંધીનર અને નર્મદા જિલ્લાનો સમાવેશ થાય છે. આ બંને બેઠકો પૂર્ણ થયા બાદ આગામી દિવસોમાં જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયત વાઈઝ ખેડૂતોની સમિતિઓ બનાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, સરકાર દ્વારા બે દિવસ પહેલાં જ ડબલ વળતરની જાહેરાત કરવામાં આવી છતાં ખેડૂતોને તેના પર ભરોસો નથી.

# ખંભાળિયામાં લૂંટ-હત્યાકાંડમાં પુરાવા નષ્ટ કરવામાં સામેલ સૂત્રધાર ઝડપાયો

**દ્વારકા**

જિલ્લાના ખંભાળિયામાં વેપારી આસિફભાઈ ઓસમાણભાઈ લાખાની નિર્મમ હત્યા અને લાખોની લૂંટના ચકચારી કેસમાં સ્થાનિક પોલીસને વધુ એક મોટી સફળતા મળી છે. પોલીસે આ ગુનાહિત કાવતરામાં મુખ્ય ભૂમિકા ભજવનાર ત્રીજા આરોપીની ધરપકડ કરી લીધી છે. પકડાયેલો આરોપી માત્ર આ ઘટનાનો મદદગાર નહોતો, પરંતુ હત્યાનું કાવતરું ઘડવાથી લઈને પુરાવા નષ્ટ કરવામાં પણ તેની સક્રિય સંડોવણી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. ખંભાળિયામાં વેપારી આસિફભાઈ લાખાને વિશ્વાસમાં લઈ બોલાવ્યા બાદ તેમની ઘાતકી હત્યા કરવામાં આવી હતી અને તેમના શરીર પરથી અંદાજે રૂ. 24.50 લાખની કિંમતના 35 તોલા સોનાના દાગીનાની લૂંટ ચલાવીને ગુનેગારો ફરાર થઈ ગયા હતા.

આ સનસનાટીભર્યા કેસની ઊંડાણપૂર્વક તપાસ કરી રહેલી ખંભાળિયા પોલીસે અગાઉ મુખ્ય આરોપી હસમુખભાઈ ભારમલભાઈ આસાણી અને કાયદાના સંઘર્ષમાં આવેલા એક કિશોરને ઝડપી લીધા હતા. આ બંનેની પૂછપરછ અને તપાસના આધારે હવે પોલીસે ત્રીજા આરોપી રવિભાઈ ગુરુભાઈ ગામણાની ધરપકડ કરી છે.

# ગંભીરા બ્રિજ દુર્ઘટનાને એક વર્ષ પૂર્ણ થયું નોકરીએ જતાં નરસિંહપુરાનો યુવાન હજી ગૂમ

## જુલાઈ વર્ષ 2025માં ગંભીરા બ્રિજની ઘટનામાં 22 વ્યક્તિના મોત નીપજ્યા હતા

**વડોદરા**

જિલ્લાના પાદરા તાલુકામાં મુજપુર પાસે મહીસાગર નદી પરનો ગંભીરા બ્રિજ તૂટી પડ્યાની ઘટનાની ગુરુવારે પ્રથમ વરસી હતી. આ કમનસીબ ઘટનામાં બ્રિજ પરથી નદીના પાણીમાં ખાબકેલા પાદરા તાલુકાના નરસિંહપુરા ગામના યુવાનનો હજી સુધી પત્તો નહીં મળતા હવે પરિવારજનો તેનું ડેથ સર્ટિફિકેટ મળે તેની રાહ જોઈ રહ્યા છે.

વિક્રમ પઢિયાર અને પિતરાઈ રાજેશ ચાવડા બંને રાત્રે મિત્રની બર્થ ડે મનાવી સવારે સાથે કંપનીમાં જતા હતાં. ઉલ્લેખનીય છે કે વર્ષ-2025માં જુલાઈ માસની 9મી તારીખની સવાર વડોદરા જિલ્લા માટે હંમેશા યાદ રહી જાય તેવી છે. પાદરા તાલુકાના ગામો તેમજ આણંદ જિલ્લાના ગામોને જોડતા મહી નદી પરનો ગંભીરા બ્રિજનો એક ભાગ તૂટી પડતા સવારે નોકરી પર જતા તો કોઈ કામ ધંધા પર જતા વાહનો એક પછી એક નદીમાં ખાબક્યા હતાં અને આ કમનસીબ ઘટનામાં 22 નિર્દોષ વ્યક્તિઓનો ભોગ લેવાયો હતો. ખખડધજ બ્રિજ હોવા છતાં તેને ભારેખારી વાહનો માટે બંધ ના કરાયો અને મોટી દુર્ઘટનાએ સમગ્ર રાજ્યને હચમચાવી નાખ્યું હતું. ગંભીરા બ્રિજની આ ઘટનામાં 22 વ્યક્તિના મૃતદેહો મળ્યા હતા પરંતુ પાદરા તાલુકાના નરસિંહપુરા ગામના યુવાનની લાશ એક વર્ષ થવા છતાં મળી નથી. બ્રિજ દુર્ઘટનામાં હજી સુધી લાપત્તા વિક્રમ પઢિયારના પિતાએ જૂની ઘટનાને યાદ કરતા જણાવ્યું હતું કે તે દિવસ કદી વિસરાય તેમ નથી.

# વડોદરામાં માતાપિતા બાજુના રૂમમાં હતાં ને પૂજારીએ સગીરાને હવસનો શિકાર બનાવી

## સગીરાએ કેમેરા ગોઠવી કરતૂતનો વીડિયો ઉતારી લેતા મામલો બહાર આવ્યો

**વડોદરા**

વડોદરામાં રહેતી એક સગીરાને વારંવાર ગુસ્સો આવતો હતો. દીકરીનો સ્વભાવ ચીડિયો થઈ જતાં માતા-પિતાએ પૂજારીનો સંપર્ક કર્યો હતો. પૂજારીએ વિધિના બહાને સગીરાને બીજા રૂમમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. પૂજારીએ પીડિતાને ધમકી પણ આપી હતી. સગીરાએ માતા-પિતાને વાત કરીશ તો તેઓ લડશે તેમ માની તેના માનેલા ભાઈને વાત કરી હતી. બીજી વખત વિધિ કરવા પૂજારી ઘરે આવ્યો ત્યારે સગીરાએ હિંમત બતાવી મોબાઈલ સંતાડીને ગોઠવી દેતાં પૂજારીની તમામ હરકત કેદ થઈ હતી. જે બાદ સગીરાએ પોલીસનો સંપર્ક કરતાં આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. ઘટના અંગે પોલીસે જણાવ્યું કે, એક સગીર દીકરીએ આવીને પોતાની સાથે થયેલા દુષ્કર્મ અંગે વાત કરી હતી. જે બાદ કેસ નોંધીને તપાસ શરૂ કરવામાં આવી હતી અને આરોપી પૂજારીની ધરપકડ કરી હતી. દીકરીને વારંવાર ગુસ્સો આવતો હોવાથી તેનો સ્વભાવ સુધારવા માતા-પિતાએ એક પૂજારીને વિધિ કરવા ઘરે બોલાવ્યો હતો. પૂજારી ઘરે બે વાર આવ્યો હતો. પહેલીવાર તેણે દીકરી સાથે ખોટું કામ કર્યું અને ધમકી આપી હતી. દીકરી ગભરાઈ ગઈ હતી કે જો તે ઘરમાં કહેશે તો માતા-પિતા તેને જ વઢશે. પૂજારી જ્યારે બીજી વાર આવ્યો ત્યારે વીડિયો પુરાવાના આધારે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

# માંજલપુર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી : ભાજપમાં ટિકિટ માટે રાફડો

## 100થી વધુ કાર્યકરોએ ચૂંટણી લડવા મેદાને આવ્યા

**ગાંધીનગર**

માંજલપુર વિધાનસભા બેઠકની આગામી પેટાચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીમાં ભારે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ભાજપ કાર્યાલય ખાતે યોજાયેલી સેન્સ લેવાની પ્રક્રિયામાં કાર્યકરોનો અભૂતપૂર્વ ઉત્સાહ અને ટિકિટ માટેની ખેંચતાણ સ્પષ્ટપણે જોવા મળી હતી. આ બેઠક પર ધારાસભ્ય પદ માટે ચૂંટણી લડવા ઈચ્છતા કુલ 100થી વધુ કાર્યકરોએ ચૂંટણી લડવા મેદાને આવ્યા છે. જેના કારણે પક્ષ માટે ઉમેદવારની પસંદગી માટે પડકાર રૂપ નીવડી શકે છે. પ્રદેશ ભાજપ દ્વારા ઉમેદવારોના નિરીક્ષણ માટે ત્રણ વરિષ્ઠ નેતાઓને નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા છે. જેમાં ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદી, ધારાસભ્ય અને પૂર્વ મંત્રી બળવંતસિંહ રાજપૂત, તેમજ પૂર્વ પ્રદેશ મંત્રી સીતાબેન નાયકનો જવાબદારી સોંપવામાં આવી છે. આ નિરીક્ષકો સમક્ષ 100 માંથી અંદાજે 90 જેટલા કાર્યકરોએ રૂબરૂમાં હાજર રહીને પોતાના બાયોડેટા રજૂ કર્યા હતા.

# રાજકોટમાં રૂપિયા 2.25 કરોડની લૂંટની ટીપ આપનારો ઓળખાયો, વધુ ચારની ધરપકડ

## રોકડા 1.50 લાખ, રેકીમાં ઉપયોગમાં લીધેલી તુફાન ગાડી, બાઇક કબજે

**રાજકોટ**

શાપરમાં રહેતા જીતેન્દ્રસિંહ જાડેજાને બંધક બનાવી અઢી કરોડની મત્તાની લૂંટમાં ટીપ આપનારની એલસીબીએ ઓળખ મેળવી લીધી છે. તેનું નામ બહાદુર નજરુ બબેરીયા છે. મૂળ મધ્યપ્રદેશના જાંબુઆ જિલ્લાનો વતની છે. તે છ વર્ષ પહેલાં જીતેન્દ્રસિંહની વાડી ભાગમાં વાવતા પ્રવિણ પટેલ સાથે પેટા ભાગીયા તરીકે કામ કરતો હતો. દરમિયાન તેને તેમના ઘરે મોટી સંખ્યામાં સોનાના દાગીના અને રોકડ રકમ રહેતી હોવાની જાણ થઈ હતી. તેની ટીપના આધારે જ પછીથી રાજકોટ જિલ્લાના ઈતિહાસની સૌથી મોટી લૂંટને અંજામ આપવામાં આવ્યો હતો. જોકે બહાદુર હજુ એલસીબીના હાથમાં આવ્યો નથી. પીઆઇ જે.પી. રાવ અને પીએસઆઇ એચ.સી.ગોહિલે લૂંટમાં સીધા સંડોવાયેલા વીજન નજરુ માવી ઉપરાંત રેકી કરી મકાન દેખાડવામાં ભૂમિકા ભજવનાર રામેશ્વર ઉર્ફે પપ્પુ કેહજી મચ્છાર, રાજુ કલમસિંગ જીતરા અને સાગર ઉર્ફે સાગરીયા ગુલબાભાઇ મેડા સહિત વધુ ચાર આરોપીઓની ધરપકડ કરી છે. તમામ આરોપીઓ પાસેથી રોકડા રૂપિયા ૧૨.૫૦ લાખ, અગાઉ રેકીમાં ઉપયોગમાં લીધેલી તુફાન ગાડી, બાઇક, ચાર મોબાઇલ ફોન સહિત રૂા.૧૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

# ગુંદાળા ગામે યુવકના મોતનો ઘટસ્ફોટ માતા-પિતા જ નીકળ્યાં પુત્રનાં હત્યારા

## પિતાએ માર માર્યા બાદ ગળેટૂંપો આપીને મોતને ઘાટ ઉતારી દીધો હતો

**રાજકોટ**

રાજકોટના ગોંડલ તાલુકાના ગુંદાળા ગામમાં મૃતક યુવાન રામ પિતા બાબુભાઈ ઉર્ફે અતુલ બાંભવા અને માતા મનીષાબહેન ઉર્ફે મોતીબહેન સાથે અવારનવાર વિવાદ થતો હતો. 30 જૂને ઝઘડો એટલો હિંસક બન્યો અને માતાએ પોતાના જ પુત્રને એસિડ પીવડાવી દીધું હતું, જ્યારે પિતાએ તેને બેરહેમીથી માર માર્યા બાદ ગળેટૂંપો આપીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. પુત્રની હત્યા કર્યા બાદ આરોપી પિતાએ ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ઝડપથી પેનલ પોસ્ટમોર્ટમ (PM) થઈ જાય અને હત્યાનો મામલો દબાઈ જાય તે માટે સ્થાનિક રાજકીય આગેવાનો અને નેતાઓ મારફતે વહીવટી તંત્ર પર ભલામણો પણ કરાવી હતી. આ કાવતરું નિષ્ફળ જતાં આરોપીઓએ સમાજમાં એવી વાત ફેલાવી દીધી કે રામ દારૂ પીતો હતો અને ઘરમાં ઝઘડા કરતો હોવાથી તેણે આપઘાત કર્યો છે.

જોકે, પોલીસની સઘન તપાસમાં સામે આ જૂઠાણું ટકી શક્યું નહોતું અને સમગ્ર પાપનો ભાંડો ફૂટી ગયો હતો. મૃતકની પત્ની બંસીબહેન બાંભવાએ પોતાના સાસુ અને સસરાના આ ક્રૂર કૃત્ય સામે અવાજ ઉઠાવી ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.





# સુરતમાં જળપ્રલય / કરંટ-ડૂબી જવાથી 13ના મોત, 3416નું રેસ્ક્યૂ, 3862 લોકોનું સ્થળાંતર કરાયું

## મીઠી ખાડી વિસ્તારમાં 143થી વધુ લોકોને રેસ્ક્યૂ બાદ સુરક્ષિત સ્થળે ખસેડાયા, એનડીઆરએફની ટીમ પણ જોતરાઈ

**સુરત**

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં છેલ્લા 5 દિવસથી ભારેથી અતિભારે વરસાદી માહોલ રહ્યો હતો. જેમાં સુરત, જૂનાગઢના માંગરોળ, વલસાડ સહિતના જિલ્લાઓમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. મંગળવારે સુરતના કામરેજ, પલસાણા સહિતના તાલુકામાં 17 ઈંચથી વધુ વરસાદ ખાબકતાં અનેક વિસ્તારો જળમગ્ન થયા હતા. જ્યારે સુરત શહેરમાં છેલ્લાં 38 કલાકમાં 19 ઈંચ વરસાદ નોંધાયો હતો. અતિભારે વરસાદ થતાં પૂરની સ્થિતિમાં સુરતમાં તારાજીના દ્રશ્યો જોવા મળ્યા હતા. સુરતમાં એક જ દિવસમાં 11 ડૂબવાથી, 1 કરંટથી મળીને કુલ 13 લોકોના મોત નીપજ્યાં હોવાનું જણાયું હતું. સુરતમાં સ્થાનિક તંત્ર, NDRF-SDRFની ટીમ દ્વારા બચાવની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં 8 જુલાઈ સાંજે 5 વાગ્યા સુધીમાં 3,416 લોકોને રેસ્ક્યૂ કરાયા હતા તેમજ 3862 લોકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યા હતા.



સુરતમાં અતિભારે વરસાદી કહેરની સ્થિતિમાં એક દિવસમાં કરંટ, ડૂબવા સહિતની દુર્ઘટનામાં કુલ 13ના મોત નીપજ્યા હોવાનું જણાયું હતું. જેમાં ડિંડોલી, પુણાગામ, પાંડેસરા, રાંદેર સહિતના વિસ્તારોમાં બનેલી દુર્ઘટનામાં લોકોના મોત થયા હતા.

સુરતના પલસાણા, કામરેજ, સુરત સિટી, બારડોલી, અંબિકા સહિતના વિસ્તારોમાં 10-10 ઈંચથી વધુ વરસાદ ખાબકતાં અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ચારેય બાજુ પાણી-પાણીના દ્રશ્યો જોવા મળ્યા હતા, ત્યારે પૂરની સ્થિતિથી જનજીવન ખોરવાયું હતું. સુરતમાં જળબંબાકારની સ્થિતિમાં ફસાયેલા અનેક લોકોનું તંત્ર દ્વારા રેસ્ક્યૂ કરીને સુરક્ષિત જગ્યાએ સ્થાળાંતર કરવામાં આવ્યા હતા.

સુરતના અનેક તાલુકામાં અતિભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. જ્યાં જોઈએ ત્યાં પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. પાંડેસરા વિસ્તારના કૃષ્ણનગર અને ગઢા નગરના ગળાડૂબ પાણીમાં ફસાયેલા 150થી વધુ લોકો, SDRFની ટીમે અને પાંડેસરા સ્થિત શ્રીરામ નગર સોસાયટીમાં NDRFની ટીમ દ્વારા 36 પુરુષો, 27 મહિલાઓ, 22 બાળકો એમ કુલ 85 લોકોનું રેસ્ક્યૂ કર્યું હતું. બીજી તરફ, સુરતના મીઠી ખાડી વિસ્તારમાં પાણીમાં ફસાયેલા 71 પુરુષ, 53 મહિલા અને 19 બાળકો સહિત કુલ 143થી વધુ લોકોને NDRFના જવાનો દ્વારા રેસ્ક્યૂ કરીને સુરક્ષિત જગ્યાએ ખસેડવામાં આવ્યા હતા.

## 18 ઈંચ વરસાદથી સુરત ઠપ્પ, સ્કૂલ-કોલેજો, માર્કેટ સહિત બધું બંધ, લોકો ઘરોમાં કેદ

શહેરમાં 18 ઈંચ વરસાદે શહેરને ઠપ્પ કરી દીધું છે. સ્કૂલ-કોલેજો, માર્કેટ સહિત બધું બંધ છે. લોકો ઘરોમાં કેદ થઈ ગયા છે. હવામાન વિભાગે આજે પણ સુરતમાં રેડ એલર્ટ આપ્યું છે. જેના કારણે લોકોની ચિંતા વધી ગઈ છે. ભારે વરસાદના કારણે શહેરમાં પાણી ભરાઈ જતા લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. સૌથી વધુ વરસાદ વરાછા અને કતારગામ ઝોનમાં પડતા લોકોના ઘર અને દકાનમાં પાણી ભરાઈ ગયા હતા. કેટલાક વિસ્તારમાં કમરસમા પાણી હોવાને કારણે લોકોએ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. વાહનો બંધ થઈ જવાને કારણે લોકો વાહનોને ધક્કા મારતા જોવા મળ્યા હતા. વરાછા માંથી પસાર થતી સિમાડા ખાડી અને ઉધના વિસ્તાર માંથી પસાર થતી ભેદવાદ ખાડી ઓવરફલો થવાને કારણે નિચાણવાળા વિસ્તારોમાં પાણી ઘુસી ગયા હતા. જેને પગલે મનપા દ્વારા 2280થી વધુ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

ભારે વરસાદને કારણે શહેરની કેટલીક સોસાયટી ટાપુમાં ફેરવાઈ ગઈ હતી. વરસાદને કારણે લોકો ઘરની બહાર પણ નિકળી શક્યા નહોતા. ઠેરઠેર પાણી ભરાવાના કોલ ફાયર બ્રિગેડમાં નોંધાતા મનપાનું તંત્ર દોડતું થયું હતું. પરંતુ વરસાદનું જોર એટલું બધ હતું કે વરસાદ સામે મનપાનું તંત્ર લાચાર બન્યું હતું.

## ભાજપના પૂર્વ મંત્રીએ જ પ્રશાસન સામે ખોલ્યો મોરચો, કહ્યું-'બેઠકો ઘણી, આયોજન શૂન્ય

સુરતના પલસાણા, કામરેજ, સુરત સિટી સહિતના વિસ્તારોમાં અતિભારે વરસાદથી અનેક વિસ્તારો જળમગ્ન થયા છે. આમ, સુરતમાં વરસાદી આફત વચ્ચે ભાજપના જ પૂર્વ મંત્રી કુમાર કાનાણીએ તંત્ર સામે ખોલ્યો મોરચો છે. વરસાદી પૂરની સ્થિતિ વચ્ચે કાનાણીએ તંત્ર સામે આક્રોશ વ્યક્ત કરતાં ગંભીર સવાલો કરી કહ્યું કે, 'બેઠકો ઘણી, પણ આયોજન શૂન્ય છે. લાખો લોકોના ઘરમાં પાણી ઘૂસ્યા છે, ત્યારે ગયા વર્ષની સમીક્ષા માત્ર કાગળ પર રહી છે. આમ, લાખો લોકોની હાલાકી માટે વહીવટી તંત્ર જવાબદાર છે. જેમાં ટેક્નિકલ સર્વે કરીને વરસાદી પાણી ડાયવર્ટ કરવાની જરૂર છે, પરંતુ આયોજનના અભાવે લાખો લોકો મુશ્કેલીમાં મૂકાયા છે, ત્યારે કાયમી ઉકેલ લાવવામાં વહીવટી તંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ ગયું છે.' ભારે વરસાદ બાદ સુરતની અનેક ખાડીઓ ઓવરફ્લો થતાં શહેરના વિસ્તારોમાં પાણી ઘરોમાં ઘૂસી ગયા છે. વરસાદ બંધ થયાના બીજા દિવસે પણ અનેક વિસ્તારોમાં પાણી ઓસર્યા નહોતા, જેના કારણે હજારો પરિવારો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણીએ જણાવ્યું હતું કે, 'ગયા વર્ષે પણ ખાડી પૂર બાદ ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. તેમાં કાયમી ઉકેલ માટે અનેક દાવા અને આયોજનની જાહેરાત કરવામાં આવી હતી.

## ગ્રાઉન્ડ ફ્લોરની હજારો દુકાનોમાં પાણી ઘૂસતાં કરોડનો માલ બરબાદ

સુરતમાં એપાર્ટમેન્ટના બેઝમેન્ટ અને ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી હજારો દુકાનોમાં વરસાદી પાણી ઘૂસી જતાં કરોડો રૂપિયાનો માલસામાન બરબાદ થયો છે. બેઝમેન્ટમાં પાર્ક કરેલા અનેક વાહનોને પણ ભારે નુકસાન થયાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. વરાછા, ભટાર, અડાજણ, પાલનપુર, ઉધના, લિંબાયત સહિતના વિસ્તારમાં બેઝમેન્ટ અને ગ્રાઉન્ડ ફ્લોરની દુકાનોમાં ઘૂંટણથી લઈને કમર સુધી પાણી ભરાઈ ગયા હતા. કાપડ, ઈલેક્ટ્રોનિક્સ, કરિયાણું, ફર્નિચર, મોબાઈલ, કોસ્મેટિક્સ સહિતના વિવિધ પ્રકારના વેપારને ભારે નુકસાન પહોંચ્યું છે. અનેક સ્થળોએ ફ્રિજ, કમ્પ્યુટર, મશીનરી અને અન્ય ઈલેક્ટ્રિક સાધનો પણ પાણીમાં ગરકાવ થતાં નુકસાનનો આંકડો સતત વધી રહ્યો છે.

## શહેર પાણીમાં ને અધિકારીઓની નાસ્તા પાર્ટી



મંગળવારે સુરત પાણીમાં હતુ ત્યારે મહાનગરપાલિકાના તાપી ભવન ખાતે વિવિધ સમિતિઓના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષોની નિમણૂક બાદ ભાજપના હોદ્દેદારો, નવા પદાધિકારીઓ અને તેમના સમર્થકોની નાસ્તા પાર્ટીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. તેથી તેની ચોતરફથી ટીકા થઈ હતી.

## યુવક 3 કલાક થાંભલો પકડીને મોત સામે ઝઝૂમ્યો, બાઈક પાણીમાં ડૂબ્યુ

સુરતના ભરથાણા આઉટ ઓફ રિંગ રોડ વિસ્તારમાં ભારે વરસાદ બાદ ભરાયેલા પાણીમાં એક યુવક સાંજે અંદાજે 5:30 વાગ્યાથી ફસાઈ ગયો હતો. પાણીના જોરદાર પ્રવાહમાં તેની બાઈક અને બેગ બંને તણાઈ ગયા હતા. પોતાનો જીવ બચાવવા માટે યુવકે રોડની બાજુમાં આવેલી ફેન્સિંગના થાંભલાને પકડી રાખ્યો હતો. આ દરમિયાન અંધારું થઈ ગયું હતું. જોકે, યુવકે કોઈની નજર પોતાના પર પડે તે માટે પોતાની પાસે રહેલા મોબાઈલની ટોર્ચ એટલે કે ફ્લેશલાઈટ ચાલું રાખી હતી. જે બાદ કોઈકે પોલીસ-ફાયર બ્રિગેડને કોલ કર્યો પરંતુ કોઈ આવ્યું ન હતું આખરે એક સેવા ટ્રસ્ટને આ અંગેની જાણ થતાં તેમણે તાત્કાલિક ત્યાં પહોંચીને યુવકને બચાવી લીધો હતો.

## નવસારી આખું જળમગ્ન, 115 રસ્તા બંધ, રાતોરાત 2000 રેસ્ક્યુ કરાયું

નવસારી : દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. ગત મંગળવારે નવસારી તાલુકામાં 24 કલાકમાં 16.16 ઈંચ એટલે કે 388 મિમી રેકોર્ડબ્રેક વરસાદ પડતાં સમગ્ર શહેર જળબંબાકાર થયું. પૂર્ણા નદી 23 ફૂટની ભયજનક સપાટી વટાવી 27 ફૂટે પહોંચી હતી, હાલ 24 ફૂટે વહી રહી છે. કાશીવાડીમાં 9 ફૂટ અને ભેંસત ખાડામાં 7 ફૂટ પાણી ભરાતા અનેક ઘરોમાં નુકસાન થયું. વહીવટી તંત્રએ યુદ્ધના ધોરણે કામગીરી કરી નીચાણવાળા વિસ્તારોમાંથી 2000થી વધુ લોકોને સલામત સ્થળે ખસેડ્યા. જિલ્લાના 115 રોડ બંધ છે. હવામાન વિભાગે આજે પણ રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લામાં ગત મંગળવારે મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં આકાશી આફત સર્જાઈ છે. નવસારી તાલુકામાં માત્ર 24 કલાકમાં રેકોર્ડબ્રેક 16.16 ઈંચ (388 મિમી) જેટલો સાંબેલાધાર વરસાદ ખાબકતા સમગ્ર નવસારી શહેર જળબંબાકાર થઈ ગયું હતું. ભારે વરસાદના કારણે સમગ્ર જિલ્લાનું જનજીવન પ્રભાવિત થયું છે, જેમાં જલાલપોરમાં 11.66 ઈંચ, ગણદેવીમાં 8.16 ઈંચ અને ચીખલીમાં 7.79 ઈંચ વરસાદ નોંધાતા નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થયા છે.

મુશળધાર વરસાદ અને ઉપરવાસમાંથી પાણીની ભારે આવક થવાને કારણે જિલ્લાની પૂર્ણા, અંબિકા અને કાવેરી નદીઓ ગાંડીતુર બની છે. ખાસ કરીને પૂર્ણા નદીના જળસ્તરમાં રાત્રિ દરમિયાન મોટો વધારો થતાં તે પોતાની 23 ફૂટની ભયજનક સપાટી વટાવીને 27 ફૂટે પહોંચી ગઈ હતી.

# બિહારી વેશ ધારણ કરી મુન્દ્રા પોલીસ આરોપીને બિહારથી પકડી કચ્છ લાવી

## આરોપી એક યુવકની હત્યા કરી ફરાર થઇ ગયો હતો

**ભુજ**

કચ્છના મુન્દ્રા પંથકમાં એક અઠવાડિયા અગાઉ થયેલી એક યુવકની ઘાતકી હત્યાનો ભેદ ઉકેલવામાં સ્થાનિક પોલીસને મોટી સફળતા મળી હતી. ગુનો આચરીને વતન બિહાર નાસી ગયેલા હત્યારાને પકડવા માટે મુન્દ્રા પોલીસની ટુકડીએ બિહારના સ્થાનિક ગ્રામજનો જેવો જ વેશ ધારણ કરીને એક અત્યંત ગોપનીય ઓપરેશન પાર પાડ્યું હતું અને આરોપીને ઝડપી પાડી કચ્છ લઈ આવી હતી.

મળતી વિગતો મુજબ, બિહારના સારણ જિલ્લાનો વતની અખિલેશકુમાર ફૂલેના રાય (યાદવ) છેલ્લા પાંચ વર્ષથી મુન્દ્રા શહેરના રાસાપીર સર્કલ પાસે ભત્રીજા રવિકુમાર સાથે રહીને ટ્રાન્સપોર્ટ પેઢીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતો હતો. 1 જુલાઈના રોજ અખિલેશકુમાર ગુમ થયો હતો. તે જ દિવસે તેના પરિચિત મિથિલેશકુમારને અન્ય એક ડ્રાઈવર તર્કેશ્વર યાદવે મોબાઈલમાં અખિલેશનો લોહીલુહાણ ચહેરાવાળો ફોટો બતાવીને કહ્યું હતું કે, "અખિલેશ મર ગયા". મિથિલેશે જ્યારે પૂછ્યું કે તેને કોણે માર્યો, ત્યારે તર્કેશ્વર ત્યાંથી ભાગી છૂટ્યો હતો.

બાદમાં ફોન પર વાત કરતાં તેણે આ ફોટો ફેસબુક પરથી લીધાનું બહાનું બતાવ્યું હતું. આ શંકાસ્પદ હિલચાલને પગલે પરિચિતોએ શોધખોળ કરતાં બીજા દિવસે ટી-પોઈન્ટ સર્કલ નજીક બાવળની ઝાડીઓમાંથી અખિલેશનો મૃતદેહ મળી આવ્યો હતો. ભત્રીજા રવિકુમારની ફરિયાદના આધારે મુંદરા પોલીસે મુખ્ય શકમંદ તર્કેશ્વર વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. હત્યાની ઘટનાને અંજામ આપીને આરોપી તર્કેશ્વર બિહાર નાસી ગયો હોવાનું ટેકનિકલ લોકેશનમાં સ્પષ્ટ થયું હતું. મુન્દ્રા પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ. રાણાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.જે. ઠાકોર, હેડ કોન્સ્ટેબલ દર્શન રઘુભાઈ, મહિપાલસિંહ અને પૃથ્વીરાજસિંહની ટુકડી તાકીદે બિહાર રવાના થઈ હતી.

# રેલનગરમાં ટ્યુશન ટીચર સામે બાળકને ડામ આપ્યા ગંભીર આક્ષેપ

**રાજકોટ**

શહેરના શ્યામજી કૃષ્ણ વર્મા ટાઉનશીપ ફ્લેટ નંબર સી-508માં રહેતા વિશાલ યાદવે પ્રદ્યુમનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સનરાઇઝ સ્કૂલની બાજુમાં શ્યામજી કૃષ્ણ વર્મા ટાઉનશીપના સી-408, રહેતા શિક્ષિકા નિરાલીબેન અશ્વિનભાઈનું નામ આપ્યું છે. ફરિયાદના આધારે પોલીસે બીએનએસની કલમ 352 અને 118 હેઠળ ગુનો નોંધ્યો છે.

ફરિયાદમા યુવાને જણાવ્યું કે તેમનો દીકરો કશ્યપ ઘરની નજીક રહેતા નિરાલીબેનના ઘરે ટ્યુશન ગયો હતો. જ્યાં શિક્ષિકા નિરાલીબેને તેને ગરમ તાવીથા વડે ડાબા પગના સાથળ પર ડામ દીધા હતા. જેથી યુવાન આ બાબતે નિરાલીબેનના ઘરે ઠપકો આપવા ગયો હતો. યુવાનની વાત સાંભળી નિરાલીબેન ઉશ્કેરાઇ ગયા હતા અને કહ્યું તમારો દીકરો લખતો ન હોવાથી મેં આવું કર્યું છે. તેમ છતાં તમારાથી થાય તે કરી લો તેમ કહી મનફાવે તેમ બોલવા લાગ્યા હતા.

# વોટ્સએપ જોવા બાબતે ઝઘડો થતાં પ્રેમીએ પ્રેમિકાનું ગળું કાપી હત્યા કરી

## લાશના ટૂકડા કરી નાખવા જતાં પોલીસે પકડી પાડ્યો

**ભાવનગર**

ભાવનગરનો રહેવાસી 42 વર્ષીય હેમલ ખખરિયા (ઉર્ફે દિલીપ) જૌનપુરના મડિયાહું વિસ્તારની ટીચર્સ કોલોનીમાં ભાડાના મકાનમાં રહેતો હતો. તેની પ્રેમિકા વારાણસીના બાબતપુરની રહેવાસી રેશ્મા ખાતૂન ઉર્ફે સના હતી. ગત 4 જુલાઈની રાત્રે હેમલ સનાને પોતાના ભાડાના રૂમ પર લાવ્યો હતો. સના અન્ય કોઈ યુવક સાથે ફોન પર વાતચીત કરતી હોવાની તેને શંકા હતી. રાત્રે વોટ્સએપ ચેટ જોવા બાબતે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી, જેમાં ગુસ્સામાં આવીને હેમલે સૂતી રહેલી સનાનું છરી વડે ગળું કાપી નાખ્યું હતું અને લાશના ત્રણ ટુકડા કરી દીધા હતા.

આ સમગ્ર મામલાની શરૂઆત ત્યારે થઈ જ્યારે જૌનપુર વિસ્તારમાંથી એક મહિલાની અડધી કપાયેલી લાશ મળી આવી હતી. સર્કલ ઓફિસર વિજય ચૌધરીએ જણાવ્યું કે, સ્થાનિક લોકોની સૂચના મળતાં જ પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને સઘન તપાસ શરૂ કરી હતી.

પોલીસની તપાસ તેજ બનતા આરોપી હેમલ ગભરાઈ ગયો હતો. પોલીસ પોતાના સુધી પહોંચી જશે તેવી આશંકા જતાં જ તે લાશના બાકી રહેલા અંગોને અલગ-અલગ જગ્યાએ ફેંકીને સગેવગે કરવાની ફિરાકમાં હતો. જોકે, મૃતદેહના ટુકડાઓનો નિકાલ કરવા જતી વખતે જ પોલીસે તેને રસ્તામાં આંતર્યો હતો. પોલીસને જોઈને આરોપીએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો અને પોતાને ચારેબાજુથી ઘેરાયેલો જોઈને પોલીસ ટીમ પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું. જવાબી કાર્યવાહીમાં પોલીસે કરેલા ફાયરિંગમાં તેના પગમાં ગોળી વાગતા તે ઢળી પડ્યો હતો અને પોલીસે તેને દબોચી લીધો હતો. પોલીસે આરોપી પાસેથી હત્યામાં વપરાયેલું હથિયાર અને યુવતીના પગ સહિતનો અન્ય સામાન જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Imperial PEST CONTROL

Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking
Free Estimates & Written Guarantee
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

| Brampton (West) | Scarborough | we are back to Great Punjab |
|---|---|---|
| 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM | 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM | 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM |

Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MONDAY WEEKLY OFF
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# માસિક 3 ટકા વળતરની લાલચે 6 સાથે રૂ. 80 લાખની ઠગાઈ

### શરૂઆતમાં નિયમિત વળતર મળશે તેવો વિશ્વાસ સંપાદન કર્યા બાદ ઠગાઈ કરાઈ, વધુ લોકો ભોગ બન્યા હોવાની આશંકા

**રાજકોટ**

રોકાણકારોને ઊંચા વળતરની લાલચ આપી રૂા.૮૦ લાખની ઠગાઈ કરવા અંગે શિતલ પાર્ક સર્કલ પાસે ધ સ્પાયર-૨ બિલ્ડિંગમાં જાડેજા બ્રધર્સ ગેઈન સર્વિસ નામે ઓફિસ ધરાવતાં રાજદીપસિંહ જાડેજા (રહે. ભવનાથનગર-૨, ગોંડલ) વિરુદ્ધ ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. ઠગાઈનો આંક વધે તેવી શક્યતા પોલીસે દર્શાવી છે.

ગાયત્રીનગર સોસાયટીમાં રહેતાં જાગૃતિબેન પંકજભાઈ જોષી (ઉ.વ.૭૨) બાઈસાહેબબા સ્કૂલમાં પ્રિન્સિપાલ તરીકે નિવૃત થયા છે. હાલ બ્રહ્માકુમારીઝ (આધ્યાત્મિક) સંસ્થા સાથે જોડાયેલા છે. તેમણે પોલીસને જણાવ્યું કે, પુત્ર ચિન્મય અને તેની પત્ની નાયકાબેન કોર્પોરેટ જોબ માટે ટ્રેનિંગ આપવાનું કામ કરે છે. પુત્રી કૃપલબેન બ્રહ્માકુમારીઝમાં સમર્પિત થયા છે. અને હાલ ગાંધીનગર રહે છે.

તેમની સોસાયટીમાં સ્થિત બ્રહ્માકુમારીઝ આશ્રમમાં આવતા સાવિત્રીબેન પટેલ અને તેની પુત્રી નિધિ સાથે ઓળખાણ થઈ હતી. ૨૦૨૩માં નિધિએ કહ્યું કે, તે જાડેજા બ્રધર્સ ગેઈન સર્વિસ નામની કંપનીમાં નોકરી કરે છે. તેની કંપની અલગ-અલગ કંપનીમાં રોકાણ કરે છે અને સારું વળતર આપે છે. તેણે પણ રોકાણ કર્યું છે. હાલ તેને નિયમિત વળતર મળે છે.

જેથી પરિવારના સભ્યોને વાત કર્યા બાદ પુત્ર ચિન્મય સાથે કંપનીની ઓફિસે જઈ ડિરેક્ટર રાજદીપસિંહ જાડેજાને મળતાં તેણે રોકાણ પર દર મહિને ૩ ટકા વળતર આપવાનું કહ્યું હતું. સાથોસાથ તેનું સપનું રૂા.૧ હજાર કરોડનું રોકાણ મેળવવાનું હોવાનું પણ કહ્યું હતું. તેની વાત સાથે સહમત થઈ પુત્રના નામે રૂા.૩ લાખનું રોકાણ કહ્યું હતું. બદલામાં તેમને ચેક અને પ્રોમિસરી નોટ લખી આપી હતી.

રોકાણ કર્યા બાદ પહેલા મહિને રૂા.૯ હજારનું વળતર મળતાં વિશ્વાસમાં આવી જતાં કટકે-કટકે રૂા.૨૯ લાખનું રોકાણ કર્યું હતું. ત્યાર પછી વળતરની રકમ તેમના ઉપરાંત પતિ અને પુત્રી, પુત્રવધુના બેંક ખાતામાં જમા થતી હતી. અત્યાર સુધીમાં રૂા.૧૬.૨૮ લાખ જેટલું વળતર આપ્યું હતું. ૨૦૨૫ના ઓક્ટોબર માસથી વળતર આપવાનું બંધ કરી દીધું હતું. ઓફિસ પણ બંધ કરી દીધી હતી.

આ જ રીતે દામીનીબેન રાજેન્દ્રભાઈ પ્રજાપતિએ રૂા.૧૫ લાખનું, પ્રકાશભાઈ પ્રફુલભાઈ વણજારાએ રૂા.૩ લાખનું, તેના પત્ની સપનાબેનએ પણ રૂા.૩ લાખ, અજયભાઈ વિજયભાઈ સોલંકીએ રૂા.૫ લાખનું અને શૈલેષભાઈ ચંદુભાઈ ખેરએ રૂા.૨૫ લાખનું રોકાણ કર્યું હતું. આ પાંચેય જણાં ઉપરાંત તેમના રૂા.૨૯ લાખ મળી કુલ રૂા.૮૦ લાખની ઠગાઈ કર્યાનું ફરિયાદમાં જણાવ્યું છે.

## બકલ બેટ પરથી અમેરિકન નેવીનું કન્ટેનર મળ્યું : એરફોર્સ દ્વારા તપાસ

**ભુજ**

કચ્છના સરહદી અને વ્યૂહાત્મક રીતે અત્યંત સંવેદનશીલ ગણાતા દરિયાઈ વિસ્તારમાંથી અવારનવાર શંકાસ્પદ વસ્તુઓ મળી આવવાનો સિલસિલો જારી રહ્યો છે. સોમવારે સરહદી સલામતી દળના જવાનોને સર્ચ ઓપરેશન દરમિયાન લખપત તાલુકાના બકલ બેટ દરિયા કિનારેથી એક વિદેશી બિનવારસુ કન્ટેનર હાથ લાગ્યું હતું. સુરક્ષા એજન્સીઓએ આ બોક્સનો કબજો મેળવીને તેને ખોલતાં તેમાંથી અત્યાધુનિક હાઈડ્રોલિક પંપ મળી આવ્યો હતો.

રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને રાખીને આ સમગ્ર મામલાની આગળની તપાસ એરફોર્સને સોંપવામાં આવી હતી દરિયાકાંઠેથી મળી આવેલા આ કન્ટેનર પર સ્પષ્ટ અક્ષરોમાં 'PROPERTY OF U.S. GOVT' અને 'NAVY' લખેલું છે, જે દર્શાવે છે કે આ સામગ્રી યુએસ નેવીના શિપિંગ નેટવર્ક સાથે જોડાયેલી છે. આ ઉપરાંત, બોક્સની અંદર રહેલા હાઈડ્રોલિક પંપ પર ઓસ્ટ્રેલિયાની 'એટલાન્ટિસ ફાયર એન્ડ સેફ્ટી સર્વિસ' કંપનીનું સ્ટીકર મારેલું છે તેમજ તેના પર એક સર્વિસ ટેગ પણ છે, જેમાં '૫ નવેમ્બર ૨૦૨૪' ની તારીખ અંકિત થયેલી છે.

## રાજકોટમાં નજીવી બાબતે કાકા અને ભત્રીજા પર ફાયરિંગ, ખૂની ખેલમાં ભત્રીજાનું ઘટનાસ્થળે મોત

### બાઈક ચલાવવાની સામાન્ય બોલાચાલી લોહીયાળ જંગમાં ફેરવાઈ, 7થી 8 શખ્સની શંકા

**રાજકોટ**

રાજકોટમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેમ વધુ એક ચોંકાવનારી હત્યાની ઘટના સામે આવી છે. શહેરના નાનામવા રોડ પર આવેલા મોકાજી સર્કલ નજીક માત્ર બાઈક ચલાવવા જેવી નજીવી બાબતે થયેલી માથાકૂટમાં કાકા-ભત્રીજા પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. આ ઘાતક હુમલામાં ભત્રીજાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે તેના કાકા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આ હત્યાકાંડમાં 7થી 8 જેટલા શખ્સો સામેલ હોવાનું બહાર આવ્યું છે. હાલ પોલીસે આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

બુધવારે સાંજના સમયે મવડીના નવલનગરમાં રહેતા રણજીત વાળા અને તેમના બે પુત્રો રાજવીર વાળા અને અભી વાળા સાથે મોકાજી સર્કલ પાસે રહેતા કૃષ્ણદીપસિંહને બાઈક ચલાવવા બાબતે સામાન્ય બોલાચાલી થઈ હતી. આ સામાન્ય માથાકૂટ બાદ ઉશ્કેરાયેલા શખસોએ પોતાના પિતાને હથિયાર સાથે ઘટનાસ્થળે બોલાવી લીધા હતા. આરોપીઓએ ત્યાં આવીને સીધું જ રિવોલ્વર જેવા હથિયારમાંથી કાકા-ભત્રીજા પર ફાયરિંગ કર્યું હતું, તેમજ તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કર્યો હતો. જેમાં ભત્રીજા કૃષ્ણદીપસિંહનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે તેમના કાકા રહેન્દ્રસિંહને પણ ઈજાઓ થતાં સ્થિતિ નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

## જેતપુરમાં મૈત્રીકરારથી નારાજ પુત્રે છરીના છ ઘા મારીને માતાના મિત્રને પતાવી દીધો

### પતિના અવસાન બાદ નીતાબેન કમલેશના પરિચયમાં આવતાં સંમતિથી મૈત્રી કરાર કર્યો હતો

**જેતપુર**

જેતપુરના કણકીયા પ્લોટમાં અંબર સિનેમા નજીક આવેલ વાલ્મિકી વાસમાં રહેતો કમલેશ વાઘેલા મજૂરી કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. આ જ વિસ્તારમાં રહેતી નીતાબેન વાઘેલાના પતિ કાળુભાઈ વાઘેલાનું અવસાન થયું હતું. પતિના અવસાન બાદ નીતાબેન કમલેશના પરિચયમાં આવ્યા હતા અને બંનેએ પરસ્પર સંમતિથી તેણે મૈત્રી કરાર કરીને સાથે રહેવાનું શરૂ કર્યું હતું. નીતાબેનના આ સંબંધો તેમના પુત્ર જયંત ઉર્ફે જયન કાળુભાઈ વાઘેલાને બિલકુલ પસંદ નહોતા. માતા અન્ય પુરુષ સાથે મૈત્રી કરારથી રહે તે બાબતનો આક્રોશ અને ગુસ્સો જયંતના મનમાં ધૂંધવાતો હતો, જેના કારણે તે પોતાની માતાથી અલગ રાજકોટના કોઠારિયા વિસ્તારમાં રહેવા જતો રહ્યો હતો.

આજે બપોરના સમયે કમલેશ વાઘેલા પોતાના ઘરે પરિવાર સાથે જમવા બેઠો હતો. જમતી વખતે ઘરમાં છાસ ખૂટી પડતાં કમલેશ વાલ્મિકી વાસની ગલીમાંથી બહાર મુખ્ય માર્ગ પર છાસ લેવા માટે નીકળ્યો હતો. બીજી તરફ, મનમાં હત્યાનો પાકો પ્લાન ઘડીને રાજકોટથી જેતપુર આવેલો જયંત વાઘેલા છરી સાથે વાલ્મિકી વાસ પાસે કમલેશની બહાર આવવાની જ રાહ જોઈને ઊભો હતો. જેવો કમલેશ ગલીની બહાર આવ્યો કે તરત જ જયંતે તેને રસ્તા વચ્ચે આંતરી કમલેશના છાતી, પેટ અને શરીરના અલગ-અલગ ભાગો પર ૫ થી ૬ જેટલા છરીના ઘા ઝીંકી મારી પતાવી દીધો હતો.

## મહુવામાં દીપડાનો આતંક : બાંભણિયા ગામે 10 વર્ષના બાળકને ફાડી ખાધો

**મહુવા**

મહુવા તાલુકાના બાંભણિયા ગામે એક હિંસક દીપડાએ 10 વર્ષના માસૂમ બાળક પર જીવલેણ હુમલો કરીને તેને મોતને ઘાટ ઉતારી દીધો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ ચકચારી ઘટનાને પગલે સમગ્ર પંથકના ગ્રામીણ વિસ્તારોમાં ભારે ફફડાટ અને વન વિભાગ સામે રોષ વ્યાપી ગયો છે. મૃતક બાળકની ઓળખ નિત્ય પ્રકાશભાઈ ગોંડલિયા તરીકે થઈ છે. મંગળવારની સાંજે નિત્ય પોતાના ઘરેથી મોભિયાણા ગામ તરફ આવેલી પોતાની ખેતરની વાડીએ જવા નીકળ્યો હતો. આ દરમિયાન અંધારાનો લાભ લઈને રસ્તામાં ઝાડીઓમાં છુપાઈને બેઠેલા દીપડાએ અચાનક માસૂમ નિત્ય પર તરાપ મારી હતી. દીપડો બાળકને ગળાના ભાગેથી દબોચીને નજીકના ખેતરો અને ઝાડીઓ તરફ ઘસડી ગયો હતો. મોડી સાંજે પણ જ્યારે નિત્ય ઘરે ના આવ્યો તો પરિવાર ચિંતિત થઈ ગયો હતો. ચિંતાતુર બનેલા પરિવારજનો અને ગ્રામજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી. કલાકોની ભારે શોધખોળ બાદ ખેતર નજીકથી નિત્ય અત્યંત લોહીલુહાણ અને ગંભીર હાલતમાં મળી આવ્યો હતો. દીપડાએ તેના શરીર અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં હોસ્પિટલમાં લઈ જવાયો હતો, પરંતુ ત્યાં હાજર તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

## ગેરકાયદે સિંહદર્શન કરવા ગયેલા યુવકને સિંહ-સિંહણે ફાડી ખાધો

**જામનગર**

લીલીયાના અંટાળીયા નજીક જંગલના વીડી વિસ્તારમાં ત્રણ યુવકો ગેરકાયદે સિંહ દર્શન કરવા ગયા હતા. આ દરમિયાન સિંહે યુવક પર હુમલો કર્યો હતો. જેમાં સિંહ હુમલામાં એક યુવકનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે યુવકોને વન વિભાગની ટીમ દ્વારા દબોચી લેવામાં આવ્યા હતા. અંટાળીયા નજીક જંગલના વીડી વિસ્તારમાં ત્રણ યુવકો ઘૂસ્યા હતા. જેમાં સિંહ બેલડીના મેટિંગ પીરિયડમાં ખલેલ પહોંચતા સિંહે યુવકો પર હુમલો કર્યો હોવાનું જણાય છે. આ ઘટનામાં સોહિલ રફીકભાઈ નામના યુવકને સિંહે ફાડી ખાધો હતો. સિંહ હુમલાની ઘટનાની જાણ થતાં વન વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી. વન વિભાગે મૃતક યુવકના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સમગ્ર મામલે વન વિભાગ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## ગેડેટિંગ એપથી ઓળખાણ બાદ યુવકનું અપહરણ કરી 59 હજાર પડાવી લેવાયા

**જામનગર**

દરેડ ગામના રહેવાસી ભીખાલાલ ઉર્ફે રણમલ ભોજાભાઈ કળોતરાએ જામનગરના પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે, તેને એક ગે ડેટિંગ એન્ડ ચેટ એપ પર ચેટિંગ દરમિયાન રવીરાજ નામના શખ્સ સાથે ઓળખાણ થઈ હતી. તે શખ્શે ખંભાળિયાનો રહેવાસી હોવાનું જણાવી તેને લાલપુર બાયપાસ ખાતે મળવા બોલાવ્યો હતો. નક્કી કરેલા સ્થળે કાર લઈને આવેલા રવીરાજ સાથે ફરિયાદી કારમાં બેઠા બાદ કાર બે ભાઈના ડુંગર તરફ લઈ જવામાં આવી હતી. રસ્તામાં એક દુકાન પાસે કાર ઉભી રાખી રવીરાજે પોતાના અન્ય ત્રણ સાગરિતો સાથે વાતચીત કરી હતી, અને બાદમાં ફરિયાદીને નિર્જન વિસ્તારમાં લઈ જવામાં આવ્યો હતો. ત્યાં ચારેય આરોપીઓએ ફરિયાદીને માર મારી કારમાં બળજબરીથી બેસાડી અપહરણ કર્યું હતું. છરી અને ધોકો બતાવી રૂ. એક લાખની માંગણી કરી હતી. ફરિયાદીએ રૂપિયા આપવાનો ઈનકાર કરતાં મોબાઈલ, પાકિટમાં રહેલા એટીએમ કાર્ડ અને રૂ. એક હજારની રોકડ લૂંટી લેવામાં આવી હતી. ઉપરાંત એટીએમ કાર્ડનો ઉપયોગ કરી બેંક ખાતામાંથી રૂ. ૫૮ હજાર સહિત ૭૪ હજારની મત્તા પડાવી હતી.

## પોરબંદરમાં ભારતીય નૌસેનાનું 'દ્રષ્ટિ-10' યુએવી ક્રેશ થયું

**પોરબંદ**

ભારતીય નૌકાદળનું માનવરહિત હવાઈ વિમાન દ્રષ્ટિ-10, તાલીમ ઉડાન દરમિયાન એરફિલ્ડ નજીક ક્રેશ થયું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. જો કે, આમાં કોઈ જાનમાલને નુકસાન થયું નથી, જેથી રાહતનો શ્વાસ લેવામાં આવ્યો છે. આ મામલે ભારતીય નૌકાદળ દ્વારા સત્તાવાર રીતે જાણકારી પણ આપવામાં આવી છે. આ સમગ્ર મામલે પોરબંદર જિલ્લા કલેક્ટર એસડી ધનાનીએ વિગતો આપતા જણાવ્યું કે, યુએવી ધારમપુર ગામ પાસે ખુલ્લા મેદાનમાં ક્રેશ થયું છે. આ ઘટના પોરબંદર શહેરથી માત્ર છ કિમી દૂર જ ઘટી છે. ઘટનાની જાણ થતાની સાથે ભારતીય નૌકાદળના અધિકારીઓ સાથે અન્ય સંબંધીત ટીમો પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આ બાબતે આગળની તપાસ પણ શરૂ કરુ દેવામાં આવી છે. આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી.

સ્વદેશ
FRIDAY, 10 JULY 2026



## હેરાફેરી-3ના તમામ અધિકારો મારી પાસે : અક્ષય

મુંબઈ : હેરાફેરી ૩નો વિવાદ શમવાનું નામ લેતો નથી. પ્રિયદર્શનની એક્ઝિટ બાદ હવે અક્ષયકુમારના બેનર કેપ ઓફ ગુડ હોપ્સ એલએલપીએ ટ્રેડ મેગેઝિનમાં નોટીસ આપી હેરાફેરી ૩ના તમામ પ્રકારના અધિકારોની માલિકી તેમની હોવાની જાહેરાત કરી છે. બેનરે આ નોટિસની વિરૂદ્ધ જઇ કશુ કરે તો તેની સામે કાનુની પગલાં ભરવામાં આવશે તેવી ચેતવણી પણ આપવામાં આવી હતી. તાજેતરમાં મૂળ હેરાફેરી ફિલ્મના દિગ્દર્શક પ્રિયદર્શને હેરાફેરી ૩ સાથે પોતાનો કોઇ સંબંધ ન હોવાની જાહેરાત કરી હતી.

## પ્રભાસની ફિલ્મ 'સ્પિરિટ'ના સેટ પર અભિનેતા રાજેશ શર્માને ઝેરી કીડાએ કરડતાં હાલત ગંભીર



બોલિવૂડ અને બંગાળી ફિલ્મોના જાણીતા સહ-અભિનેતા રાજેશ શર્મા હાલમાં પશ્ચિમ બંગાળની એક હોસ્પિટલમાં જિંદગી અને મોતની લડાઈ લડી રહ્યા છે. એક ફિલ્મના શૂટિંગ સેટ પર તેમને કોઈ ઝેરી કીડાએ ડંખ માર્યો છે, જેના કારણે તેમની તબિયત સતત બગડતી ગઈ હતી. હાલતમાં સુધારો ન થતાં તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, અને હાલ તેઓ ડોક્ટરોની દેખરેખ હેઠળ છે. બંગાળી અભિનેત્રી સુદીપા ચેટર્જીએ 8 જુલાઈએ એક પ્રેસ નોટ જાહેર કરીને, આ દુર્ઘટનાની વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, રાજેશ શર્મા હૈદરાબાદમાં પ્રભાસની આગામી ફિલ્મનું શૂટિંગ કરી રહ્યા હતા. આ દરમિયાન શૂટિંગ સેટ પર જ એક કીડાએ તેમના પગમાં બચકું ભરી લીધું હતું.

## ગોલમાલ ફાઇવમાં પ્રિયામણી નેગેટિવ ભૂમિકામાં જાવા મળશે



મુંબઈ : રોહિત શેટ્ટીની 'ગોલમાલ' ફ્રેન્ચાઈઝીના પાંચમાં ભાગમાં અજય દેવગણ, અક્ષય કુમાર, શર્મન જાશી બાદ પ્રિયામણી પણ જાડાઈ છે. 'ગોલમાલ' ફાઈવમાં પ્રિયામણી નેગેટિવ ભૂમિકામાં જાવા મળશે. જા કે, ફિલ્મની મુખ્ય હિરોઈન કોણ હશે તે રહસ્ય હજી અકબંધ છે.પ્રિયામણીને રોહિત શેટ્ટીની ફિલ્મમાં મહત્વની ભૂમિકા કરવાનું કામ પહેલીવાર મળ્યું છે. અગાઉ 'ચેન્નાઈ એક્સપ્રેસ'માં પ્રિયામણીએ વનટુથ્રીફોર ગેટ ઓન ધ ડાન્સ ફ્લોર ગીતમાં સ્પેશ્યલ અપિયરન્સમાં દેખાઈ હતી. પ્રિયામણી ટૂંક સમયમાં 'ધ ફેમિલિ મેન'ની સિઝન થ્રીમાં મનોજ બાજપેયી સાથે જાવા મળશે. પ્રિયામણી 'જવાન', 'આર્ટિકલ ૩૭૦' અને 'ઓફિસર ઓન ડ્યૂટી' જેવી હિન્દી ફિલ્મોમાં કામ કરી ચૂકી છે.

### ચાર અલગ-અલગ પેઢીઓની સફર રજૂ કરવામાં આવશે

# ટાટા પરિવારની ૩ પેઢીઓના દિગ્ગજો પર વેબસિરીઝની વિવિધ સીઝન બનશે



મુંબઈ : તાજેતરમાં આવેલી વેબ સિરીઝ 'મેડ ઇન ઇન્ડિયાઃ અ ટાઇટન સ્ટોરી'ની સફળતા બાદ, ટી-સિરીઝ ફિલ્મ્સ અને ઓલમાઈટી મોશન પિક્ચરે તેમની અત્યાર સુધીની સૌથી મહત્ત્વાકાંક્ષી સર્જનાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે. બંને મળીને હવે ધ ટાટાઝ નામની પ્રીમિયમ મલ્ટી-સીઝન ડ્રામા સિરીઝ બનાવી રહ્યા છે.આ પ્રતિષ્ઠિત સિરીઝ ગિરીશ કુબેરના એવોર્ડ વિજેતા પુસ્તક 'ધ ટાટાઝઃ હાઉ અ ફેમિલી બિલ્ટ અ બિઝનેસ એન્ડ અ નેશન' પર આધારિત છે, જેને પ્રતિષ્ઠિત ગાજા કેપિટલ બિઝનેસ બૂક ઓફ ધ યર એવોર્ડ પણ મળ્યો હતો. આ સિરીઝને એક વિશાળ, એકથી વધુ પેઢીની ગાથા તરીકે રજૂ કરવામાં આવશે, જેમાં ટાટા પરિવારની કોર્પોરેટ વિચારસરણી, ઔદ્યોગિક સિદ્ધિઓ અને પરોપકારી સંસ્થાઓ કેવી રીતે આધુનિક ભારતના નિર્માણ અને વિકાસ સાથે ગાઢ રીતે જાડાઈ ગઈ, તેની કહાની રજૂ કરવામાં આવશે. માત્ર કોર્પોરેટ બોર્ડરૂમ સુધી સીમિત રહેવાના બદલે, આ સિરીઝ એવા સ્વપ્નદ્રષ્ટા આગેવાનોના અંગત જીવનનું પણ ઊંડાણપૂર્વક ચિત્રણ કરશે, જેમણે પોતાનાં મક્કમ સિદ્ધાંતો અને બદલાતા સામાજિક-રાજકીય સમય વચ્ચે સંતુલન જાળવ્યું હતું.સિરીઝમાં ટાટા પરિવારની ચાર અલગ-અલગ પેઢીઓની સફર રજૂ કરવામાં આવશે, જેમાં બતાવવામાં આવશે કે કેવી રીતે દરેક પેઢીએ ભારતના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.આ ભાગમાં જમશેદજી ટાટાના રાષ્ટ્રવાદી વિઝનની રજૂઆત કરવામાં આવશે, જેમાં તેમણે ભારતને ત્રણ અમૂલ્ય ભેટો આપી–ટાટા સ્ટીલ દ્વારા સ્વતંત્ર હેવી ઇન્ડસ્ટ્રી (એશિયાનો પ્રથમ ઇન્ટિગ્રેટેડ સ્ટીલ પ્લાન્ટ), ૧૯૦૩માં તાજ મહેલ પેલેસ હોટેલ દ્વારા સ્વદેશી, વૈભવી આતિથ્ય અને વિશ્વસ્તરીય વૈજ્ઞાનિક સંશોધન માટે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સનો પાયો નાખ્યો.બીજી પેઢીઃ વિકાસકર્તાઓ (સર દોરાબજી ટાટા અને સર રતન ટાટા) તથા લેડી મહેરબાઈ ટાટાઆ તબક્કામાં વૈશ્વિક આશંકા અને અનિશ્ચિતતાઓ વચ્ચે ટાટા સ્ટીલની સ્થાપના, ટાટા હાઇડ્રો-ઈલેક્ટ્રિક પાવરની શરૂઆત અને ભારતમાં સુવ્યવસ્થિત પરોપકારની પરંપરા સ્થાપિત કરનારા ટાટા ટ્રસ્ટ્સની રચનાની કહાની રજૂ થશે.અડધી સદીથી વધુ સમય સુધીના તેમના નેતૃત્વ દરમિયાન, જે.આર.ડી. ટાટાએ ટાટા એરલાઇન્સ (પછીની એર ઇન્ડિયા) દ્વારા ભારતીય ઉડ્ડયન ક્ષેત્રમાં ક્રાંતિ લાવી, ટેલ્કો (હાલની ટાટા મોટર્સ) દ્વારા ભારતના પરિવહન ક્ષેત્રને નવી દિશા આપી અને ૧૯૬૮માં ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ ની સ્થાપના કરીને વૈશ્વિક ટેક્નોલોજી યુગની શરૂઆત કરી.

આ અંતિમ તબક્કામાં રતન ટાટાએ કેવી રીતે ટાટા ગ્રુપને વૈશ્વિક સ્તરે પહોંચાડ્યું તેની કહાની રજૂ થશે. આંતરરાષ્ટ્રીય અધિગ્રહણોથી લઈને ટાઇટન જેવી બ્રાન્ડ દ્વારા ભારતીય જીવનશૈલીમાં પરિવર્તન લાવવાના પ્રસંગો પણ તેમાં સમાવાશે.


> 'મેડ ઇન ઇન્ડિયાઃ અ ટાઇટન સ્ટોરી' પછી હવે રતન ટાટા, દોરાબજી અને મેહરબાઈ ટાટા તેમજ જમશેદજી ટાટા પર સિરીઝ બનશે



## એન્યા ટેલર જોય : 'ધી હન્ટ ફોર ગોલમ'માં શાનદાર એન્ટ્રી

તાન્યા ટેલર જોય હવે 'ધી લોર્ડ ઓફ ધી રિન્ગસઃ ધી હન્ટ ફોર ગોલમ'ની ભવ્ય કાસ્ટમાં જોડાઇ ચૂકી છે. આ ફિલ્મમાં ઓરિજિનલ સ્ટાર્સ જેમ કે ઇયાન મેકકેલીન અને એલિજા વૂડ પોતપોતાના પાત્રોમાં પાછા ફરી રહ્યા છે. તાન્યા આ ફિલ્મમાં 'સેરેન' નામની એક ખતરનાક એલ્ફ એજન્ટનું પાત્ર ભજવશે. આ ફિલ્મમાં તેની સાથે કેટ વિન્સલેટ અને જેમી ડોર્નન જેવાં દિગ્ગજ કલાકારો પણ જોવા મળશે. તાન્યા ટેલર જોય અગાઉ 'મેડ મેક્સઃ ફ્યુરી રોડ'ની પ્રીક્વલ 'ફ્યુરોસિયા' અને 'ધી ડયુન' જેવી મોટી ફ્રેન્ચાઇઝીનો હિસ્સો રહી ચૂકી છે. આગામી સમયમાં 'ડયુન પાર્ટ થ્રી' અને 'ધી હન્ટ ફોર ગોલમ' બંને ઉપરાઉપરી રિલીઝ થવાની હોવાથી બોક્સ ઓફિસ પર તેનો દબદબો જોવા મળશે. ૧૯૯૬માં જન્મેલી તાન્યાને ૨૦૧૬ની હિટ ફિલ્મ 'ધી વિચ'થી મોટો બ્રેક મળ્યો હતો. ત્યારબાદ તેણે 'સ્પ્લિટ', 'થરબ્રેડ્સ', 'લાસ્ટ નાઇટ' અને 'ધી મેનુ' જેવી લોકપ્રિય ફિલ્મોમાં કામ કરીને હોલિવુડના મુખ્ય પ્રવાહમાં સ્થાન મેળવ્યું.

## દિલજીત દોસાંજની ફિલ્મ સતલજ 48 કલાકમાં ઓટીટી પરથી હટાવાઈ





મુંબઈ : દિલજીત દોસાંજની વિવાદાસ્પદ ફિલ્મ સતલજને ઝીફાઇવ સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ પરથી રિલિઝ થયાના બે જ દિવસમાં હટાવી દેવામાં આવતાં વિવાદ સર્જાયો હતો. જોકે, તરત જ ફિલ્મની પાઇરસી થવા માંડી હતી. બીજી તરફ દિલજીત દોસાંજે ફિલ્મના દ્રશ્ય સાથે પોસ્ટ મુકી હતી કે હું અંધકારને પડકારું છું. ઈન્સ્ટા પર લાઈવ સેશન દરમ્યાન દિલજીતે જણાવ્યું હતું કે એકવાર કન્ટેન્ટ ઓનલાઇન થઈ જાય તે પછી તેને સમૂળગું દૂર કરી શકાતું નથી. દિલજીતે પંજાબને પોતાનો ટેકો હોવાનો પુનરોચ્ચાર કર્યો હતો.

મૂળ પંજાબ ૯૫ ટાઇટલ ધરાવતી ફિલ્મને સતલજ નામે ઝી ફાઇવ પર ત્રણ વર્ષના વિલંબ બાદ રજૂ કરવામાં આવી હતી. આ ફિલ્મના અમુક સીનનો ભારતવિરોધી તત્વો દુરૂપયોગ કરે તેવો ડર બતાવી તેને હટાવી દેવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ફિલ્મને થિયેટરમાં દર્શાવવાની મંજૂરી ન મળી શકતાં તેને ઓટીટી પ્લેટફોર્મ પર રજૂ કરવામાં આવી હતી. ઓટીટી પ્લેટફોર્મ પર ફિલ્મ દર્શાવવા માટે સેન્સરબોર્ડના પ્રમાણપત્રની જરૂર પડતી નથી.

ઝી ફાઇવે નિવેદન બહાર પાડી જણાવ્યું હતું કે સતલજ ભારતમાં ઉપલબ્ધ નથી. અમે આધારભૂત અને અર્થપૂર્ણ વૃત્તાંત પ્રતિ પ્રતિબદ્ધ છીએ અને દર્શકો માટે ફિલ્મ પ્રદર્શિત કરવા માટે તમામ કાનુની વિકલ્પો ચકાસી રહ્યા છીએ. માનવ અધિકાર કાર્યકર જશવંતસિંહ ખાલરાના જીવન પર આધારીત ફિલ્મમાં પંજાબમાં ઉગ્રવાદીઓના આંદોલન થયા તે સમયગાળામાં ગેરકાયદે લોકોને મારી તેમના ગુપ્ત રીતે અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા તે બાબતને ઉઘાડી પાડવામાં આવી છે. કોંગ્રેસ અને આમઆદમી પાર્ટીએ ફિલ્મને પંજાબના ઇતિહાસનું એક મહત્વનું પ્રકરણને ઉજાગર કરતી હોઇ તેને દબાવી દેવી ન જોઇએ તેમ જણાવ્યું હતું.




હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

### નેટવર્કિંગ આર્કિટેક્ચર પર પ્રભુત્વ મેળવવાની રેસમાં ચીનની લાંબી છલાંગ

# ચીનનું 6G એન્જિન, ઈન્ટરનેટની દુનિયામાં 'લાઈટ સ્પીડ' ક્રાંતિ

પ્રાંસગિક
ધવલ શુક્લ

દુનિયાને 5G ટેકનોલોજીની ભેટ આપનારું દક્ષિણ કોરિયા 6G ટેકનોલોજી માટે પણ અંતિમ તબક્કાના પ્રયાસો કરી રહ્યું છે.તે સિવાય જાપાન અને ચીન 6G નેટવર્કમાં અગ્રેસર છે. તાજેતરમાં 6G નેટવર્ક માટે ચીન દ્વારા કરાયેલો પ્રયોગ ખૂબ ચર્ચાસ્પદ બન્યો છે. ચીને ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રે એક મોટી સિદ્ધિ હાસલ કરતા વિશ્વના પ્રથમ 6G ફીલ્ડ ટેસ્ટ નેટવર્કનું સફળતાપૂર્વક પ્રદર્શન કર્યું છે, જેને '6G ડેટા ટ્રાન્સફર એન્જિન' તરીકે ઓળખવામાં આવી રહ્યું છે. બેઈજિંગ યુનિવર્સિટી ઓફ પોસ્ટ્સ એન્ડ ટેલિ-કોમ્યુનિકેશન્સના સંશોધકો દ્વારા વિકસાવવામાં આવેલી આ સિસ્ટમ ભવિષ્યની સંચાર ક્રાંતિ માટેનો પાયો મનાઈ રહી છે. તેની મુખ્ય વિશેષતાઓ અને ટેકનોલોજી સેમેન્ટિક કોમ્યુનિકેશન છે. 6G એન્જિન માત્ર ડેટાના ડિજિટલ સિગ્નલ ટ્રાન્સફર કરવાને બદલે 'અર્થ' અથવા 'જ્ઞાન' ટ્રાન્સફર કરવાની ક્ષમતા ધરાવે છે. તેથી નેટવર્ક સ્માર્ટ બને છે.

સાઉથ ચાઈના ટેકનોલોજી યુનિવર્સિટીના સંશોધકોએ એક એવું 6G ફોટોનિક એન્જિન બનાવ્યું છે જે વ્હાઈટ લાઈટથી ૧.૨ કિલોમીટર દૂર ડેટા ટ્રાન્સફર કરી શકે છે. આ ટેકનોલોજીથી ડેટા ટ્રાન્સફરની આખી પદ્ધતિ બદલાઈ જશે. સંશોધકોનો દાવો છે કે, આ ટેકનિકથી 6G નેટવર્કની ઝડપ તો હશે જ, પરંતુ AIથી સજ્જ હોવાથી તે પોતાની રીતે નિર્ણય લઈને ઓન-ઓફ થઈ શકશે. તેની સૌથી મોટી ખાસિયત અત્યારના નેટવર્ક મેન્યુઅલ છે. જાતે નિર્ણય લઈને ઓન ઓફ થઈ શકે અને કંઈ ટેકનિકલ ગડબડ હશે તો જાતે જ ઓળખીને તેની જાણકારી આપશે.

અત્યારે વિઝિબલ લાઈટ કોમ્યુનિકેશન (વીએલસી) અમુક મીટર સુધી ડેટા ટ્રાન્સફર કરી શકે છે. જેમાં વળી એટલી ઝડપ હોતી નથી.ચીનના સંશોધકોએ 6Gની સ્પીડે વ્હાઈટ લાઈટથી ડેટા ટ્રાન્સફર કરવા માટેનું એન્જિન બનાવી લીધું છે. લેઝરથી ચાલતા ફોટોનિક એન્જિનથી સંશોધકોએ ૧.૨ કિલોમીટર દૂર સુધી પળવારમાં ડેટા ટ્રાન્સફર કરી બતાવ્યો હતો. સંશોધકોના કહે છે કે આ એન્જિનની ખાસિયત એ છે કે તે ખૂબ ઓછી કિંમતે તૈયાર કરી શકાય છે. આ એન્જિન બનાવવા માટે સિરામિક મટિરિયલનો ઉપયોગ થાય છે. વાયરલેસ કમ્યુનિકેશન માટે આ ખૂબ ઉપયોગી




ટેકનિક સાબિત થશે. હવાઈયાત્રા, માનવરહિત વાહનો અને ડ્રોનમાં લાઈટથી ડેટા ટ્રાન્સફરની ટેકનોલોજી બહુ ઉપકારક બનશે.

ટીમલીડર વૈજ્ઞાનિક ઝિગુઓ શિયા કહે છે કેસ આ સાધારણ ઈન્ટરનેટની ટેકનોલોજીથી અલગ છે. તે વેવ્સની મદદથી નહીં, પરંતુ લાઈટની મદદથી ચાલે છે. અત્યારે વીએલસી છે તેનો મર્યાદિત વિસ્તારમાં જ ઉપયોગ થાય છે. પરંતુ આ એન્જિન ઘણે દૂર સુધી કામ કરી શકવા સક્ષમ છે.

આ નવી ટેકનિકને સ્ટ્રીટલાઈટના બલ્બ સાથે જોડી દેવાથી 6G નેટવર્કમાં ક્રાંતિ આવી શકે છે. તે લોકોની સૂક્ષ્મ હિલચાલને જોઈ, સાંભળી શકશે. AIથી સજ્જ થતાં આ ટેકનોલોજી જાતે વિચારી પણ શકશે. સંશોધકો તો ત્યાં સુધી દાવો કરે છે કે તેને પૃથ્વીની ભ્રમણકક્ષામાં ગોઠવેલા સેટેલાઈટમાં લગાવી દેવાથી પણ ભવિષ્યમાં મોટું પરિવર્તન લાવી શકાશે. દુર્ગમ વિસ્તારોમાં અત્યારે જે વેવ્સની મદદથી સેટેલાઈટ ઈન્ટરનેટ મળે છે, તેને બદલે લાઈટની મદદથી ઈન્ટરનેટ આપી શકાશે. જો આવું થાય તો હજુય જે કરોડો લોકોને ઈન્ટરનેટની સ્પીડ મળતી નથી તેમને સીધું 6G નેટવર્કનો લાભમળશે.

આ સિસ્ટમમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ને ઊંડાણપૂર્વક સાંકળવામાં આવી છે, જેનાથી નેટવર્કની કાર્યક્ષમતામાં અભૂતપૂર્વ વધારો કરવો પણ શક્ય છે. વર્તમાન 5G નેટવર્ક કરતાં આ 6G એન્જિન ૧૦થી ૧૦૦ ગણી વધુ સ્પીડ એટલે કે અંદાજે 1 Tbps સુધીની ડેટા સ્પીડ સુધી પહોંચશે. આ એન્જિનમાં પરંપરાગત સિલિકોન ચિપ્સના સ્થાને 'ગેલિયમ નાઈટ્રાઈડ' (GaN) આધારિત ઓપ્ટોઈલેક્ટ્રોનિક ચિપ્સનો ઉપયોગ કરાયો છે, જે પ્રકાશના કિરણોને અત્યંત ઝડપથી પ્રોસેસ કરે છે.

સંશોધકોના મતે, આ ફોટોનિક સિસ્ટમ એકસાથે હજારો ગીગાહર્ટ્ઝ (GHz)ની અલ્ટ્રા-વાઈડ બેન્ડવિડ્થ સપોર્ટ કરી શકે છે, જે વર્તમાન ફાઈબર ઓપ્ટિક્સ કરતાં પણ વધુ કાર્યક્ષમ છે. જ્યારે રેડિયો વેવ્ઝની સરખામણીએ લાઈટ બીમ (પ્રકાશના કિરણો)ને હેક કરવા કે આંતરવા અશક્ય છે, કારણ કે ડેટા માત્ર પ્રકાશની સીધી રેખામાં જ મુસાફરી કરે છે, જે લશ્કરી અને સેટેલાઈટ સંચાર માટે પાવરફુલ સુરક્ષા આપે છે. આ ટેકનોલોજીની મદદથી સ્માર્ટ ગ્રીડ, સ્વાયત્ત વાહનો, હોલોગ્રાફિક કોમ્યુનિકેશન, હાઈ-ટેક મેન્યુફેક્ચરિંગ અને મેટાવર્સ જેવી એડવાન્સ સિસ્ટમ્સ સચોટ રીતે કામ કરી શકશે. ચીનનું લક્ષ્ય વર્ષ ૨૦૩૦ સુધીમાં 6G ટેકનોલોજીનું વ્યાપારીકરણ કરવાનું છે.

ચીનનું આ નવું 6G એન્જિન પરંપરાગત કમ્યુનિકેશન મોડેલ કરતાં તદ્દન અલગ છે. તે મુખ્યત્વે ત્રણ સ્તંભો પર કામ કરે છે. સૌ પ્રથમ ટેરાહર્ટ્ઝ ફ્રીક્વન્સી આવે છે. વર્તમાન મિલિમીટર વેવ્ઝ (5G)ની સરખામણીએ આ સિસ્ટમ ટેરાહર્ટ્ઝ સ્પેક્ટ્રમનો ઉપયોગ કતી હોવાથી ડેટા વહન કરવાની ક્ષમતા અતિશય વધી જાય છે. જે બાદ ઈન્ટેલિજન્ટ સરફેસ ટ્રાન્સમિશન સિસ્ટામનો બીજો સ્તંભ છે. આ એન્જિન સિગ્નલ લોસની સમસ્યાને હલ કરવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંચાલિત સ્માર્ટ રિફ્લેક્ટર્સનો ઉપયોગ કરે છે, જે અવરોધોની આસપાસ પણ સિગ્નલને સચોટ રીતે ફોર્વર્ડ કરી શકે છે. જે બાદનો પાયો ડેટા કમ્પ્રેશન અને સેમેન્ટિક્સ છે. સેમેન્ટિક કમ્યુનિકેશનના કારણે ડેટા મોકલતા પહેલાં એન્જિન નક્કી કરે છે કે, કઈ માહિતી સૌથી વધુ મહત્વની છે. બિનજરૂરી ડેટા ફિલ્ટર થઈ જતો હોવાથી બેન્ડવિડ્થનો બગાડ થતો નથી.

ચીનનું આ ડેટા ટ્રાન્સફર એન્જિન દર્શાવે છે કે, વૈશ્વિક સ્તરે આગામી પેઢીના નેટવર્કિંગ આર્કિટેક્ચર પર પ્રભુત્વ મેળવવાની રેસમાં તે અત્યારે ઘણું આગળ નીકળી ગયું છે. ભવિષ્યમાં આ ટેકનોલોજી સેટેલાઈટ કોમ્યુનિકેશન અને પૃથ્વી પરના નેટવર્કને એકસાથે જોડવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. બેઈજિંગમાં કરાયેલા પ્રાયોગિક પરીક્ષણોમાં કેટલાક આશ્ચર્યજનક પરિણામો સામે આવ્યા હતા. અગાઉ એવું માનવામાં આવતું હતું કે ઊંચી ફ્રીક્વન્સીના કારણે 6Gનું કવરેજ ખૂબ મર્યાદિત રહેશે, પરંતુ ચીની સંશોધકોએ લાંબા અંતર સુધી સ્થિર સિગ્નલ જાળવી રાખવામાં સફળતા મેળવી છે. આ ઉપરાંત આ એન્જિન નેટવર્ક ટ્રાફિકના આધારે પાવર કન્ઝમ્પશનને ઓટોમેટિક એડજસ્ટ કરે છે, જેનાથી કાર્બન ફૂટપ્રિન્ટ અને વીજળીનો વપરાશ નોંધપાત્ર રીતે ઘટે છે. આ હાઈ-સ્પીડ ડેટા એન્જિન માત્ર સ્માર્ટફોન પૂરતું મર્યાદિત નથી, ઉલટું,

હોલોગ્રાફિક કોલિંગ Holographic Presenceને કારણે વીડિયો કોલિંગની જગ્યાએ વ્યક્તિનો આબેહૂબ 3D હોલોગ્રામ સેકન્ડના હજારમા ભાગમાં સામેની વ્યક્તિ પાસે પ્રોજેક્ટ થઈ શકશે. સમુદ્રથી અવકાશ સુધીનું જોડાણ પણ થશે. આ એન્જિન પૃથ્વી પરના મોબાઈલ ટાવર્સ, દરિયાઈ સબમરીન અને અવકાશમાં રહેલા લો-અર્થ ઓર્બિટ સેટેલાઈટ્સને એક જ હાઈ-સ્પીડ નેટવર્કથી સાંકળી લેશે.

રીઅલ-ટાઈમ ડિજિટલ ટ્વીન પણ સિસ્ટમમાં મહત્વની બાબત છે. આખા સ્માર્ટ સિટી અથવા ફેક્ટરીનું લાઈવ 3D મોડેલ કમ્પ્યુટર પર સેકન્ડના પણ વિલંબ વિના ઓપરેટ કરી શકાશે. ચીન આ એન્જિન અને પેટન્ટ્સ દ્વારા વૈશ્વિક સ્તરે 6Gના નિયમો અને પ્રોટોકોલ નક્કી કરવામાં નેતૃત્વ કરવા માંગે છે.

**સાઉથ ચાઇના ટેકનોલોજી યુનિવર્સિટીના સંશોધકોએ વિકસાવેલા એન્જિનથી 1.2 કિલોમીટર દૂર ડેટા ટ્રાન્સફર શક્ય બનશે, આ સાથે દુર્ગમ વિસ્તારમાં પણ ઈન્ટરનેટસની સુવિધા સરળતાથી મળશે, તેનું લક્ષ્ય વર્ષ આ ટેકનોલોજીનું વ્યાપારીકરણ કરવાનું છે.**

# ચોમાસામાં પણ 'ચાર્મિંગ લુક' જાળવવા શું કરવું?

કેટલીક યુવતીઓ વરસાદની મોસમ શરૂ થાય ત્યારથી જ મૂંઝાઈ જાય છે. વરસતા વરસાદમાં કેવા કપડાં પહેરીને નીકળશું, કેવો મેકઅપ અને કેવો કેશકલાપ કરશું તેની મૂંઝવણ તેમને વારંવાર સતાવે છે. કેટલીક સૂગાળવી મહિલાઓ તો શક્ય હોય ત્યાં સુધી વરસાદમાં બહાર જવાનું ટાળે છે. શું વરસાદની મોસમ ખરેખર એવી કંટાળાજનક, બોરિંગ છે? હા, ચોમાસાના મૂશળધાર વરસાદથી ચેતવા જેવું તો ખરું જ. કારણ, પ્રદૂષિત વાતાવરણને કારણે વરસતો વરસાદ પ્રથમ હેલીમાં ઘણા બધા પ્રદૂષિત દ્રવ્યોને પોતાની અંદર ઓગાળીને વરસતો હોય છે. શહેરી જીવનમાં રોજબરોજની હાડમારી વચ્ચે નારીએ પોતાના વ્યક્તિત્વના મહત્ત્વનાં પાસાંને મહત્ત્વનું બનાવી રાખવાનો પૂર્ણ પ્રયાસ કરવો પડે છે. ચોમાસાના ચાર લાંબા મહિનાઓ આપણે માટે ઘણા પ્રશ્નો ઉત્પન્ન કરે છે. પરંતુ, એ બધાનો ઉકેલ લાવીને ચોમાસામાં પણ તમે સુંદર અને સુઘડ દેખાઈ શકો છો.

તમને જાણીને નવાઈ લાગશે. પરંતુ સાચું પૂછો તો ગમગીન ચોમાસાની ઋતુમાં પણ તમે તમારી સુંદરતા વધારવા માટે ઘણું બધું કરી શકો છો.

આપણી સુંદરતા જાળવવામાં આપણી ચામડીને મહત્ત્વનું સ્થાન મળે છે. નળમાંથી આવતું માટીવાળું પાણી ચામડીને વિપરીત અસર કરશે. તેના બદલે શક્ય એટલા દિવસ વરસાદનાં પાણીનો સદ્ઉપયોગ કરો. એક ડોલમાં વરસાદનું પાણી ભરી રાખો અને એનાથી સ્નાન કરો. વરસાદનાં પાણીમાં રૂઝ લાવવાની ગજબની તાકાત છે. ખીલવાળી ચામડીને તે નરમ અને મુલાયમ બનાવી શકે છે. ગરમીને લીધે થતી અળાઈથી માણસ ઘણીવાર ખૂબ પરેશાન થઈ જાય છે. આમાં પણ વરસાદનું પાણી ખૂબ જ મદદરૂપ થાય છે. ઘણી માતાઓ નાનાં બાળકોને પહેલાં વરસાદમાં પાણીમાં સ્નાન કરાવે છે એ તો જાણીતું જ છે. આથી વરસાદનાં પાણીની ફાયદાકારક અસરનું મહત્ત્વ સમજાય છે.

જો શક્ય હોય તો અઠવાડિયામાં એક વાર વરસાદનાં પાણીથી વાળમાં શેમ્પૂ કરો. ચોમાસામાં તમારા વાળ સુંદર રાખવા અને દેખાડવા માટે વાળને કુદરતી રીતે જ સુંદર દેખાય એમ રહેવા દો. ચોમાસામાં હવામાં ઘણો ભેજ હોવાથી વાળ ચપટા થઈ જાય છે. આથી કુદરતી રીતે જ વાંકડિયા વાળ વધુ વાંકડિયા થઈ જાય છે અને



એને કેમે કરીને સીધી કરી શકાતા નથી. આવી જ રીતે સીધા વાળને વાંકડિયા કરવા એ પણ એટલું જ મુશ્કેલ છે. આથી વાળનો કુદરતી વળાંક હોય એ જ રીતે કપાવો. જેથી એને રોજ રોજ ''સેટ'' ન કરવા પડે. મોટા બ્યૂટી પાર્લરમાં ''હેર સ્પ્રે'' વાપરવામાં આવે છે, અને ''રોલરસેટ'' કરવામાં આવે છે. એવી ટ્રીટમેન્ટ ન કરાવો. કારણ કે, એની મહેનત ચોમાસામાં ઘણી વાર નકામી થઈ જાય છે. વર્ષા ઋતુમાં ''હેર સ્પ્રે'' લગાડવાથી વાળ ઘણી વાર ચીકણા થઈ જાય છે.

જો તમારે હાસ્યાસ્પદ ન દેખાવું હોય તો ચોમાસામાં તમારો ''મેકઅપ'' ઓછામાં ઓછો વાપરો. જો તમે બહાર કામ કરવાં જતાં હો તો ''મોઈશ્ચરાઈઝર''હલકું ''બ્રશઓન'' અને જરાક હલકા રંગનું લિપસ્ટીક વાપરો, આંખમાં આઈ લાઈનર તો ન જ વાપરો. કારણ કે એ પાણી સાથે પ્રસરી જશે, અને એની કાળાશથી તમે ભૂત જેવા દેખાશો. જો આંખનો મેકઅપ કરવો જ હોય તો આઈ પેન્સિલ અને હલકો આઈશેડો વાપરો. ફાઉન્ડેશન જેવો બીજો ભારે મેકઅપ તો વરસાદમાં ધોવાઈ જશે.

ચોમાસામાં સૌંદર્ય પ્રસાધનોના વપરાશ બાબત અમુક કાળજી લેવી પડે છે. તેવી જ રીતે ફ્ ચોમાસામાં કપડાં ભીનાં અને ગંદા થઈ જતા હોવાથી વસ્ત્રોની પસંદગી તરફ ખાસ ધ્યાન આપવુ. જે કપડાંને સંભાળવામાં તમને ઓછામાં ઓછી મહેનત પડે એવાં કપડાં ચોમાસા માટે અલગ કરો. ખાસ કરીને જેમાંથી પાણી તરત નીતરી જાય અને જેને ઈસ્ત્રી કરવાની જરૂર ન પડે એવાં કપડાં પહેરો. જો તમે સાડી પહેરતા હો તો નાયલોનની યા તો ''સિન્થેટીક'' કપડાંની સાડી પહેરો. કારણ કે, આવી સાડીઓને તદ્દન ઓછી દેખરેખ જોઈએ છે. નાયલોનની સાડી નીચે સુતરાઉ ચણિયો કદી ન પહેરો. કારણ કે નાયલોનની સાડી જલ્દી સુકાઈ જશે. જ્યારે સુતરાઉ ચણિયાને સુકાતાં ખૂબ વાર લાગે છે. આથી ચણિયો પગને વારંવાર ચોંટી જશે અને તમને ચાલવાની ખૂબ તકલીફ થશે. આ સાદો નિયમ જે સલવાર કમીઝ અને ડ્રેસીઝ પહેરે છે, એને પણ લાગુ પડે છે. સાદા અને સુગમ કપડાં પહેરો. ફ્રીલવાળા કપડાં ન પહેરો. ''મેક્સી'' વગેરે પગની નીચે સુધી લંબાય એવા કપડાં તો ન જ પહેરો. કારણ કે, કપડાં નીચેથી ભીના થવાથી ખૂબ જ ચોંટી જાય છે. તદ્ઉપરાંત આવાં કપડાં સૂકાતાં પણ ખૂબ સમય લાગે છે, અને આથી શરદી વગેરે થવાનો સંભવ છે. ભીના મોજા, બૂટ સેન્ડલ્સ વગેરેથી પણ શરદી, ઉધરસ થવાનો સંભવ છે. બૂટ,સેન્ડલ્સ વગેરેને જો તમે ભીનાને ભીના રહેવા દો એથી ''ખસ'' અને ''ખરજવુ'' એવા ચામડીના રોગો પગમાં થાય છે. જોડાને ઊંચા મૂકતાં પહેલા અમુક વસ્તુઓનું ધ્યાન રાખો. ચોમાસું પૂરું થતાં ગમબૂટ યા તો વરસાદના કોઈ પણ જાતના જોડાને સારી રીતે સૂકાવા દો, અને ત્યાર બાદ એમાં ઘણો બધો પાવડર નાખીને બાંધીને સરખા મૂકી દો. રેઈનકોટ પણ આ જ રીતે ઘડી કરીને મૂકી દો.

તમારી જાતને સુઘડ અને સુંદર દેખાડવા માટે વર્ષાઋતુને લાયક એવો પોષાક ખૂબ જ જરૂરી છે.જો તમારે બહારનું ઘણું કામકાજ કરવાનું હોય તો વરસાદમાં ફક્ત છત્રીથી કાંઈ વળશે નહીં. તમારે રેઈનકોટ રાખવો અત્યંત જરૂરી છે. જુદી જુદી જાતના રેઈનકોટ બજારમાં મળે છે. કોઈક પ્લાસ્ટિકના, રબરના યા તો લેમિનેટેડ કપડાના બનેલા હોય છે. રબર અને લેમિનેટેડ કપડાંના રેઈનકોટ વધુ વખત ચાલે છે. સાડી પહેરનારને તો રેઈનકોટ ખૂબ જ મદદરૂપ છે, જ્યારે, ખૂબ વરસાદ પડતો હોય ત્યારે રેઈનકોટની અંદર તમારી સાડી કમર સુધી ઊંચી કરી દો.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels, Proven Records of SOLD over 50 Motels & Hotels in ONTARIO
Licensed to work in ALBERTA as well – Property visit can be scheduled during my trip to Alberta

90+ Room Franchise Hotel – Indoor Corridor, Fully Renovated and Upgraded in WINDSOR – Asking $7,200,000
Close to Hwy 401 and USA Border, Easy Operation, 3.5 Acres of Commercial Lot – potential for future development
Exclusive Listing: Buyer must have a 40% - 50% down payment. For more info NDA and Buyer Rep Agreement to sign

43 Room Motel + Restaurant (241 Pizza) + 2 Apt on 6 Acre Commercial Lot in Cochrane, ON – Asking $3,900,000
Both businesses are money making and run through the employees – Absentee Owner since 2019. Great NOI and EBITA

17 Room Motel in Huntsville - $2.3M
Absentee Owner since last 4 years
Great income and NOI
Renovated Rooms, Located in the downtown,
Everything is at a walking distance

54 Room Hotel & Restaurant - $4.9M
Located in 1000 Islands/Gananoque
Year round profitable operation. Well maintained property. Clsoe to Hwy 401, Casino and 1000 Island Crusie Line. Excellent NOI / EBITA – Great investment. About 40% Down require.

21 Room Motel & Restaurant in Gravenhurst
Asking $1,499,000
All rooms are occupied by the long-term people paying monthly. 3 Acres of lot, Municipality services. Selling AS IS
Ideal for builder or contractor

4 Small Motels for Sale in Northern Ontario – About 1-2 hours from Sudbury & North Bay
12 to 18 Rooms – Asking $875,000 to $1,300,000. About 15% to 25% down payment require.
Call for more info. Buyer to sign NDA first.

Motels and Hotels in ALBERTA: Small Motels and Franchise Hotels are available
Call for more info. Buyer to sign NDA for reviewing the financials on any property

Motel Jobs AND Working Partner Opporunity (min $200,000 to invest)
Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Accommodation + Competitive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1, ONTARIO Office: 905-366-8100
Brilliant Realty , 1135 64 Ave SE #202, Calgary, T2H 2J7, ALBERTA – Direct Contact: 647-866-2790







# કેમ્બ્રિજના રાધા કૃષ્ણ મંદિરે ગુંજ્યા ભક્તિના નાદ

## સનાતન સંસ્કૃતિના સંવર્ધનનો સંકલ્પ, સાંજે ૫:૪૫ વાગ્યાથી શરૂ થયેલી કીર્તનની સરવાણી મોડી સાંજ સુધી અવિરત વહી

કેમ્બ્રિજ: કિચનર-વોટરલૂ-કેમ્બ્રિજ (KWC) વિસ્તારમાં કેમ્બ્રિજ, ઓન્ટેરિયો સ્થિત રાધા કૃષ્ણ મંદિર ખાતે શનિવાર, ૨૭ જૂન ૨૦૨૬ના રોજ હરિપ્રબોધમ પરિવાર - ટોરોન્ટો રિધમ દ્વારા પ્રથમ વખત ભવ્ય ભજન-જેમિંગ કાર્યક્રમનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. ચંપક (રાજ) પટેલના નેતૃત્વમાં યોજાયેલા આ અનોખા કાર્યક્રમે સમગ્ર વિસ્તારના ગુજરાતી સમાજમાં ભક્તિ, સંગીત અને સાંસ્કૃતિક એકતાનો સુંદર માહોલ સર્જ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત સાંજે ૫:૪૫ કલાકે ભક્તિમય કીર્તનો અને ભજનો સાથે થઈ હતી. શરૂઆતના મધુર સ્વરોથી સર્જાયેલું શાંત અને આધ્યાત્મિક વાતાવરણ ધીમે ધીમે ઊર્જાસભર ભક્તિરસમાં પરિવર્તિત થયું હતું. જેમ જેમ સાંજ આગળ વધતી ગઈ, તેમ તેમ ભજનોનો તાલ અને ઉત્સાહ વધતો ગયો હતો. આ સાથે અંદાજે ૮૦૦થી ૯૦૦ જેટલા હરિભક્તો અને ભાવિકો ભક્તિભાવથી ઝૂમી ઉઠ્યા હતા. મંદિર મેનેજમેન્ટના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમને ઉપસ્થિત સૌનો ઉત્સાહભર્યો પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો.






આ પ્રસંગે અનેક અગ્રણી સામાજિક અને આધ્યાત્મિક મહાનુભાવોએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો. અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા રાધા કૃષ્ણ મંદિરના પ્રેસિડેન્ટ દ્વારકા પ્રસાદે મંદિરની સ્થાપના, ખરીદી અને સ્થાનિક સમાજમાં સર્જાયેલા સકારાત્મક પરિવર્તનો અંગે માહિતી આપી હતી.

રાજ તન્ના (ડાયરેક્ટર - ટ્રાવેલલોજ ટોરોન્ટો ઈસ્ટ હોટલ) કે જેઓ કેનેડામાં હિન્દુ સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર માટે સતત કાર્યરત રહ્યા છે. તેમણે મિસિસાગામાં મંદિર અને સાંસ્કૃતિક કેન્દ્રની સ્થાપના પાછળના સંઘર્ષ અને સમર્પણની પ્રેરણાદાયી વાતો રજૂ કરી હતી. આ ઉપરાંત યોગી ડિવાઈન સોસાયટી (YDS) કેનેડાના પ્રેસિડેન્ટ જનકભાઈ શાહે હરિપ્રબોધમ પરિવાર દ્વારા ચાલી રહેલી વિવિધ આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સમાજલક્ષી પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સૌ માટે પ્રવેશ સમયે હળવા નાસ્તાની તેમજ મધ્યાંતરે અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના કારણે સમગ્ર કાર્યક્રમમાં સૌહાર્દ અને આત્મીયતાનો માહોલ વધુ ગાઢ બન્યો હતો. આખા પ્રોગ્રામનું રોનકભાઈ શાહે ખૂબ જ સરસ સંચાલન કર્યું. ગુજરાતી કલ્ચરલ એસોસિએશનના અગ્રણીઓ સહિત કિચનર-વોટરલૂ-કેમ્બ્રિજ વિસ્તારના અનેક અગ્રણી સામાજિક અને સાંસ્કૃતિક આગેવાનોની ઉપસ્થિતિએ કાર્યક્રમને વધુ ગૌરવપૂર્ણ બનાવ્યો હતો.

આ ભવ્ય અને સફળ આયોજનના અંતે આયોજકોએ જાહેરાત કરી હતી કે, આગામી સમયમાં જન્માષ્ટમી, નવરાત્રિ અને અન્ય ધાર્મિક-સાંસ્કૃતિક ઉત્સવો પણ આ જ ઉત્સાહ, ભક્તિ અને સામૂહિક સહભાગિતા સાથે ઉજવવામાં આવશે. ઉપસ્થિત સૌએ કાર્યક્રમની પ્રશંસા વ્યક્ત કરી હતી અને KWC વિસ્તારમાં આવા ભક્તિમય કાર્યક્રમો નિયમિત રીતે યોજાય તેવી આશા વ્યક્ત કરી હતી.

## ભજન-જેમિંગમાં 900થી વધુ હરિભક્તો લીન!, હરિપ્રબોધમ પરિવારના ભક્તિસભર આયોજનમાં ઝૂમી ઉઠ્યો ગુજરાતી સમાજ





# ચાંદીપુરા વાયરસ ઉત્તર ગુજરાત પહોંચ્યો, ૩ દર્દીઓના મોત, આરોગ્ય વિભાગ એલર્ટ

## 26 જૂન બાદ સાબરકાંઠા જિલ્લામાં કુલ 7 દર્દીઓને વાયરસની અસર વર્તાઈ હતી

**હિંમતનગર**

હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ગત ૨૬ જૂનના રોજ ચાંદીપુરા વાયરસનો પ્રથમ કેસ નોંધાયો હતો. ત્યાર બાદ અત્યાર સુધી કુલ ૭ દર્દીઓએ અહીં સારવાર લીધી છે. હોસ્પિટલના આંકડા મુજબ કુલ ૭ પૈકી ૩ દર્દીઓના મોત થયા છે. હાલ ૨ દર્દીઓ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે, જેમના રિપોર્ટ આવવાના બાકી છે. એક દર્દીએ રજા (ડિસ્ચાર્જ) લીધી છે અને એક દર્દી સ્વસ્થ થતા તેને રજા આપવામાં આવી છે. મૃત્યુ પામેલા ૩ દર્દીઓ અંગેની વિગતો એવી છે કે, એક દર્દીનો રિપોર્ટ પોઝિટિવ હતો, એક દર્દીનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો, જ્યારે ત્રીજા દર્દીનો રિપોર્ટ હજુ પેન્ડિંગ હતો.

ચાંદીપુરા વાયરસનો ભોગ બનેલા દર્દીઓમાં હવે અન્ય રાજ્યોના બાળકોનો પણ સમાવેશ થાય છે. તાજેતરમાં રાજસ્થાનથી સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં આવેલા ૬ વર્ષના એક બાળકનું મોત નીપજ્યું છે. આ બાળક ચાર દિવસ અગાઉ જ સારવાર માટે અહીં દાખલ થયું હતું. બાળકના મોત બાદ આરોગ્ય વિભાગ સતર્ક થઈ ગયું છે અને તાત્કાલિક અસરથી તપાસ અને દેખરેખની કામગીરી તેજ કરી દીધી છે.

હિંમતનગર સિવિલમાં હાલ ૫ શંકાસ્પદ કેસ નોંધાયા છે. જે પૈકી એક બાળકના મોતની પુષ્ટિ થઈ છે, જ્યારે બે દર્દીઓના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે.

# સલાયાનું માલવાહક જહાજ ઓમાનના દરિયામાં ડૂબ્યું : બે ખલાસીઓના મોત

**ઓમાન**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયાનું મહેબૂબ-એ-બુખારી નામનું માલવાહક જહાજ ઓમાનના દરિયાના પ્રચંડ મોજા અને ખરાબ હવામાનના કારણે દરિયામાં ડૂબ્યું છે. જહાજ પર સવાર કુલ ૧૪ ભારતીય ખલાસીઓમાંથી ૧૨ ખલાસીઓને ઓમાનના સર્ચ એન્ડ રેસ્ક્યૂ દળે બચાવી લીધા છે. આ દુર્ઘટનામાં કમનસીબે ૨ ખલાસીઓના કરુણ મોત નીપજ્યા છે.

સલાયાનું મહેબૂબ-એ-બુખારી(રજીસ્ટ્રેશન નંબર મ્ઙૈં ૧૪૧૫) જહાજ ગત ૩ જુલાઈએ દુબઈથી જનરલ કાર્ગો ભરીને જીબુટી જવા દરિયાઈ માર્ગે રવાના થયું હતું. આ જહાજ ઓમાન નજીકના દરિયાઈ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યું હતું ત્યારે અચાનક દરિયામાં ભારે કરંટ અને ખરાબ હવામાન સર્જાયું હતું. કુદરતી આફત વચ્ચે જહાજના બંને મુખ્ય એન્જિનો એકાએક બંધ પડી ગયા હતા. એન્જિન બંધ થતાં જહાજમાં પાણી ભરાયું ગયું હતું અને જાતજાતામાં કરોડોની કિંમતનું માલવાહક જહાજ દરિયામાં ડૂબવા લાગ્યું હતું. જેથી ટંડેલે તમામ ક્રૂ મેમ્બરોને જીવ બચાવવા દરિયામાં કૂદવાનો આદેશ આપ્યો હતો.

# વડનગરના વડબાર પાટિયા પાસેથી યુવકનું અપહરણ : ૧૦ લાખ માગ્યા

**મહેસાણા**

વિસનગર તાલુકાના મગરોડા ગામે રહેતાં કોકીલાબેન ચૌધરીએ વડનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ સોમવારે સવારે પતિ કિરણભાઈ ફૂલજીભાઈ ચૌધરી (ઉ.વ.૪૬) વડનગર ખાતે બ્લડ કેમ્પમાં લોહી આપવા જવાનું કહીને પોતાનું બાઈક લઈને ઘરેથી નીકળ્યા હતા. સાંજે ચારેક વાગ્યે તેમના પતિના ફોન નંબર પરથી એક અજાણ્યા વ્યક્તિએ ફોન કરીને 'તમારા પતિ મારી પત્ની સાથે વાતચીત કરે છે, જેથી મેં તેમનું અપહરણ કરી લીધું છે અને તે હાલ મારી પાસે છે. જો તેમને જીવતા છોડાવવા હોય તો તાત્કાલિક રૂ.૧૦ લાખ લઈને રણસીપુર આવી જાઓ, નહીં તો કિરણને જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી હતી.જેથી ગભરાયેલા પરિવારે કિરણભાઈની શોધખોળ શરૂ કરતાં કિરણભાઈ વિજાપુરના ટેચાવા ગામના અલ્પેશજી કનુજી ઠાકોરની પત્ની સાથે ફોન પર અવારનવાર વાતચીત કરતા હતા, જે બાબતે અગાઉ પતિ-પત્ની વચ્ચે બોલાચાલી પણ થઈ હતી.

સોમવારે કિરણભાઈ અને આરોપીની પત્ની વડનગર ખાતે મળ્યા બાદ બાઈક પર વિસનગર તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન વડબાર પાટિયા નજીક કાળા રંગની કાર લઈને આવેલો અલ્પેશજી કિરણભાઈનું કારમાં અપહરણ કરીને લઈ ગયો હતો. વડનગર પોલીસે અલ્પેશજી ઠાકોર સામે ગુનો નોંધી અપહતની શોધખોળ શરૂ કરી હતી.

# સરસપુરમાં 149 વર્ષ જૂની પરંપરા થશે પુનઃજીવિત રણછોડજી મંદિરેથી ભરાશે જગન્નાથજીનું મામેરું

## જૂની પરંપરાનું પુનઃસ્થાપન થવાથી યુવા પેઢી આધ્યાત્મિક ઇતિહાસથી પરિચિત થશે

અમદાવાદની વિશ્વવિખ્યાત ભગવાન જગન્નાથજીની રથયાત્રાને ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. સરસપુરની વાસણ શેરી ખાતે આવેલા પ્રાચીન અને ભગવાનના જુના મોસાળ સમાન રણછોડજી મંદિરેથી મામેરું અર્પણ કરવાની 149 વર્ષ જૂની પરંપરાને આ વર્ષે પુનઃજીવિત કરવામાં આવી રહી છે. મહંત વાસુદેવદાસજી મહારાજ દ્વારા શરૂ કરાયેલી આ પ્રથા અંતર્ગત રથયાત્રાના પાવન દિવસે ભગવાન જગન્નાથજીને મોસાળ પક્ષ તરફથી મામેરું અર્પણ



કરાતું હતું, અને સાથે જ હજારો ભક્તો તેમજ સાધુ-સંતો માટે ભોજન-પ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવતી હતી. કાળક્રમે કોઈ કારણોસર આ પ્રથામાં વિરામ આવી ગયો હતો. જોકે, હવે આગામી રથયાત્રામાં સંતો-મહંતો અને પધારનારા તમામ શ્રદ્ધાળુઓ માટે ભવ્ય મહાપ્રસાદનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

આગામી રથયાત્રાના પાવન પ્રસંગે આ પ્રાચીન રણછોડજી મંદિરેથી ભગવાનને મામેરામાં સુદર્શન ચક્ર, વાંસળી તેમજ અન્ય આકર્ષક ભેટ-સોગાદો શ્રદ્ધાપૂર્વક અર્પણ કરવામાં આવશે. વર્ષો જૂની આ પરંપરાનું પુનઃસ્થાપન થવાથી આવનારી યુવા પેઢી શહેરના ભવ્ય આધ્યાત્મિક ઈતિહાસથી વધુ નજીકથી પરિચિત થશે

# અષાઢ માસ : ચાતુર્માસના આરંભે ભક્તિ દ્વારા સુખ અને સમૃદ્ધિ પામી શકાય

ગુજરાત, મહારાષ્ટ્રમાં ચાતુર્માસ એટલે અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો માસ. વધુ વિગતવાર વાત કરીએ તો ચાતુર્માસ એટલે અષાઢ સુદ 11થી કારતક સુદ 11 સુધીનો ચાર માસનો સમયગાળો.


દેવપોઢી એકાદશીથી શરૂ થતા અને દેવઊઠી એકાદશીના દિવસે પૂર્ણ થતા ચાતુર્માસનો પ્રત્યેક દિવસ જપ-તપ, વ્રત-ઉપવાસને કારણે પર્વ-તહેવાર જેવો લાગે છે. ચાતુર્માસમાં લગ્ન, જનોઈ, વાસ્તુ જેવા મહત્ત્વના માંગલિક પ્રસંગોનાં શુભ મુહૂર્તો હોતાં નથી.

કવિ કાલિદાસની સ્મૃતિમાં દર વર્ષે અષાઢ સુદ એકમના દિવસને મહાકવિ કાલિદાસ જયંતી તરીકે ઊજવવામાં આવે છે. સુપ્રસિદ્ધ સંસ્કૃત રચના `મેઘદૂત'માં આષાઢસ્ય પ્રથમ દિવસે... નું મંગલમય ગાન કરીને કવિએ અષાઢ માસનો મહિમા કર્યો છે. આ અષાઢ માસનું મહત્ત્વ ખગોળ અને જ્યોતિષની દૃષ્ટિએ પણ વિશેષ છે તે વાત બહુ ઓછા લોકો જાણે છે.

કાર્તિકી સંવત્સરના બાર મહિના કારતક, માગશર, પોષ વગેરેમાં અષાઢ માસ નવમા ક્રમાંકે આવે છે. નૈસર્ગિક કુંડળીનાં બાર સ્થાનોમાં કારતક, માગશર, પોષથી માંડીને આસો સુધીના બાર મહિના ગોઠવીએ તો અષાઢ માસ નવમા ભાગ્ય ભુવનમાં સમાય છે. 27 નક્ષત્રો પૈકી ઉત્તરાષાઢા નક્ષત્ર એ અષાઢ માસનું રખેવાળ નક્ષત્ર ગણાય છે.

અષાઢ માસની સુદ બીજ એટલે અષાઢી બીજ. આ પવિત્ર અને શુકનવંતા દિવસનું રહસ્ય બહુ ઓછા લોકો જાણે છે. એક જમાનામાં કચ્છ પ્રદેશ સમૃદ્ધ અને ફળદ્રુપ વિસ્તાર હતો. કચ્છી નૂતન વર્ષ પણ અષાઢ સુદ એકમથી શરૂ થાય છે. નૂતન ચંદ્રદર્શનના મહત્ત્વને કારણે અષાઢી બીજના દિવસે કચ્છી અષાઢી નૂતન વર્ષ જેવો માહોલ સર્વત્ર જોવા મળે છે. અષાઢી બીજને બંગાળમાં મનોરથ દ્વિતીયા કહે છે.

મનનો કારક ચંદ્ર પોતાની રાશિ કર્કમાં હોય અને સુદ બીજ જેવી પવિત્ર તિથિ હોય ત્યારે સાત્ત્વિક હેતુથી પ્રગતિ પામવાના સંકલ્પ સિદ્ધ



થાય તે સ્વાભાવિક છે. ગૌરી, જયા, દુર્ગા, કુમારિકા વગેરે નારી શક્તિના ઉજ્જ્વળ સ્વરૂપો છે. શાસ્ત્રમાં તેના લક્ષ્મી સ્વરૂપે વર્ણન જોવા મળે છે, તેથી ગૌરી વ્રત, જયા પાર્વતી વ્રતના દિવસો બાર માસ પૈકી માત્ર અષાઢ માસમાં જ પસંદગી પામ્યા છે.

આર્થિક આયોજનમાં ઉપયોગી અષાઢ માસના મંગલકારી દિવસો અંગે જાણકારી મેળવીએ. આ પવિત્ર દિવસોએ અત્રે જણાવેલ વિધિવિધાન કરવાથી આર્થિક ભીડમાં રાહત રહે. સાચી દિશામાં રોજગારી માટે પ્રેરણા થાય છે. અટવાઈ ગયેલી ઉઘરાણીમાં શુભ સમાચાર મળે છે.

(1) અષાઢી બીજની સવારે પવિત્ર જળથી સ્નાન કરી કુળદેવી માતાજીનું સ્મરણ કરીને દિવસે મહાલક્ષ્મીનું યથાયોગ્ય સ્મરણ કરવું. નાની બાલિકા(ગૌરી)ને પ્રસન્ન કરવી. શુદ્ધ સાત્ત્વિક ભોજન કરવું.

સાંજે પશ્ચિમ દિશામાં નૂતન ચંદ્રનાં દર્શન કરવાં. આ ચંદ્ર માત્ર થોડી ક્ષણો માટે જ હોય છે, તેથી સૂર્યાસ્તના સમયે સ્નાન કરી પવિત્ર થઈને દર્શન કરતી વખતે શિવ પાર્વતીનું સ્મરણ કરવું. (તા. 16 જુલાઈ, ગુરુવારે અષાઢી બીજ છે.)

(2) અષાઢ સુદ આઠમ(માસિક દુર્ગાષ્ટમી)ના પવિત્ર દિવસે દુર્ગા સ્વરૂપ દેવીની ભક્તિ કરવી. શુદ્ધ ઉચ્ચાર સાથે દુર્ગા સપ્તશતીનો પાઠ થાય તો ઉત્તમ. આ દિવસે સવારે ક. 07-54 સુધી ચંદ્ર કન્યા રાશિમાં છે. કન્યા રાશિનો સ્વામી બુધ છે, જે વાણી અને બુદ્ધિસંપત્તિનો કારક ગ્રહ છે. ખીર (દૂધ ચોખાની વાનગી) સાથે સાત્ત્વિક ભોજનથી એક ટંક જમવું. સાંજે આઠમનો અડધો ચંદ્ર મધ્ય આકાશમાં દેખાય ત્યારે મહાલક્ષ્મીના મંત્રો કરવા. અથવા પોતાની ચંદ્ર રાશિના સ્વામીના મંત્રજાપની એક માળા કરવી. વાદળછાયા વાતાવરણમાં ચંદ્ર ન દેખાય તો સૂર્યાસ્ત પછીની એકાદ બે ઘડી (24થી 48 મિનિટ) દરમિયાન ચંદ્રના દર્શનની ભાવના કરીને મંત્ર કરવા. (તા. 21 જુલાઈને મંગળવારે દુર્ગાષ્ટમી છે).

(3) દેવપોઢી એકાદશીના દિવસે લક્ષ્મી-નારાયણની મૂર્તિ કે તસવીરનાં દર્શન કરવાં. વિષ્ણુ સહસ્ત્રનામનો પાઠ કરવો. પીપળાના વૃક્ષનાં દર્શન કરવાં. એકાદ વૃક્ષનો ઉછેર કરવાનો સંકલ્પ કરવો. આમ કરવાથી સાચી દિશામાંથી આર્થિક આયોજનના સંકેત મળે છે. (તા. 25 જુલાઈને શનિવારે દેવશયની- દેવપોઢી એકાદશી છે).

(4) વર્ષની સૌથી મહત્ત્વની પૂર્ણિમા ગુરુપૂર્ણિમા (વ્યાસપૂર્ણિમા) અષાઢ સુદ પૂનમે આવે છે. પોતાના પારિવારિક ગુરુ, સાચા સંત, પોતાના વિદ્યાભ્યાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર શિક્ષકો-પ્રાધ્યાપકો કે ધંધા-રોજગાર-વ્યવસાયના માર્ગદર્શક મહાનુભાવોની સૌજન્ય મુલાકાત લેવી. આભાર વ્યક્ત કરવો. પ્રેરક અને બોધક પુસ્તકોનું વાંચન કરવું. આમ કરવાથી પોઝિટિવ ઊર્જામાં વધારો થાય છે. (તા. 29 જુલાઈને બુધવારે ગુરુપૂર્ણિમાનો ઉત્તમ અવસર છે).

ભગવાન વિષ્ણુને તુલસી અતિ પ્રિય હોવાથી સમગ્ર અષાઢ માસ દરમિયાન તુલસીના છોડના જતન તથા વૃદ્ધિ માટે પ્રયત્ન કરવો. પોતાના આરોગ્યની જાળવણી માટે તુલસીનો વિશેષ ઉપયોગ વિવિધ પ્રકારે કરવો. સાત્ત્વિક સાહિત્યનું વાંચન કરવું. જનસેવા એ પ્રભુસેવા સમજીને આપણી આસપાસના જરૂરિયાતવાળા લોકોને શક્ય હોય તે રીતે મદદ કરવી જોઈએ. અષાઢ માસમાં ભેજનું પ્રમાણ સારું હોય છે. બાગાયત, ઔષધીય છોડ કે વૃક્ષારોપણ કરીને વૃક્ષ ઉછેર માટે પ્રયત્નો કરવા જોઈએ.

## FIFA વર્લ્ડકપમાં હવે કરો કે મરો

# ક્વાર્ટર ફાઈનલ રાઉન્ડની 8 ટીમોમાં જબરદસ્ત ટક્કર

**FIFA વર્લ્ડ કપ 2026 ક્વાર્ટર ફાઇનલનો રોમાંચ શરૂ થયો છે. 48 ટીમોમાંથી હવે 8 ટીમો મેદાનમાં છે. આર્જેન્ટિના, ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, સ્પેન, બેલ્જિયમ, મોરોક્કો, સ્વિટ્ઝર્લેન્ડ અને નોર્વેએ સ્થાન મેળવ્યું છે. 9 જુલાઈ (ભારતીય સમય મુજબ 10 જુલાઈ)થી અમેરિકામાં ક્વાર્ટર ફાઇનલ રમાશે, જેમાં ફ્રાન્સ-મોરોક્કો પ્રથમ મુકાબલો હશે. બ્રાઝિલ-જર્મની પ્રથમવાર ક્વાર્ટર ફાઇનલ પહેલાં જ બહાર થઈ ગયા છે.**

### બ્રાઝિલ અને જર્મની પ્રથમ વખત એકસાથે ક્વાર્ટર ફાઇનલ પહેલાં બહાર

વર્લ્ડ કપના ઇતિહાસમાં આ પ્રથમ વખત બન્યું છે જ્યારે ફૂટબોલ જગતની બે સૌથી મોટી દિગ્ગજ ટીમો બ્રાઝિલ અને જર્મની એકસાથે ક્વાર્ટર ફાઇનલ (અંતિમ-8) પહેલાં જ બહાર થઈ ગઈ હોય. બીજી તરફ, વર્ષ 2022ના વર્લ્ડ કપની ચાર ટીમો–આર્જેન્ટિના, ફ્રાન્સ, ઇંગ્લેન્ડ અને મોરોક્કોએ સતત બીજી વાર અંતિમ-8માં સ્થાન મેળવ્યું છે. આઠમાંથી ચાર ટીમો (આર્જેન્ટિના-3 વાર, ફ્રાન્સ-2 વાર, ઇંગ્લેન્ડ-1 વાર, સ્પેન-1 વાર) પૂર્વ ચેમ્પિયન છે, જ્યારે બેલ્જિયમ, મોરોક્કો, સ્વિટ્ઝરલેન્ડ અને નોર્વે પોતાના પ્રથમ ખિતાબની શોધમાં છે.

### આર્જેન્ટિના સામે રેફરીના વિવાદિત નિર્ણયોને કારણે FIFA વર્લ્ડ કપથી બહાર ફેંકાતા ઈજિપ્તે ઓફિશિયલ કમ્પ્લેન કરી

FIFA વર્લ્ડ કપ 2026માં આર્જેન્ટિના સામે 3-2થી હાર્યા બાદ ઇજિપ્ત ફૂટબોલ ફેડરેશને રોષ વ્યક્ત કર્યો છે. તેમણે રાઉન્ડ ઓફ 16ની મેચમાં રેફરી ટીમ સામે FIFAમાં ફરિયાદ કરી, તેમને તાત્કાલિક હટાવવાની માંગ કરી છે. ફ્રાન્સના મુખ્ય રેફરી ફ્રાંસવા લેટેક્સિયેર સામે તપાસની માંગ કરાઈ છે. ઇજિપ્તનો એક ગોલ VAR દ્વારા રદ થયો હતો અને પેનલ્ટી ન મળ્યાનો પણ દાવો છે.




### નોર્વેએ ઇતિહાસ રચ્યો, મોરોક્કોનો દબદબો અને સ્પેનનો 'ઝીરો ગોલ' રેકોર્ડ

એર્લિંગ હાલેન્ડની આગેવાનીમાં નોર્વેએ પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં બ્રાઝિલને હરાવીને ઇતિહાસમાં પહેલીવાર ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે, જ્યાં તેનો સામનો 10મી વાર આ રાઉન્ડ રમનાર ઇંગ્લેન્ડ સામે થશે. મોરોક્કો સતત બે વર્લ્ડ કપમાં ક્વાર્ટર ફાઇનલ રમનારી પ્રથમ આફ્રિકન ટીમ બની છે. આ વખતે પણ 6 ટીમો સાથે યુરોપનો દબદબો યથાવત છે.

### ફ્રાન્સે તમામ મેચ નિર્ધારિત સમયમાં પૂર્ણ કરી

**આંકડાની વાત કરીએ તો, ફ્રાન્સ એકમાત્ર એવી ટીમ છે જેણે પોતાની તમામ 5 મેચ નિર્ધારિત 90 મિનિટમાં જીતી છે. સ્પેનની ટીમે નવો ઇતિહાસ રચતાં 5 મેચોમાં હજુ સુધી એકપણ ગોલ ખાધો નથી, જે વર્લ્ડ કપનું સર્વશ્રેષ્ઠ ડિફેન્સ છે. ગોલ કરવાના મામલે આર્જેન્ટિના અને ફ્રાન્સ 14-14 ગોલ સાથે સૌથી આક્રમક ટીમો સાબિત થઈ છે.**

### ગોલ્ડન બૂટ માટેની રેસમાં મેસી અને એમ્બાપ્પે વચ્ચે ટક્કર

ટૂર્નામેન્ટમાં ગોલ્ડન બૂટ જીતવાની રેસ અત્યંત રસપ્રદ બની ગઈ છે. હાલમાં આર્જેન્ટિનાનો લિયોનલ મેસી 8 ગોલ સાથે સૌથી આગળ છે. તેની પાછળ ફ્રાન્સનો કિલિયન એમ્બાપ્પે અને નોર્વેનો એર્લિંગ હાલેન્ડ 7-7 ગોલ સાથે બીજા સ્થાને છે, જ્યારે ઇંગ્લેન્ડનો હેરી કેન 6 ગોલ સાથે રેસમાં બનેલો છે.



### 'મેં મારું બેસ્ટ આપ્યું, હવે કોઈ અફસોસ નથી...' વર્લ્ડકપમાંથી ભાવુક વિદાય બાદ રોનાલ્ડોનું નિવેદન

**ફૂટબોલ જગતના દિગ્ગજ ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ વર્લ્ડ કપમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. પોર્ટુગલની સ્પેન સામેની હાર બાદ રોનાલ્ડોએ જણાવ્યું કે, આ તેનો છેલ્લો વર્લ્ડ કપ હતો. 41 વર્ષીય રોનાલ્ડોએ 27 વર્લ્ડ કપ મેચમાં 11 ગોલ કર્યા છે. તેણે 6 અલગ-અલગ વર્લ્ડ કપ એડિશનમાં ગોલ કરવાનો અનોખો રેકોર્ડ બનાવ્યો છે. જોકે, વર્લ્ડ કપ ટ્રોફી જીતવાનું તેનું સ્વપ્ન અધૂરું રહ્યું."હું ઠીક છું. દુઃખ માત્ર એ વાતનું છે કે અમારો વર્લ્ડ કપ આ રીતે સમાપ્ત થયો. પરંતુ જેમ મેં પ્રેસ કોન્ફરન્સમાં પણ કહ્યું હતું, મેં મારું પૂરેપૂરું જોર લગાવી દીધું હતું અને મને આ વાતનો કોઈ જ પસ્તાવો નથી."**

### નોર્વે સામે હાર બાદ નેમાર રડી પડયો; આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ જાહેર

નોર્વે સામેની આંચકારૂપ હારથી બ્રાઝિલનું વિશ્વ કપ અભિયાન નિરાશાજનક રીતે સમાપ્ત થયું હતું. આ હાર સાથે જ બ્રાઝિલના 34 વર્ષીય સ્ટાર ખેલાડી નેમારે ઈન્ટરનેશનલ ફૂટબોલમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી. નોર્વે સામેની હાર બાદ નેમાર મેદાન પર જ ધ્રુસકે ધ્રુસકે રડી પડયો હતો. મેચ બાદ નેમારે કહ્યું મારી ઈન્ટરનેશનલ કેરિયર મેટલાઇફ સ્ટેડિયમ પર શરૂ થઇ હતી અને એ જ મેદાન પર તેનો અંત આવે છે.

## વર્લ્ડ કપથી ટોરોન્ટોમાં આર્થિક ગતિવિધિ વધી, પરંતુ અપેક્ષિત લક્ષ્યાંક કરતાં આંકડા મિશ્ર રહ્યા

**ટોરોન્ટો**

છેલ્લા ચાર અઠવાડિયાથી ટોરોન્ટોમાં ફિફા વર્લ્ડ કપને કારણે ઉત્સાહ અને ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો. જો કે, તાજેતરમાં જાહેર થયેલા આર્થિક ડેટા દર્શાવે છે કે, આ ભવ્ય આયોજનથી સ્થાનિક સ્તરે જે આર્થિક લક્ષ્યાંકની અપેક્ષા રાખવામાં આવી હતી, તે કદાચ સંપૂર્ણપણે પ્રાપ્ત થઈ શકી નથી. મ્યુનિસિપાલિટી, પ્રાંત અને ફેડરલ સરકાર દ્વારા સંયુક્ત રીતે આ સમયગાળા દરમિયાન છ મેચોના આયોજન પાછળ કુલ $૩૮૦ મિલિયનનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જ્યારે ૩,૦૦,૦૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ આવે તેવો અંદાજ હતો.

લિટલ ઇટાલીમાં આવેલા પ્રખ્યાત 'કાફે ડિપ્લોમેટિગો'ના સહ-માલિક રોકો માસ્ટ્રેન્જેલોએ જણાવ્યું કે, "અમે વ્યવસાયમાં સ્પષ્ટ ધસારો જોયો છે. રમતો દરમિયાન ગ્રાહકોની ભારે ભીડ રહેતી હતી." જોકે, સમગ્ર શહેરના ડેટા પર નજર કરીએ તો જુદા જુદા ક્ષેત્રોમાં મિશ્ર પ્રતિસાદ મળ્યો છે

ગયા વર્ષની સરખામણીમાં ટૂર્નામેન્ટના પ્રથમ બે અઠવાડિયામાં હોટેલના કુલ ખર્ચમાં ૧૮ ટકાનો વધારો થયો હતો. અહીં એકંદરે માત્ર ૩ ટકાનો સાધારણ વધારો નોંધાયો હતો.

## ICC T20 રેન્કિંગમાં ઉથલપાથલ, શ્રેયસ અય્યરની 425 ક્રમની મોટી છલાંગ, નંબર-1 પર ભારતીય બેટર

**દુબઈ**

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ બુધવારે પુરુષ T20 ખેલાડીઓની તાજેતરની રેન્કિંગ જાહેર કરી છે, જેમાં ઈંગ્લિશ પ્લેયર્સનો આ T20 રેન્કિંગમાં દબદબો જોવા મળ્યો છે. ઈંગ્લેન્ડના જેકબ બેથેલ T20 બેટ્સમેનોની યાદીમાં સાત સ્થાનની છલાંગ લગાવીને આઠમા નંબરે પહોંચી ગયો છે. તેણે ભારત સામેની બીજી મેચમાં 46 બોલમાં અણનમ 76 રનની શાનદાર ઈનિંગ રમી હતી. ઈંગ્લેન્ડે પાંચ મેચોની T20 સિરીઝમાં 2-0ની લીડ મેળવી લીધી છે, જ્યારે સિરીઝની પ્રથમ મેચ વરસાદના કારણે ધોવાઈ ગઈ હતી.

બીજી તરફ ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર સેમ કરન બેટિંગ રેન્કિંગમાં 12 સ્થાનના સુધારા સાથે 108માં સ્થાન પર પહોંચી ગયો છે. આટલા જ સ્થાન સાથે તે બોલિંગ રેન્કિંગમાં પણ 71મા નંબરે આવી ગયો છે.

જ્યારે ઓલરાઉન્ડર્સની રેન્કિંગમાં તે છ સ્થાન ઉપર ચઢીને સંયુક્ત રીતે 13મા ક્રમે પહોંચી ગયો છે. સેમ કરને બીજી મેચમાં 33 રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી, જ્યારે ત્રીજી મેચમાં અણનમ 41 રન બનાવ્યા હતા. તમને જણાવી દઈએ કે, ભારતને ત્રીજી મેચમાં 125 રનથી કારમી હારનો સામનો કરવો પડ્યો હતો, જે T20I ઈતિહાસમાં રનની દ્રષ્ટિએ ભારતની સૌથી મોટી હાર છે.

ભારતીય T20 ટીમના કેપ્ટન શ્રેયસ અય્યરે બેટ્સમેનોની યાદીમાં 425 ક્રમની મોટી છલાંગ લગાવી છે. તે હવે 93મા નંબરે આવી ગયો છે. આમ અય્યરની ટોપ 100માં એન્ટ્રી થઈ ગઈ છે. અય્યરની કેપ્ટનશિપની શરૂઆત ભલે સારી ન રહી હોય, પરંતુ ઈંગ્લેન્ડ સામેની પ્રથમ મેચમાં 68 રન બનાવીને તેણે પ્રભાવિત કર્યા હતા. તેણે બીજી મેચમાં 37 રન બનાવ્યા હતા, જોકે ત્રીજી મેચમાં તે માત્ર 5 રન જ બનાવી શક્યો હતો. બીજી તરફ ભારતના વિકેટકીપર ઈશાન કિશન નંબર-1 બેટ્સમેન છે. તેણે બીજી મેચમાં 49 રનની ઈનિંગ રમી હતી, પરંતુ નોટિંગહામમાં રમાયેલી મેચમાં તે માત્ર 13 રન જ બનાવી શક્યો હતો. જ્યારે અભિષેક શર્મા બીજા ક્રમ પર યથાવત છે, જેણે ત્રીજી મેચમાં 13 રન બનાવ્યા હતા. આ સાથે જ T20 રેન્કિંગના ટોપ-10 બેટ્સમેનોમાં ત્રણ ભારતીયો સામેલ છે, જેમાં તિલક વર્મા છઠ્ઠા સ્થાન પર યથાવત છે.

## ભારત 12 વર્ષ પછી ઈંગ્લેન્ડ સામે ટી-20 સિરીઝ હાર્યું:9 વિકેટથી ચોથી મેચ ગુમાવી

**બ્રિસ્ટલ**

ભારત 12 વર્ષ પછી ઈંગ્લેન્ડ સામે ટી-20 સિરીઝ હારી ગયું. બ્રિસ્ટલના કાઉન્ટી ગ્રાઉન્ડમાં રમાયેલી ચોથી ટી-20માં ઈંગ્લેન્ડે 159 રનનો ટાર્ગેટ માત્ર 13.5 ઓવરમાં એક વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો હતો. આ સાથે, ઈંગ્લેન્ડે પાંચ મેચની શ્રેણીમાં 3-0થી લીડ મેળવી લીધી.

ઈંગ્લેન્ડે ભારત સામે છેલ્લી ટી-20 સિરીઝ 2014માં જીતી હતી. ત્યાં જ ભારતે 2018-19 પછી પહેલી વાર સતત બીજી ટી-20 સિરીઝ ગુમાવી. આ પહેલા ટીમ આયર્લેન્ડ સામે 2-0થી સિરીઝ હારીને આવી હતી.

ભારતે ટોસ જીતીને પહેલા બેટિંગ પસંદ કરી, પરંતુ શરૂઆત સારી રહી નહીં. 48 રન સુધી ત્રણ વિકેટ પડી ગઈ. ત્યારબાદ કેપ્ટન શ્રેયસ અય્યરે એક છેડો સાચવતા 49 બોલમાં અણનમ 80 રન બનાવ્યા. તેમણે પોતાની ઈનિંગમાં 4 ચોગ્ગા અને 5 છગ્ગા લગાવ્યા, પરંતુ બીજા બેટ્સમેનો તેમનો સાથ આપી શક્યા નહીં. ભારતે 20 ઓવરમાં 7 વિકેટ પર 158 રન બનાવ્યા. 15 વર્ષના વૈભવ સૂર્યવંશી એક વાર ફરી મોટી ઈનિંગ રમવામાં નિષ્ફળ રહ્યા. તેઓ 10 બોલમાં 15 રન બનાવીને જોફ્રા આર્ચરના બોલ પર આઉટ થયા. ત્રણ ટી-20 ઈન્ટરનેશનલ પછી વૈભવના બેટમાંથી અત્યાર સુધી માત્ર 42 રન જ નીકળ્યા છે. તેમણે પહેલી મેચમાં 14, બીજીમાં 13 રન બનાવ્યા હતા.

# વાયનાડમાં ભુસ્ખલન અને રાજસ્થાનમાં વીજળી પડતાં 8ના મોત

ભુસ્ખલનથી અનેક દટાયા, ચિત્તોડગઢમાં ઝૂપડા પર વીજળી પડવાથી પરિવારે જીવ ગુમાવ્યો, ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં ભારે આફત

**વાયનાડ**

કેરળના વાયનાડમાં ભુસ્ખલનને કારણે પાંચ લોકોના મોત નિપજ્યા હતા જ્યારે ૧૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ટનલ પ્રોજેક્ટ સ્થળે જ આ ઘટના બની હતી જેને કારણે કેટલાક લોકો ગૂમ છે જેમને રેસ્ક્યૂ કરવામાં આવી રહ્યા છે. જ્યારે રાજસ્થાનમાં પણ ભારે વરસાદ વચ્ચે વીજળી પડવાથી ત્રણ લોકો માર્યા ગયા હતા. ઝૂપડા પર વીજળી પડવાથી એક જ પરિવારના લોકો માર્યા ગયા હતા જેમાં બાળકનો પણ સમાવેશ થાય છે.

કેરળના વાયનાડથી કોઝિકોડેને જોડનારી ટનલના પ્રોજેક્ટ સ્થળ પાસે ભુસ્ખલન થયું હતું. જેમાં પાંચ લોકો માર્યા ગયા છે. અનેક લોકો કાટમાળમાં દટાયા છે જેમને બચાવવા માટે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરાયું હતું. સ્થાનિક સાંસદ પ્રિયંકા ગાંધીએ પ્રશાસનને તમામ અસરગ્રસ્તોને મદદ કરવા માટે કહ્યું હતું સાથે જ દાવો કર્યો હતો કે તેમણે કેરળના મુખ્યમંત્રી વીડી સતીશન સાથે પણ વાતચીત કરી હતી. અગાઉ પણ આ વિસ્તારમાં ભુસ્ખલનની ઘટનાઓ સામે આવી ચુકી છે.

દરમિયાન રાજસ્થાનના ચિત્તોડગઢમાં એક ઝૂપડા પર વીજળી પડી હતી જેને કારણે અંદર રહેતા એક જ પરિવારના ત્રણ લોકો માર્યા ગયા હતા. માર્યા ગયેલા ત્રણ લોકોમાં એક બાળકનો પણ સમાવેશ થાય છે. તમામ લોકો ઉંઘી રહ્યા હતા ત્યારે જ વીજળી પડી હતી. મંગળવારે રાજધાની દિલ્હીમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. આ પહેલા ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું હતું અને વરસાદની આગાહી કરાઇ હતી જેમાં સુધારો કરીને હવે ભારે વરસાદને પગલે રેડ એલર્ટ જાહેર કરાયું છે.

## દિલ્હીમાં પૂર જેવી સ્થિતિ અને મોટી દુર્ઘટના

દિલ્હીના અનેક વિસ્તારોમાં માત્ર થોડા કલાકોના વરસાદમાં જ રસ્તાઓ નદી જેવા બની ગયા છે. સંગમ વિહાર અને જહાંગીરપુરી જેવા વિસ્તારોમાં બસો અને કારો પાણીમાં ડૂબેલી જોવા મળી હતી. ડ્રેનેજ સિસ્ટમ સંપૂર્ણ ચોક થઈ જતાં લાખો લોકો બંધક બન્યા છે. આ દરમિયાન દિલ્હીના રોહિણી સેક્ટર-16 માં એક મોટી દુર્ઘટના ઘટી છે, જ્યાં વરસાદ વચ્ચે એક 4 માળની નિર્માણાધીન ઈમારત ધરાશાયી થતાં 3 લોકોના મોત નીપજ્યા છે. ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદ, નોઈડા, મેરઠ અને અલીગઢમાં મુશળધાર વરસાદ પડ્યો છે. ગાઝિયાબાદના વસુંધરામાં રોડ બેસી જતાં એક કાર જમીનની અંદર ધસી ગઈ હતી, જ્યારે ઇન્દિરાપુરમમાં હાઇવે પર કમર સુધી પાણી ભરાઈ ગયા હતા. મથુરાના પ્રસિદ્ધ બાંકે બિહારી મંદિરના મુખ્ય માર્ગો અને દુકાનોમાં પાણી ભરાઈ જતાં શ્રદ્ધાળુઓ મુશ્કેલીમાં મુકાયા છે. સહારનપુરમાં નદીના પ્રવાહમાં વહી ગયેલા બાઈક સવારોને બચાવવામાં આવ્યા હતા.

# ચિંચવડમાં કચરાના મોટા ઢગલાં સાથે 3 માળની ઈમારત ધ્વસ્ત, 16નું રેસ્ક્યૂ

**ચિંચવાડ**

મહારાષ્ટ્રના પિંપરી ચિંચવડમાં બુધવારે એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. અહીં કચરાનો એક વિશાળ ઢગલો ત્રણ માળની ઈમારત પર ધરાશાયી થતાં અંદાજે 16 જેટલા લોકો કાટમાળ નીચે ફસાયા હોવાની આશંકા છે. આ ઘટનાને પગલે મોટા પાયે બચાવ કામગીરી તેજ કરી દેવામાં આવી છે. આ ઘટના મોશી વિસ્તારમાં બની હતી. જે ઈમારત પર કચરો પડ્યો છે, તે પિંપરી ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે વેસ્ટ પ્રોસેસિંગનું કામ કરતી ખાનગી કંપનીની વહીવટી ઓફિસ તરીકે ઉપયોગમાં લેવાતી હતી. PCMC કમિશનર વિજય સૂર્યવંશીના જણાવ્યા અનુસાર, આ ઈમારત વર્ષો જૂના કચરાના એક મોટા પહાડની બિલકુલ બાજુમાં આવેલી હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, સતત પડી રહેલા ભારે વરસાદને કારણે કચરાનો આ આખો ઢગલો ઢીલો થઈ ગયો હતો, જેના લીધે તે સરકીને સીધો ઈમારત પર ખાબક્યો હતો, અને સમગ્ર માળખું ધરાશાયી થઈ ગયું હતું.

અધિકારીઓએ જણાવ્યું કે, જ્યારે આ દુર્ઘટના ઘટી ત્યારે ઈમારતની અંદર અંદાજે 16 જેટલા કર્મચારીઓ હાજર હોવાનું માનવામાં આવે છે, જેથી તેઓ કાટમાળ નીચે દબાયા હોવાની ભારે આશંકા સેવાઈ રહી છે.

# ઉત્તરાખંડમાં તોફાની વરસાદ, નદીઓ ગાંડીતૂર ભૂસ્ખલન થવાને કારણે 32થી વધુ રોડ ઠપ

પંતનગરમાં સૌથી વધુ 107 મીમી વરસાદ, અનેક જિલ્લાઓમાં જળબંબોળની સ્થિતિ

**દહેરાદૂન**

ઉત્તરાખંડમાં ચોમાસાનો વરસાદ આફત લઈને આવ્યો છે. રાજ્યમાં થઈ રહેલા ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં ભયાનક ભૂસ્ખલનની ઘટનાઓ સામે આવી છે. ભૂસ્ખલનને લીધે અનેક રસ્તાઓ બંધ થઈ ગયા છે. જેના કારણે લોકોને અવરજવર કરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેમાં પંતનગરમાં સૌથી વધુ 107 મીમી વરસાદ ખાબક્યો હતો. આ રસ્તાઓ પરથી કાટમાળ હટાવવા માટે તંત્રની વિવિધ ટીમો સતત દોડધામ કરી રહી છે. આ ઉપરાંત, સતત વરસી રહેલા વરસાદને કારણે અલકનંદા સહિતની પ્રમુખ નદીઓ બે કાંઠે વહી રહી છે અને જળ સ્તરમાં ચિંતાજનક વધારો થયો છે.



ઉત્તરાખંડમાં હાલમાં 32 જેટલા મુખ્ય રસ્તાઓ ભૂસ્ખલનના કારણે સંપૂર્ણપણે બંધ થઈ ગયા છે. ઉચ્ચ અધિકારીઓએ જણાવ્યું છે કે રસ્તાઓ પરથી પથ્થરો અને કાટમાળ હટાવીને વાહનવ્યવહાર ઝડપથી પુનઃસ્થાપિત કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે.


# HPCLના ગેસ રિફિલિંગ પ્લાન્ટમાં પાણી ઘૂસી જતાં ગેસ સિલિન્ડરો નદીમાં વહેતા જોવા મળ્યા

બધા સિલિન્ડરો ખાલી હોવાના કારણે વિસ્તારમાં મોટી દુર્ઘટના ટળી ગઇ હતી

**મુંબઈ**

મહારાષ્ટ્રના રાયગઢમાં રિયલ લાઈફમાં જોવા મળ્યો છે. બસ ફરક એટલો જ હતો કે આ વખતે નદીમાં કિંમતી લાલ ચંદન નહીં, પરંતુ મોતનો સામાન એટલે કે આશરે ૩૦૦૦ LPG ગેસ સિલિન્ડર તરતા નજરે પડ્યા હતા. ભારે વરસાદ બાદ આવેલા પૂરમાં HPCL પ્લાન્ટમાંથી વહી રહેલા આ સિલિન્ડરોનો વિડીયો વાયરલ થઈ હતો.

વિસ્તારમાં થયેલા મુશળધાર વરસાદના કારણે પહાડી નાળાઓનું જળસ્તર અચાનક વધી ગયું અને પૂરના તેજ પાણી સીધા ચાવણે સ્થિત એચપીસીએલના ગેસ રિફિલિંગ પ્લાન્ટમાં ઘૂસી ગયા હતા. પાણીનો પ્રવાહ એટલો ઝડપી હતો કે પ્લાન્ટના કર્મચારીઓને સંભાળવાની તક જ ન મળી અને બધા સિલિન્ડરો પાણી સાથે વહી ગયા હતા. સિલિન્ડરો ખાલી હોવાના કારણે વિસ્તારમાં મોટી દુર્ઘટના ટળી ગઈ હતી.



# વાંગચુકના ઉપવાસ વચ્ચે કોકરોચ પાર્ટીના સ્થાપકનો કચોરી ખાતાનો વીડિયોથી વિવાદ

**નવી દિલ્હી**

જંતર-મંતર પર સોનમ વાંગચુકના અનિશ્ચિતકાળના ઉપવાસના 10 દિવસ પૂર્ણ થયા છે. આ દરમિયાન કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકનો કચોરી, બ્રેડ પકોડા અને નૂડલ્સ ખાતો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં વિવાદ સર્જાયો છે. જ્યારે વાંગચુક ઉપવાસ પર છે ત્યારે દીપક અને તેમના સાથીઓ ભૂખ હડતાળ પર કેમ નથી બેઠા. આ ટીકાઓ વચ્ચે અભિજીત દીપકએ દાવો કર્યો છે કે વાયરલ વીડિયોને ખોટા સંદર્ભમાં રજૂ કરીને મૂળ મુદ્દા પરથી ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

અભિજીત દીપકે જણાવ્યું કે વાયરલ ક્લિપ તે સમયની છે જ્યારે સોનમ વાંગચુકે ઉપવાસ શરૂ પણ કર્યો નહોતો. તેમના જણાવ્યા મુજબ, તે સમયે તેઓ પર્યાવરણ સંમેલનમાં ભાગ લેવા યુરોપના પ્રવાસે હતા અને આશરે 10 દિવસ બાદ આંદોલન સાથે જોડાયા હતા. તેમનું કહેવું છે કે વીડિયો જાણીજોઈને કાપીને શેર કરવામાં આવી રહ્યો છે જેથી આ વિદ્યાર્થી આંદોલનને નબળું પાડી શકાય. મંચ પર માત્ર સોનમ વાંગચુક જ ઉપવાસ પર કેમ બેઠા છે તે અંગે દીપકએ જણાવ્યું કે આ નિર્ણય વાંગચુકનો પોતાનો હતો.

# પહલગામ હુમલાનો આરોપી અને તોયબાનો કમાન્ડર શોપિયાંના ઓપરેશનમાં ઠાર

**શ્રીનગર**

જમ્મુ કાશ્મીરના શોપિયાંમાં સુરક્ષાદળો દ્વારા મોટુ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. જેમાં લશ્કર-એ-તોયબાનો ટોચનો કમાન્ડર ઝાકિર ગની અને તેનો સાથી આતંકી બન્ને ઠાર મરાયા છે. માર્યો ગયેલો આતંકી ગની પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં સામેલ હતો, આ હુમલામાં ૨૬ જેટલા ભારતીય પર્યટકો માર્યા ગયા હતા જેનો એક વર્ષ બાદ આખરે સૈન્ય દ્વારા બદલો લેવામાં આવ્યો હતો. માર્યા ગયેલા તોયબાના કમાન્ડરનો મૃતદેહ ઠાર કરાયો તેના ચાર દિવસ બાદ મળ્યો હતો. ગયા વર્ષે જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલો થયો હતો. લોકોને તેમના ધર્મ પૂછી પૂછીને હિન્દુઓને ખાસ નિશાન બનાવીને અનેકની માથામાં ગોળીઓ મારીને હત્યા કરાઇ હતી.

# બંગાળમાં હિંસા : રેલીમાં BJP અને TMC વચ્ચે મારામારી 41 લોકો ઘાયલ, મમતાએ ગુસ્સામાં કાર્યકર્તાને થપ્પડ મારી

તૃણમૂલ કોંગ્રેસના નેતાઓએ પોલીસ અને કેન્દ્રીય સુરક્ષા દળોની કામગીરી સામે ગંભીર સવાલો

**કોલકાતા**

પશ્ચિમ બંગાળમાં મુખ્યમંત્રી મમતા બેનર્જીની રેલી દરમિયાન ભારે હોબાળો અને હિંસા થવાની ઘટના સામે આવી છે. ઘટનાનો વાયરલ થઈ રહેલો આ વીડિયો કલકત્તાના કાલીઘાટમાં આવેલા મમતા બેનર્જીના ઘરની બહારનો હોવાનું કહેવાય છે. વીડિયોમાં મમતા બેનર્જી ભીડને હટાવી રહ્યા છે. એવું જણાવવામાં આવી રહ્યું છે કે, તેઓ હિંસામાં ઘાયલ થયેલા કાર્યકર્તાઓને હોસ્પિટલ મોકલવા માટે ગાડીઓની વ્યવસ્થા કરી રહ્યા હતા, તે જ સમયે સુરક્ષા માટે ત્યાં એકઠા થયેલા કાર્યકર્તાઓમાંથી પાછળ ઉભેલા એક શખ્સને તેમણે અચાનક થપ્પડ મારી દીધી હતી.



વાસ્તવમાં, મમતા બેનર્જીએ પશ્ચિમ બંગાળના બરૂઈપુરમાં થયેલા રેપ-મર્ડરના વિરોધમાં આ માર્ચ કાઢી હતી. કલકત્તા હાઈકોર્ટની મંજૂરી બાદ આ રેલી બાલીગંજ ફાડીથી હાજરા તરફ જઈ રહી હતી. ટીએમસીનો આરોપ છે કે આ દરમિયાન ભાજપના સમર્થકો જબરદસ્તીથી રેલીમાં ઘૂસી ગયા હતા અને રસ્તો રોકવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે બંને પક્ષો વચ્ચે હિંસક મારામારી શરૂ થઈ ગઈ હતી. બંને પક્ષો આમને-સામને આવી જતાં વાતાવરણ તણાવપૂર્ણ બન્યું હતું અને જોતજોતામાં પથ્થરમારો શરૂ થઈ ગયો હતો. તૃણમૂલ કોંગ્રેસના નેતાઓએ પોલીસ અને કેન્દ્રીય સુરક્ષા દળોની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠ્યા છે.

# નિવૃત્ત ARTO લલિત કુમારના ઘરે વિજિલન્સના દરોડા, 13 કિલો સોનું અને 1.62 કરોડ રોકડા મળ્યા

## 9 કિલો ચાંદી, દાગીના પણ કબજે, 2024માં ભ્રષ્ટાચારની ફરિયાદ બાદ તપાસ શરૂ કરાઈ

**લખનઉ**

ઉત્તર પ્રદેશના નિવૃત્ત સહાયક સંભાગીય પરિવહન અધિકારી (ARTO) લલિત કુમારના લખનઉ સ્થિત નિવાસસ્થાને વિજિલન્સ વિભાગે મોટી કાર્યવાહી કરી છે. લગભગ 26 કલાક સુધી ચાલેલી તપાસ દરમિયાન ટીમને મોટી માત્રામાં સોનું, ચાંદી, રોકડ અને સંપત્તિના દસ્તાવેજો મળ્યા છે. લલિત કુમારના ઘરમાંથી 13 કિલો સોનું, લગભગ 9 કિલો ચાંદી અને હીરાના દાગીના મળી આવ્યા છે. આ કિંમતી સામાનની



અંદાજિત કિંમત લગભગ 20 કરોડ રૂપિયા હોવાનું જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત તપાસ દરમિયાન અલગ અલગ જગ્યાએ છુપાવેલી 1.62 કરોડ રૂપિયાની રોકડ પણ મળી આવી છે. વિજિલન્સને લલિત કુમારના ઘરેથી 15થી વધુ સંપત્તિઓ સાથે જોડાયેલા દસ્તાવેજો પણ મળ્યા છે.

જેમાં લખનઉ, નોઈડા, બારાબંકી અને રાયબરેલીમાં મકાન, ફ્લેટ, પ્લોટ અને ખેતીની જમીનના કાગળો સામેલ છે. આ અચલ સંપત્તિની કિંમત અંદાજે 13 કરોડ રૂપિયા હોવાનું જણાવાયું છે. લલિત કુમાર મૂળ રાયબરેલીના રહેવાસી છે. તેમના વિરુદ્ધ વર્ષ 2024માં ભ્રષ્ટાચારની ફરિયાદ બાદ તપાસ શરૂ કરવામાં આવી હતી.

# વૈષ્ણોદેવી માર્ગ પર ભૂસ્ખલન બેટરી કાર-હેલિકોપ્ટર સેવા બંધ

**કટરા**

માતા વૈષ્ણોદેવીના દર્શને જતા શ્રદ્ધાળુઓની મુશ્કેલીઓ વધારી દીધી હતી. બુધવારે બપોર બાદ પડેલા ભારે વરસાદથી ભવન માર્ગ પર અનેક સ્થળોએ કાંકરા, પથ્થરો અને કાટમાળ આવી ગયો હતો. કેટલાક વિસ્તારોમાં ભૂસ્ખલન થતાં માર્ગ લપસણો બની ગયો હતો. શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને શ્રીમાતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડે બપોરે લગભગ 3 વાગ્યે બેટરી કાર માર્ગ નવી સૂચના સુધી બંધ કરી દીધો હતો અને બેટરી કાર સેવા પણ તાત્કાલિક બંધ કરી હતી. આ પહેલાં મંગળવારે રાત્રે પણ ભારે વરસાદને કારણે રાત્રે 10 વાગ્યે આ માર્ગ બંધ કરવો પડ્યો હતો. બુધવારે સવારે 6 વાગ્યે સફાઈ બાદ માર્ગ ફરી શરૂ કરવામાં આવ્યો હતો, જોકે વૃદ્ધો અને દિવ્યાંગોને મુશ્કેલી વધી હતી, તેમ છતાં શ્રદ્ધાળુઓ પગપાળા તેમજ ઘોડા, પિઠ્ઠુ અને પાલખીની મદદથી ભવન તરફ સતત આગળ વધતા રહ્યા હતા.

# કર્ણાટકમાં નેશલન હાઈવે પર કાર-ટ્રક વચ્ચે અકસ્માત, 7ના દર્દનાક મોત, 2 ઈજાગ્રસ્ત

**બેંગ્લોર**

કર્ણાટકના ઉત્તર કન્નડ જિલ્લામાંથી એક અત્યંત દર્દનાક માર્ગ અકસ્માત સામે આવ્યો છે. અહીં ગુરુવારે વહેલી સવારે એક કાર અને લોરી વચ્ચે થયેલી સામસામેની જોરદાર ટક્કરમાં સાત લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે અન્ય બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માત યેલ્લાપુર પોલીસ સ્ટેશનની હદમાં નેશનલ હાઈવે-52 (NH-52) પર અરાબેલ ઘાટ વિસ્તારમાં બાલાગારા ક્રોસ પાસે રાત્રે અંદાજે 1:30 વાગ્યે સર્જાયો હતો. ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલ ખસેડાયા બાદ વધુ સારવાર માટે હુબલીની કિમ્સ (KIMS) હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે.

પોલીસ અહેવાલો મુજબ, અકસ્માતનો ભોગ બનેલી એમયુવી (MUV) કારમાં ડ્રાઈવર સહિત કુલ નવ લોકો સવાર હતા. આ તમામ લોકો ધારવાડના રહેવાસી હતા અને ત્યાંથી ધર્મસ્થળ તેમજ ચિકમગલૂરના પ્રવાસે જઈ રહ્યા હતા. આ અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોની ઓળખ ડ્રાઈવર સંજય અંગડી (33 વર્ષ), બસવરાજ (48 વર્ષ), અભિષેક ઈશ્વર (28 વર્ષ), અક્ષય (26 વર્ષ), અભિષેક (26 વર્ષ) અને મંજુનાથ ચુલાકી (32 વર્ષ) તરીકે થઈ છે. પ્રાથમિક તપાસ અને ઘાયલ યુવક શિવરાજની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, કારનો ડ્રાઈવર સંજીવ ગાડીને અત્યંત પૂરઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવી રહ્યો હતો. ડ્રાઈવિંગ દરમિયાન તે અચાનક રોડની એકદમ જમણી બાજુએ (રોંગ સાઈડ) જતો રહ્યો હતો.

# DRDO દ્વારા 60 કિલોમીટર રેન્જના પિનાકા રોકેટનું સફળ પરિક્ષણ કરાયું

## સંરક્ષણ મંત્રીએ રાજનાથ સિંહે ટીમને અભિનંદન પાઠવ્યા

**હરિકોટા**

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશને બુધવારે ચાંદીપુર સ્થિત ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ ખાતે પિનાકા લોંગ રેન્જ ગાઈડેડ રોકેટનું સફળ પરીક્ષણ કર્યું હતું. રોકેટનું પરીક્ષણ વપરાશકર્તા દ્વારા નિર્ધારિત લઘુત્તમ 60 કિલોમીટરની રેન્જ માટે કરવામાં આવ્યું હતું. પરીક્ષણ દરમિયાન રોકેટે આગાહી કરાયેલા માર્ગને અનુસરી ટેક્સ્ટબુક ચોકસાઈ સાથે લક્ષ્યને ભેદ્યું હતું. રક્ષા મંત્રી રાજનાથ સિંહે સફળ પરીક્ષણ બદલ DRDO, ભારતીય સેના અને ઉદ્યોગને અભિનંદન પાઠવ્યા હતા. જ્યારે DRDOના અધ્યક્ષ રાજેશ કુમાર સિંહે પણ પરીક્ષણ સાથે જોડાયેલી તમામ ટીમોને શુભેચ્છા પાઠવી હતી. રીક્ષણ દરમિયાન તમામ ઈન-ફ્લાઈટ દાવપેચ સફળ રહ્યા હતા અને તૈનાત કરાયેલા તમામ રેન્જ સાધનોએ સમગ્ર ઉડાન માર્ગ પર નજર રાખી હતી. ફ્લાઈટ ટ્રાયલનું સંકલન ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ અને પ્રૂફ એન્ડ એક્સપેરિમેન્ટલ એસ્ટાબ્લિશમેન્ટે કર્યું હતું. રોકેટને ઈન-સર્વિસ પિનાકા લોન્ચરથી પ્રક્ષેપિત કરવામાં આવ્યું હતું.

# ગુરુગ્રામમાં એન્કાઉન્ટરમાં દીપક ગેંગના 4 બદમાશો ઠાર, 3 જવાન પણ ઘાયલ

**હરિયાણા**

હરિયાણાના ગુરુગ્રામમાં મોડી રાત્રે પોલીસ અને ગુનેગારો વચ્ચે ભયાનક એન્કાઉન્ટર થયું છે. ક્રાઈમ બ્રાન્ચ અને કુખ્યાત ગેંગસ્ટર દીપક નાંદલ ગેંગ વચ્ચે થયેલા સામસામે ગોળીબારમાં 4 બદમાશો ઘટનાસ્થળે જ ઠાર થયા છે. આ ક્રોસ ફાયરિંગમાં ગેંગનો 1 અન્ય શૂટર ગંભીર રીતે ઘાયલ થયો છે, જ્યારે ક્રાઈમ બ્રાન્ચના 3 પોલીસ જવાનો પણ ગોળી વાગવાથી ઈજાગ્રસ્ત થયા છે. પ્રશાસન હાલ આ સમગ્ર મામલાની ઝીણવટભરી તપાસ કરી રહ્યું છે.

ગુપ્ત માહિતીના આધારે ઓપરેશન દિલ્હી-NCR માં ગુનાખોરી નાબૂદ કરવાના અભિયાન હેઠળ ગુરુગ્રામ પોલીસની ક્રાઈમ બ્રાન્ચને વિસ્તારમાં દીપક નાંદલ ગેંગના હથિયારધારી શૂટરો છુપાયા હોવાની ગુપ્ત માહિતી મળી હતી. આ ઈનપુટના આધારે પોલીસે તાત્કાલિક એક ખાસ ટીમ બનાવીને બદમાશોની ઘેરાબંધી શરૂ કરી હતી. પોલીસને જોતા જ બદમાશોએ બચવા માટે અંધાધૂંધ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. બદમાશોના હુમલા બાદ પોલીસે પણ સ્વબચાવમાં જવાબી કાર્યવાહી કરી હતી. બંને તરફથી ઘણી રાઉન્ડ ગોળીઓ છૂટતા આખો વિસ્તાર ધણધણી ઊઠ્યો હતો.

# બંગાળના બુરુઈપુરમાં 12 વર્ષની બાળકી પર દુષ્કર્મ અને હત્યાના આરોપીને એન્કાઉન્ટરમાં ઠાર મરાયો

## ક્રાઈમ સીન રી-ક્રિએશન દરમિયાન હુમલો, સામસામે ગોળીબાર અને આરોપીનું મોત

**કોલકાતા**

પશ્ચિમ બંગાળના ચકચારી બરુઈપુર રેપ અને મર્ડર કેસના મુખ્ય આરોપી પ્રભાસ મંડલને બુધવારે વહેલી સવારે પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર મરાયો છે. 12 વર્ષની સગીર બાળકી સાથે બર્બરતા આચરનાર આ આરોપીએ પોલીસ કસ્ટડીમાંથી ભાગવા માટે ફાયરિંગ કર્યું હતું, જેના જવાબમાં પોલીસે આત્મરક્ષાર્થે કરેલા ફાયરિંગમાં તે ઠેર થયો હતો.

પોલીસ સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, મંગળવાર અને બુધવારની મધ્યરાત્રિએ અંદાજે 12:45 વાગ્યે બરુઈપુર પોલીસ સ્ટેશનના તપાસ અધિકારી પોતાની ટીમ સાથે આરોપી પ્રભાસ મંડલને લઈને ઘટનાસ્થળ એટલે કે સૂર્યપુર ખાતે ક્રાઈમ સીન રી-ક્રિએશન માટે ગયા હતા. પોલીસ હજુ તપાસની પ્રક્રિયા શરૂ કરવાની તૈયારીમાં જ હતી, ત્યારે જ શાતિર આરોપી પ્રભાસે ઓન-ડ્યુટી પોલીસકર્મીની બંદૂક પર ઝાપટ મારીને હથિયાર આંચકી લીધું હતું.

હથિયાર છીનવી લીધા બાદ આરોપી પ્રભાસ મંડલે ભાગવાનો પ્રયાસ કર્યો હતો અને પોલીસ ટીમને નિશાન બનાવીને એક રાઉન્ડ ફાયરિંગ પણ કર્યું હતું. અચાનક થયેલા આ હુમલા બાદ પોલીસ ટીમે આત્મરક્ષાર્થે તાત્કાલિક વળતો પ્રહાર કર્યો હતો. સામસામે થયેલા આ ગોળીબારમાં પ્રભાસ મંડલને ગોળીઓ વાગતાં તે ગંભીર રીતે ઘાયલ થઈને ત્યાં જ ઢળી પડ્યો હતો. અથડામણ બાદ પોલીસ કર્મીઓ તેને તાત્કાલિક સમય ગુમાવ્યા વિના બરુઈપુર હોસ્પિટલ લઈ જતાં મોત થયું હતું.

# મુસ્લિમોમાં પણ સગીરા સાથે નિકાહ ગેરકાયદે, પોક્સો લાગુ પણ પડે : અલ્હાબાદ હાઈકોર્ટ

**નવી દિલ્હી**

અલ્લાહાબાદ હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદામાં એવી સ્પષ્ટતા કરી છે કે પોક્સો કાયદો તમામ ધર્મના લોકોને સમાન રીતે લાગુ પડે છે. વિવિધ ધર્મોના પર્સનલ લો આ પોક્સો કાયદા કરતા મોટા ના ગણાય. મુસ્લિમ સમાજમાં પણ ૧૮ વર્ષથી ઓછી વયની સગીરાઓ સાથે નિકાહ ના કરી શકાય. શરિયા હેઠળ સગીર વયમાં જ નિકાહ કરાવી દેવા પોક્સો કાયદાનું ઉલ્લંઘન ગણાય. દેશભરમાં બાળ વિવાહ પર પ્રતિબંધ મુકતો કાયદો અમલમાં છે, અલ્લાહાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ જેજે મુનિર અને અચલ સચદેવની બેંચે સ્પષ્ટતા કરી છે કે શરિયા કાયદો પ્યૂબર્ટીની ઉમરને જ નિકાહ માટે યોગ્ય માને છે.

# રામ મંદિરના દાનની ગણતરીમાં SBI સામે સવાલો, તપાસ બાદ પોલીસ કરશે પૂછપરછ

## દાન વ્યવસ્થાપનમાં નિયમોના ઉલ્લંઘનનો આક્ષેપ કરાયો

**અયોધ્યા**

અયોધ્યાના રામ મંદિરમાં ભક્તો દ્વારા અપાતા દાનની ગણતરીને લઈને મોટો ખુલાસો થયો છે. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની તપાસમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની ભૂમિકા પર ગંભીર સવાલો ઉઠ્યા છે. બેંકે સોંપાયેલી જવાબદારીઓનું યોગ્ય રીતે પાલન કર્યું નહોતું, જેના પગલે હવે સમગ્ર મામલે કાયદાકીય તપાસ વધુ તેજ બની છે. અયોધ્યા પોલીસ ટૂંક સમયમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એવા અધિકારીઓની પૂછપરછ કરશે, જેઓ દાન વ્યવસ્થાપનની પ્રક્રિયા સાથે સીધા સંકળાયેલા હતા. દાનની રકમ ગણવા માટે નિયુક્ત કરાયેલા ખાનગી કર્મચારીઓની પણ પૂછપરછ કરવામાં આવશે. તપાસ દરમિયાન તેમની નિમણૂક કયા આધારે અને કેવી રીતે કરવામાં આવી હતી, તેના પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની તપાસમાં સામે આવ્યું છે કે દાનની ગણતરી માટે નક્કી કરાયેલા સમજૂતી કરાર અને માનક કાર્યપદ્ધતિ મુજબ બેંકની જવાબદારી માત્ર દાનની રકમ ગણીને જમા કરાવવા પૂરતી નહોતી.

# TMCના 3 બળવાખોરોને લોટરી, ભાજપમાં એન્ટ્રી થતાં રાજ્યસભા ટિકિટ મળી ગઈ

**બેદ્રીનાથ**

પશ્ચિમ બંગાળમાં 3 બેઠકો પર રાજ્યસભાની પેટાચૂંટણી યોજાવાની છે. તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના 3 સાંસદોના રાજીનામાના કારણે આ બેઠકો ખાલી પડી હતી. ભાજપના પ્રદેશ અધ્યક્ષ સમિક ભટ્ટાચાર્યની હાજરીમાં TMCના પૂર્વ સાંસદ સુખેન્દુ શેખર રોય, પ્રકાશ ચિક બડાઈક અને સુષ્મિતા દેબ સત્તાવાર રીતે ભાજપમાં સામેલ થઈ ગયા છે. ભાજપે આ ત્રણેય નેતાઓને રાજ્યસભા ચૂંટણી માટે પોતાના ઉમેદવાર પણ જાહેર કરી દીધા છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષે જણાવ્યું કે આ સાંસદોએ અગાઉ જ TMCમાંથી રાજીનામું આપી દીધું હતું અને હવે તેઓ ભાજપમાં જોડાવા સંમત થયા છે.




# બ્રામ્પ્ટનમાં ગુજરાતી સિનિયર્સ ક્લબ દ્વારા મોજ મસ્તીભરી પિકનિક અને ફાધર્સ ડેની ઉજવણી

## કુદરતના સાનિધ્યમાં પોટલક જ્ઞાનસભર પ્રવચનો, સૂર-સંગીત સાથે ભજનોની રમઝટ, ફિલ્મી ગીતો પણ ગૂંજ્યા

બ્રામ્પ્ટન : ગુજરાતી સિનિયર ક્લબ, બ્રામ્પ્ટન દ્વારા ગત ૨૧મી જૂન ૨૦૨૬ના રોજ લોફર લેક પાર્કના રમણીય વાતાવરણમાં "નિસર્ગની ગોદ"માં એક ભવ્ય અને મોજ મસ્તીભરી પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. ખુશનુમા સવારે ૧૦ વાગ્યાથી જ ક્લબના ઉત્સાહી સભ્યો પોતપોતાના ઘરેથી અવનવી મીઠાઈઓ અને ફરસાણ લઈને "પોટલક ઉજાણી" માટે એકત્રિત થયા હતા. પ્રકૃતિના સાનિધ્યમાં સવારની પ્રવૃત્તિઓ અને પોટલક ઉજાણી પાર્કમાં સભ્યોએ જુદા જુદા ગ્રુપ બનાવીને વિવિધ પ્રવૃત્તિઓનો આનંદ માણ્યો હતો. કેટલાક વડીલો તળાવ કિનારે વોકવે પર મોર્નિંગ વોક માટે નીકળ્યા હતા, તો કેટલાક વૃક્ષોની શીતળ છાયામાં બેસીને સુખ-દુ:ખની વાતોમાં પરોવાયા હતા. બપોર થતાં જ સૌએ પોતપોતાના ડબ્બા ખોલી સહિયારી ભાવના સાથે "પોટલક ઉજાણી" ની શરૂઆત કરી હતી. આ દિવસે "ફાધર્સ ડે" પણ હોવાથી સભ્યોએ એકબીજાને શુભેચ્છાઓ પાઠવી આગ્રહપૂર્વક વાનગીઓ ખવડાવીને પરસ્પર પ્રેમ અને સ્નેહભાવ પ્રગટ કર્યો હતો. ભોજન






બાદ વનરાજીની કેડીઓમાં ટહેલતા ઝરણાંના ખળખળ વહેતા પાણીનો મધુર નાદ માણ્યો હતો, જ્યારે કેટલાક સભ્યોએ પ્રકૃતિના ખોળે આરામ ફરમાવ્યો હતો. વૃક્ષની છાયામાં જામેલી ભજન અને ગીતોની રમઝટ હતી. જેમાં ઈશ્વરભાઈ તથા એસ. કે. પટેલે હાર્મોનિયમ પર અને અરવિંદભાઈ તથા ચંચળબહેને ઢોલક પર સંગત આપી સંગીતનો માહોલ જમાવ્યો હતો, જેમાં અન્ય સભ્યોએ પણ ઉત્સાહભેર સૂર પુરાવ્યો હતો.

બપોર બાદ લોફર ક્લબના કોમ્યુનિટી હોલમાં એક મિટિંગનું આયોજન કરાયું હતું, જેની શરૂઆત પ્રાર્થના અને ભજનથી થઈ હતી. ક્લબના અગ્રણી હસમુખભાઈએ સંસ્થાની કામગીરીની સમીક્ષા કરી આગામી ઓગસ્ટ મહિનામાં યોજાનારી પિકનિકની વિગતો આપી હતી. ત્યારબાદ પદ્માબેન કંસારાએ 'ફાધર્સ ડે' નિમિત્તે પિતાની મહત્તા સમજાવતું ભાવસભર વક્તવ્ય આપ્યું હતું અને સાથે જ ગુજરાતના અમદાવાદમાં આકાર લઈ રહેલા ભવ્ય નવા રેલવે સ્ટેશનની રસપ્રદ માહિતી સભ્યો સાથે શેર કરી હતી. મિટિંગના મુખ્ય વક્તા ડૉ. પ્રદ્યુમ્ન ભટ્ટે સરળ ઉદાહરણો દ્વારા ઉપાસના, આરાધના અને સાધના વચ્ચેનો તાત્વિક ભેદ સમજાવીને ત્રણેયને આધ્યાત્મિક પ્રગતિ અને ઈશ્વર પ્રાપ્તિના શ્રેષ્ઠ માર્ગો ગણાવ્યા હતા. આ સાથે જ તેમણે એક પૌરાણિક કથા રજૂ કરી હતી. પ્રવચનના અંતે ડૉ. ભટ્ટે કેટલાક હાસ્યપ્રેરક પ્રસંગો રજૂ કરી સમગ્ર હોલને હાસ્યથી ગુંજતો કરી દીધો હતો.

'ફાધર્સ ડે'ના વિશેષ અવસરે એસ. કે. પટેલે પિતાના મહત્વ પર પ્રકાશ પાડતું પ્રવચન આપ્યું હતું. મનોરંજનના ભાગરૂપે ઈશ્વરભાઈ અને અનિલભાઈ મિસ્ત્રીએ સુંદર ફિલ્મી ગીતો પ્રસ્તુત કર્યા હતા. કાર્યક્રમના અંતે સભ્યોએ શ્રીખંડ, પુરી, બટાકાવડા, કઢી અને પુલાવ જેવા સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

# ચંદ્રની સફર કરનાર અવકાશયાત્રી જેરેમી હેન્સન હવે સીએસએમાંથી નિવૃત્ત થશે

## આર્ટેમિસ-II મિશનના હીરો સપ્ટેમ્બર 2026થી નવી ઈનિંગ શરૂ કરશે : રોયલ કેનેડિયન

**ઓટાવા**

ચંદ્રની આસપાસ સફળ સફર કરીને ઈતિહાસ સર્જનાર કેનેડાના દિગ્ગજ અવકાશયાત્રી કર્નલ જેરેમી હેન્સન કેનેડિયન સ્પેસ એજન્સી (CSA)ના અવકાશયાત્રી કોર્પ્સમાંથી નિવૃત્ત થઈ રહ્યા છે. સ્પેસ એજન્સીએ સત્તાવાર અખબારી યાદી જાહેર કરીને હેન્સનની નિવૃત્તિની જાહેરાત કરી છે.

કેનેડા સરકારે દેશના અવકાશ કાર્યક્રમમાં કર્નલ હેન્સનના ઉત્કૃષ્ટ અને અપ્રતિમ યોગદાનને બિરદાવ્યું છે. એજન્સીના જણાવ્યા અનુસાર હેન્સન સપ્ટેમ્બર ૨૦૨૬થી વ્યાવસાયિક ક્ષેત્રે નવી તકો તરફ આગળ વધશે, પરંતુ તેઓ રોયલ કેનેડિયન એરફોર્સ (RCAF)સાથે રિઝર્વિસ્ટ (અનામત સૈન્ય કર્મચારી) તરીકે પોતાની સેવાઓ આપવાનું ચાલુ રાખશે.

જેરેમી હેન્સને સોશિયલ મીડિયા પર પોતાની નિવૃત્તિની ભાવનાત્મક જાહેરાત કરતા લખ્યું કે, "આ સપ્ટેમ્બરમાં, ૩૨ વર્ષની સૈન્ય સેવા અને કેનેડિયન સ્પેસ એજન્સીના અવકાશયાત્રી તરીકે ૧૭ વર્ષ ગાળ્યા બાદતેમજ આર્ટેમિસ II મિશન પર ચંદ્રની આસપાસ ઉડવાનો અદ્ભુત લહાવો મળ્યા પછી હું CSA ખાતેની મારી પૂર્ણ-સમયની ભૂમિકામાંથી સંક્રમણ (ટ્રાન્ઝિશન) કરી રહ્યો છું. તેમણે વધુમાં ઉમેર્યું કે, "આ કોઈ કાયમી વિદાય નથી. કેનેડાને અવકાશ ક્ષેત્રે ખીલતું જોવા માટેની મારી પ્રતિબદ્ધતા અકબંધ છે. રોયલ કેનેડિયન એરફોર્સ મને રિઝર્વિસ્ટની ભૂમિકા આપી રહી છે, જે એક એવું લોન્ચપેડ બનશે.

# મેટા દ્વારા આલ્બર્ટામાં $૧૩ બિલિયનના ખર્ચે સ્થપાશે કેનેડાનું પ્રથમ 'ગીગાવોટ' ડેટા સેન્ટર

## પાણી વિના કામ કરશે કુલિંગ સિસ્ટમ અને 3,300થી વધુ રોજગારીની તકો ઊભી થશે

**કેલગેરી**

સોશિયલ મીડિયા જાયન્ટ 'મેટા'એ કેનેડામાં તેના ઈતિહાસના સૌથી મોટા પ્રોજેક્ટની જાહેરાત કરી છે. કંપની એડમોન્ટનના ઉત્તર-પૂર્વમાં આવેલા સ્ટર્જન કાઉન્ટી વિસ્તારમાં એક ગીગાવોટની ક્ષમતા ધરાવતું વિશાળ ડેટા સેન્ટર બનાવવા જઈ રહી છે. બુધવારે સત્તાવાર રીતે જાહેર કરાયેલા અહેવાલ મુજબ મેટા આ પ્રોજેક્ટમાં $૧૩ બિલિયન (૧૩ અબજ ડોલર)થી વધુનું જંગી રોકાણ કરશે. આ ઉપરાંત, સ્થાનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સુધારા માટે પણ કંપની દ્વારા અલગથી $૬૦ મિલિયન આપવાનું વચન આપવામાં આવ્યું છે. ડેટા સેન્ટર વ્યૂહરચના અને વિકાસના ઉપ-પ્રમુખ ગેરી ડેમાસીએ સ્પષ્ટ કર્યું છે કે, "આ પ્રોજેક્ટમાં સિસ્ટમોને ઠંડી રાખવા માટે પાણીની બિલકુલ જરૂર નહીં પડે." આ સેન્ટરમાં ઓપરેશનલ પાણીના ઉપયોગને સંપૂર્ણપણે નાબૂદ કરવા માટે ખાસ "ડ્રાય કુલિંગ" ટેકનોલોજી ધરાવતી ક્લોઝ્ડ-લૂપ, લિક્વિડ-કૂલ્ડ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે. આ વિશાળ ડેટા સેન્ટરને ચલાવવા માટે પાવર ગ્રીડમાંથી લેવામાં આવતી વીજળી તેમજ કુદરતી ગેસનો ઉપયોગ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ સાઈટ પર જ ઉત્પન્ન થતી વીજળી દ્વારા સંચાલિત થશે, યોજના ચાલુ થયા પછી અંદાજે ૩,૦૦૦ હંગામી નોકરીઓનું સર્જન થશે. ઉપરાંત હાઈટેક સુવિધા સંભાળવા માટે ૩૦૦ કાયમી નોકરીઓ ઉપલબ્ધ થશે.

# ઓન્ટેરિયોમાં બેફામ ડ્રાઇવિંગ રોકવા 'પ્રોજેક્ટ ઇરેઝ' : ૨,૫૦૦થી વધુ ગુના

**ટોરોન્ટો**

અસુરક્ષિત, હાઈ-સ્પીડ અને બેદરકારીપૂર્વક ડ્રાઈવિંગ રસ્તા પર ચાલતા તમામ લોકો માટે એક "સતત અને ખતરનાક ખતરો" ઊભો કરે છે, તેમ ઓન્ટેરિયોના પોલીસ દળોએ માર્ગ સલામતી અભિયાનના સમાપન સમયે જણાવ્યું હતું. ઓન્ટેરિયો પ્રોવિન્શિયલ પોલીસે ડરહામ, યોર્ક, પીલ, વોટરલૂ, હેલ્ટન અને હેમિલ્ટનની સ્થાનિક પોલીસ સેવાઓ સાથે મળીને '૨૦૨૬ પ્રોજેક્ટ ઈરેઝ' અંતર્ગત ઝુંબેશ ચલાવી હતી, જેનો મુખ્ય હેતુ ઓન્ટેરિયોના રસ્તાઓને વધુ સુરક્ષિત બનાવવાનો હતો. ઝુંબેશ દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. હાઈવે ટ્રાફિક એક્ટ હેઠળ ૨,૪૩૮ આરોપો મૂકવામાં આવ્યા છે. ક્રિમિનલ કોડ અંતર્ગત વધારાના ૧૧૮ ગંભીર ગુના દાખલ કરાયા છે.

**સ્ટ્રીટ રેસિંગ અને સ્ટંટબાજી ડામવા માટે ઓપીપી સહિત સાત પોલીસ દળોનું સંયુક્ત અભિયાન; વાહનો જપ્ત કરાયા અને લાયસન્સ સસ્પેન્ડ**

પોલીસે સ્પષ્ટ કર્યું છે કે કોર્ટમાં આ કેસોની અસર માત્ર એક દિવસ પૂરતી નહીં, પણ લાંબા ગાળાની રહેશે. ઓપીપીના ડેટા અનુસાર, ગયા વર્ષે થયેલા ૭૫ માર્ગ અકસ્માતોમાં કાળમુખી ઝડપ (ઓવરસ્પીડિંગ) એક મુખ્ય જવાબદાર પરિબળ હતું. પીલ પ્રદેશના ડેપ્યુટી ચીફ માર્ક એન્ડ્રુઝે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "છેલ્લા ૧૦ દિવસમાં જ પીલ પ્રદેશના રસ્તાઓ પર ચાર લોકોએ જીવ ગુમાવ્યા છે અને બે લોકો ગંભીર ઈજાઓ સાથે માંડ બચ્યા છે. એડ્રેનાલિન અથવા ટૂંકા રોમાંચની કોઈ પણ ક્ષણ, પરિવારોને જીવનભરનો આઘાત આપવા યોગ્ય નથી. આવી બેદરકારી કોઈના માતા, પિતા કે બાળકને ખૂબ વહેલા છીનવી લે છે. આ ઝુંબેશ દરમિયાન જુદા જુદા વિસ્તારોમાં કુલ ૧,૩૯૦ ગુના દાખલ કરાયા હતા. જેમાં ભયજનક 'સ્ટંટ ડ્રાઈવિંગ' માટેના ૧૦૭ ગુના સામેલ છે. ગયા વર્ષે પીલ પોલીસે ૨,૧૦૦થી વધુ ગુના નોંધ્યા હતા, જેની સરખામણીએ આ વર્ષે આંકડો ઓછો છે, પરંતુ તે ફોર્સ દ્વારા માર્ગ સલામતીને અપાયેલી સર્વોચ્ચ પ્રાથમિકતા દર્શાવે છે. ટોરોન્ટો પોલીસના સુપ્રિટેન્ડેન્ટ કેથરિન જેક્સને જણાવ્યું કે, શહેરના દળે ૧૪૮ ગુના દાખલ કર્યા હતા અને ખતરનાક ડ્રાઈવિંગના ૧૫૧ કોલનો જવાબ આપ્યો હતો. તેમણે નાગરિકોને અપીલ કરી હતી કે, રસ્તા પર ખતરનાક ડ્રાઈવિંગ જુઓ તો તરત પોલીસને જાણ કરી માર્ગ સલામતી સુધારવામાં મદદ કરો.

# બ્રામ્પ્ટનના ગુજરાતી સિનીયર ગ્રુપ દ્વારા ભોજનનો રસથાળ થીમ અંતર્ગત યાદગાર કાર્યક્રમ

## વિવિધ ગીતો સાથે નાટક, નૃત્ય સહિતના ધમાકેદાર પર્ફોમન્સ, સાંસદ મનિન્દર સિદ્ધુ અને કાઉન્સિલર રોડ પાવરે હાજરી આપી








બ્રામ્પ્ટન : ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પ્ટનની માસિક મીટિંગ ગત ૨૮ જૂન, ૨૦૨૬ના રોજ ગોરમેડો લાયબ્રેરી ખાતે યોજાઈ ગઈ હતી. કાર્યક્રમની શરૂઆત પવિત્ર ૐ તત્ શ્રી નારાયણ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ હિતેશભાઈ પટેલે ગીત પર સૌ સભ્યોને હળવી અને સુંદર કસરત કરાવીને વાતાવરણમાં સ્ફૂર્તિ ભરી દીધી હતી.

સંસ્થાના મુખ્ય સંચાલક દક્ષાબેન રાજાએ આ વખતની વિશિષ્ટ થીમ ભોજનનો રસથાળનું મહત્વ સમજાવ્યું હતું અને ઉપસ્થિત સૌ વડીલોને ફાધર્સ ડેની શુભેચ્છાઓ પાઠવી હતી. સંસ્થાના સભ્ય જયશ્રીબેનના માતૃશ્રી સ્વ. મંજુલાબેન શાહ તથા અન્ય સભ્ય બિપીનભાઈ શાહના મોટાભાઈ સ્વ. હરીશભાઈ શાહને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. હર્ષદભાઈએ સંસ્થાકીય અહેવાલ રજૂ કર્યો હતો. જે બાદ જૂન માસમાં આવતા સભ્યોના જન્મદિવસ અને લગ્નગ્રંથિની વર્ષગાંઠની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના સભ્ય પ્રવિણભાઈ પટેલના ૮૦મા જન્મદિનની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી, જેમાં તેમના પરિવારે કેક કટિંગ કરી વડીલનું અભિવાદન કર્યું હતું. દક્ષાબેન રાજા અને હર્ષદભાઈ પટેલે પ્રવિણભાઈ પટેલ તથા અરવિંદભાઈ પટેલને ઉપરણું ઓઢાડીને સન્માનિત કરાયા હતા. આ અવસરે પ્રવિણભાઈની પૌત્રી  ઈવાએ હિન્દી ફિલ્મી ગીતોના રીમિક્સ પર અદભુત ક્લાસિકલ નૃત્ય રજૂ કરીને સૌના મન મોહી લીધા હતા.  કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે કેનેડાના એમ.પી. મનિન્દર સિદ્ધુ અને કાઉન્સિલર રોડ પાવર ઉપસ્થિત રહ્યા હતા. દેવયાનીબેન પટેલે તેમનો ભાવભીનો સત્કાર કર્યો હતો. એમ.પી. મનિન્દર સિદ્ધુએ સૌને આગામી ‘કેનેડા ડે’ની વધામણી આપી દક્ષાબેન રાજાને કેનેડિયન ફ્લેગ એનાયત કર્યો હતો તથા પાર્કમાં પાણીની વ્યવસ્થા કરી આપવાની ખાતરી આપી હતી. દક્ષાબેન રાજાએ આગામી મેયરની ચૂંટણીના ઉમેદવાર ગૌતમભાઈને જીત માટે આશીર્વાદ આપ્યા હતા. જગન્નાથ મંદિરથી પધારેલા અન્ય મહેમાન મણિજીતે સૌ સભ્યોને ૧૮મી જુલાઈના રોજ યોજાનારી રથયાત્રામાં સહભાગી થવા ભાવભર્યું આમંત્રણ આપ્યું હતું.

કાર્યક્રમના દ્વિતીય ચરણમાં મનોરંજક પ્રસ્તુતિઓ થઈ હતી, જેનું સંચાલન મુકેશભાઈ-દીપિકાબેન પાઠક એન્ડ ગ્રુપે કર્યું હતું. સ્ટેજ પર ઊભી કરાયેલી હોટેલના માલિક તરીકે કલાકારોએ આઓ હમારી હોટેલ મેં... ગીત પર અદભુત નાટક અને પર્ફોર્મન્સ રજૂ કર્યું હતું.

નિલુબેન અને હિતેશભાઈ પટેલે ગુજરાતીને ભાવે ભજીયા.., કનુભાઈ-રેણુકાબેન એન્ડ ગ્રુપે લડ્ડુ ખા...!!! ગીત પર રમુજી નૃત્ય તેમજ જગદીશભાઈ-ઈન્દુબેન એન્ડ ગ્રુપે મેં તો રસ્તે પે જા રહા થા...ગીત પર ધમાકેદાર પ્રસ્તુતિ કરી હતી. કલ્યાણીબેન પટેલ એન્ડ ગ્રુપે ‘ફની થેપલા સોન્ગ’ પર સુંદર ડાન્સ કર્યો હતો. કિચન કમિટીના હર્ષદભાઈ માટે દક્ષાબેન રાજા, શીલાબેન નેગાંધી અને અન્ય બહેનોએ હર્ષદભાઈ આ શું કરી આવ્યા...!! ગીતનું સમૂહગાન કર્યું હતું. અંતમાં ખાઈકે પાન બનારસવાલા.. ગીત પર સૌ સભ્યોએ સ્ટેજ પર આવીને સમૂહ નૃત્યનો આનંદ લીધો હતો. અંતે દક્ષાબેન રાજાએ કાર્યક્રમને સફળ બનાવવા માટે હર્ષદભાઈ-રંજનબેન, કિચન કમિટી, અનીલભાઈ જેઠવા, દેવયાનીબેન પટેલ, અરૂણભાઈ મહેતા (સુંદર ફોટોગ્રાફી) અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરનાર તમામ સભ્યોનો દિલથી આભાર માન્યો હતો. આ પ્રસંગે નાસ્તાના સ્પોન્સર પ્રવિણભાઈ પટેલ અને સ્વાદિષ્ટ જમણના સ્પોન્સર અરવિંદભાઈ પટેલ હતા. ભોજનમાં શ્રીખંડ, પૂરી, કઢી-ભાત, કચોરી, ઊંધિયું અને પાપડ-પાપડીનો રસથાળ પીરસાયો હતો.

## મનોરંજનના મેળામાં વહ્યો આધ્યાત્મિક જ્ઞાનનો પ્રવાહ, બ્રહ્મકુમારીઝના સ્વયંસેવકો દ્વારા સેંકડો મુલાકાતીઓને અપાયું મેડિટેશનનું માર્ગદર્શન






# કેનેડા ડે ૨૦૨૬ : એજેક્સ ફેર ગ્રાઉન્ડ્સ ખાતે ભવ્ય ઉજવણી વચ્ચે રાજયોગ ફાઉન્ડેશન છવાયું

એજેક્સ : એજેક્સ શહેરમાં ૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ નવીન એજેક્સ ફેરગ્રાઉન્ડ્સ ખાતે ‘કેનેડા ડે ૨૦૨૬’ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. બપોરથી મોડી સાંજ સુધી ચાલેલા આ મહોત્સવમાં સાંસ્કૃતિક પ્રદર્શન, બાળકો માટેની રમતો, ઈન્ટરેક્ટિવ અનુભવો, લાઈવ મનોરંજન, સમુદાય બૂથ, સેન્સરી ઝોન તથા ખાદ્યપદાર્થોના સ્ટોલ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.  રાત્રે ૧૦ વાગ્યે આકર્ષક ફટાકડાના પ્રદર્શન સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું. કાર્યક્રમમાં પ્રતિકૂળ હવામાનને કારણે થોડા ફેરફારો કરવા પડ્યા હતા.

**45 સ્ટોલ્સ, લાઈવ મનોરંજન અને આકર્ષક ફટાકડાના પ્રદર્શનથી એજેક્સ ગુંજી ઉઠ્યું, ટ્રાફિક સમસ્યા નિવારવા સમગ્ર ફેરગ્રાઉન્ડ ‘કાર ફ્રી’ રખાયું, તંત્ર દ્વારા શટલ સર્વિસ પૂરી પડાઈ**

આ કાર્યક્રમમાં વિવિધ વ્યવસાયો અને સમુદાયના કુલ ૪૫ વિક્રેતાઓએ ભાગ લીધો હતો, જેમાં ‘રાજયોગ મેડિટેશન ફાઉન્ડેશન ઓફ કેનેડા દ્વારા પણ સક્રિયપણે સહભાગી થઈ આધ્યાત્મિક જાગૃતિ ફેલાવવામાં આવી હતી.  મુલાકાતીઓની સુવિધા માટે એજેક્સ શહેર દ્વારા ચાર સ્થળોએથી શટલ સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. કારણ કે, સમગ્ર પરિસર ‘કાર ફ્રી’ રાખવામાં આવ્યું હતું. રાજયોગ મેડિટેશન ફાઉન્ડેશન દ્વારા મેળામાં એક ખાસ બૂથ (૧૦x૧૦) ઊભું કરવામાં આવ્યું હતું, જેમાં સ્વયંસેવક ભાઈ-બહેનો દ્વારા મેળામાં આવેલા લોકોને રાજયોગ ધ્યાન પદ્ધતિ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રાજયોગ એ એક પ્રાચીન ધ્યાન કળા છે, જે આત્માને પરમાત્મા સાથે જોડીને વ્યક્તિના વિચારો અને કાર્યોને સશક્ત બનાવે છે. આ પદ્ધતિથી મનની શાંતિ, એકાગ્રતા અને આત્મવિશ્વાસમાં વધારો થાય છે. બૂથ પર લોકોને રાજયોગના ફાયદા, વેબસાઈટ અને સંપર્ક વિગતો દર્શાવતા ફ્લાયર્સ પણ આપવામાં આવ્યા હતા. રાજયોગ મેડિટેશન ફાઉન્ડેશન ઓફ કેનેડા (RMFC) દ્વારા સાત દિવસનો રાજયોગ કોર્સ સમાજ સેવાના ભાગરૂપે સંપૂર્ણપણે વિનામૂલ્યે ઓનલાઈન અને બ્રહ્માકુમારી સેન્ટર ખાતે રૂબરૂ ઓફર કરવામાં આવી છે. આ ઉપરાંત, રોજિંદા જીવનમાં ધ્યાનને આચરણમાં લાવી શકાય તે માટે દૈનિક વર્ગોનું પણ આયોજન કરવામાં આવે છે, જેનો લાભ લેવા ભાવિકોને આહવાન કરવામાં આવ્યું છે.

## આબોહવા પરિવર્તનથી વધ્યો માનસિક તણાવ

# ગ્લોબલ વોર્મિંગની ચિંતામાં યુવાનો કરતાં વડીલો આગળ

**ઓન્ટેરિયો**

સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ જણાવ્યું હતું કે, કેનેડિયનો આબોહવા પરિવર્તન વિશે ચિંતિત છે, જેમાં 65 વર્ષથી વધુ ઉંમરના લોકો સૌથી વધુ ચિંતિત છે. કારણ કે, દેશના મોટાભાગના લોકો સામાન્ય કરતાં વધુ તાપમાનથી પીડાઈ રહ્યા છે.

**સ્ટેટિસ્ટિક્સ કેનેડાના સર્વેમાં ચોંકાવનારો ખુલાસો; 53 ટકા લોકો ચિંતિત, ગરમીના પ્રકોપ વચ્ચે મહિલાઓ અને શિક્ષિત વર્ગમાં ચિંતાનું પ્રમાણ વધુ**

કેનેડિયન સોશિયલ સર્વે એક ત્રિમાસિક રાષ્ટ્રીય સર્વે છે જે આરોગ્ય, સુખાકારી, જીવનની ગુણવત્તા, સંસ્થાઓમાં વિશ્વાસ, પ્રવૃત્તિઓ, સમયનો ઉપયોગ અને કટોકટીની તૈયારી જેવા વિવિધ સામાજિક વિષયો પર માહિતી એકત્રિત કરે છે.

2025માં અડધાથી વધુ કેનેડિયનો (53 ટકા) આબોહવા પરિવર્તન વિશે ચિંતિત હતા અને લગભગ એક તૃતીયાંશ (30 ટકા) કેનેડિયનો મહિનામાં ઓછામાં ઓછા એક વખત આબોહવા પરિવર્તન વિશે તણાવ અનુભવતા હતા.

જોકે, 2025માં, 65 વર્ષ અને તેથી વધુ ઉંમરના કેનેડિયનો તેમના યુવાન સમકક્ષો (15 થી 24 વર્ષની વયના કેનેડિયનોમાં 51 ટકા)ની સરખામણીમાં આબોહવા પરિવર્તન વિશે ખૂબ ચિંતિત હોવાની જાણ કરે તેવી શક્યતા વધુ હતી.

સ્ત્રીઓ (59 ટકા) પુરુષો (48 ટકા) કરતાં વધુ આબોહવા પરિવર્તન વિશે ચિંતા અનુભવે તેવી શક્યતા વધુ હતી, જ્યારે યુનિવર્સિટીના સ્નાતકો (60 ટકા) હાઈસ્કૂલ ડિપ્લોમા વગરના લોકો (46 ટકા) કરતાં વધુ ચિંતિત હતા.

આબોહવા પરિવર્તન વિશે ચિંતિત કેનેડિયનો પૈકી 65 ટકાએ ખોરાકનો બગાડ ઘટાડ્યો છે અને 57 ટકાએ ઊર્જાવપરાશ ઘટાડ્યો છે.

જ્યારે લા નીનાને કારણે કામચલાઉ ઠંડક હોવા છતાં, 2025 રેકોર્ડ પરના સૌથી ગરમ વર્ષોમાંનું એક હોવાની પુષ્ટિ થઈ હતી.

પર્યાવરણ અને આબોહવા પરિવર્તન કેનેડાએ જણાવ્યું હતું કે, માનવસર્જિત આબોહવા પરિવર્તનને કારણે 2025ના કેનેડિયન ગરમીના મોજા આવવાની શક્યતા બે થી દસ ગણી વધી ગઈ છે.

પર્યાવરણ કેનેડા અનુસાર, ગયા અઠવાડિયે લાખો કેનેડિયનો ગરમી માટે પીળા અને નારંગી ચેતવણીઓ હેઠળ હતા, જેમાં ઓન્ટેરિયો, ક્યુબેક, આલ્બર્ટા, સાસ્કાચેવાન અને ઉત્તર-પશ્ચિમ પ્રદેશોમાં સલાહ સૂચિબદ્ધ હતી.

# વૈશ્વિક કટોકટી વચ્ચે કેનેડાનું અર્થતંત્ર સુધર્યું : ત્રીજા મહિને 'ટ્રેડ સરપ્લસ

## મે મહિનામાં નિકાસ વધીને $77.1 અબજ; ક્રૂડ-સલ્ફરની માંગ વધી, અમેરિકી ટેરિફ છતાં એલ્યુમિનિયમ નિકાસમાં 50%નો તોતિંગ ઉછાળો

**ઓટાવા**

વૈશ્વિક સ્તરે ચાલી રહેલા સંઘર્ષો અને આર્થિક પડકારો વચ્ચે કેનેડાના અર્થતંત્ર માટે રાહતના સમાચાર આવ્યા છે. સ્ટેટિસ્ટિક્સ કેનેડાના તાજેતરના અહેવાલ અનુસાર મે મહિનામાં દેશનું અર્થતંત્ર સતત ત્રીજા મહિને વેપાર સરપ્લસમાં રહ્યું છે અને નિકાસમાં સતત ચોથા મહિને વૃદ્ધિ નોંધાઈ છે. મે મહિનામાં કેનેડાની કુલ નિકાસ ૦.૯ ટકા વધીને $૭૭.૧ બિલિયન પર પહોંચી ગઈ છે.

નિકાસ મૂલ્યમાં થયેલા આ વધારા પાછળ ઈરાન યુદ્ધને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલ સહિતના અન્ય કુદરતી સંસાધનોના ઊંચા ભાવ મુખ્ય કારણ રહ્યા છે. યુદ્ધને લીધે હોર્મુઝની



સામુદ્રધુની નજીક કન્ટેનર જહાજોની અવરજવર લગભગ ઠપ થઈ ગઈ છે, જેના કારણે વિશ્વના કુલ તેલ અને સંસાધન પુરવઠાનો પાંચમો ભાગ જોખમમાં મુકાયો છે.

આ વૈશ્વિક કટોકટી વચ્ચે કેનેડાના સલ્ફર ઉત્પાદનો, હીરા અને અન્ય બિન-ધાતુ ખનિજોની નિકાસમાં મે મહિનામાં ૩૭ ટકાનો મોટો ઉછાળો આવ્યો છે. યુદ્ધના શરૂઆતના ત્રણ મહિના (ફેબ્રુઆરીથી એપ્રિલ) દરમિયાન કેનેડાના ક્રૂડ ઓઈલની માંગમાં ૪૩ ટકાનો ભારે વધારો થયો હતો, જોકે મે મહિનામાં ક્રૂડની નિકાસમાં ૫.૪ ટકાનો આંશિક ઘટાડો જોવા મળ્યો છે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કેનેડાના સ્ટીલ અને એલ્યુમિનિયમ સેક્ટર પર લાદવામાં આવેલા ભારે ટેરિફ (કર) હજુ પણ ચાલુ છે. હાલમાં કેનેડાના મુખ્ય એલ્યુમિનિયમ ઉત્પાદનો પર ૫૦ ટકા સુધીનો યુએસ ટેરિફ છે. આમ છતાં, એપ્રિલની સરખામણીએ મે મહિનામાં કેનેડાની એલ્યુમિનિયમ નિકાસમાં ૫૦ ટકાથી વધુનો વધારો થયો છે, જે મુખ્યત્વે નેધરલેન્ડ્સ, ઈટાલી અને ગ્રીસ જેવા યુરોપીયન દેશોમાં મોકલવામાં આવી હતી. કુલ $૧.૨ બિલિયનની આ એલ્યુમિનિયમ નિકાસ મે ૨૦૨૨ પછીની સૌથી સર્વોચ્ચ સપાટીએ છે. વડાપ્રધાન માર્ક કાર્નેએ આગામી દાયકામાં અમેરિકા સિવાયના અન્ય દેશોમાં કેનેડાની નિકાસ બમણી કરવાનું વચન આપ્યું હતું, અને મંગળવારના આ આંકડા દર્શાવે છે કે સરકારની આ વ્યૂહરચના યોગ્ય દિશામાં કામ કરી રહી છે. વૈશ્વિક બજાર ઉપરાંત, કેનેડાએ તેના સૌથી મોટા વ્યાપારી ભાગીદાર અમેરિકા સાથે પણ નિકાસ વધારી છે.

# ચીનની અર્થ વ્યવસ્થા ડેટા પર સવાલ ઉઠાવનારા અર્થશાસ્ત્રીનું શંકાસ્પદ મોત

## મૃત હાલતમાં મળી આવ્યા, સરકારે કહ્યું- બીમાર હતા

**બેઈજિંગ**

ચીનની અર્થવ્યવસ્થા, કેપિટલ માર્કેટ અને GDP ના સરકારી આંકડા પર ખુલ્લેઆમ સવાલ ઉઠાવનારા પ્રખ્યાત ચીની અર્થશાસ્ત્રી ગાઓ શાનવેન 55 વર્ષની ઉંમરે મૃત હાલતમાં મળી આવ્યા છે. ચીનના સરકારી મીડિયાએ તેમની મૂર્ત્યુનું કારણ 'બીમારી' ગણાવ્યું છે. તેઓ અગાઉ ચીનની અર્થવ્યવસ્થા, મંદી અને બેરોજગારી સહિતના મુદ્દે અનેક વખત ચિંતા વ્યક્ત કરી ચૂક્યા હતા.

ગાઓ શાનવેને તાજેતરમાં ચીનના GDP ડેટા પર જાહેરમાં સવાલો ઉઠાવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે, ચીન સરકારે 2021 થી 2023 દરમિયાન દેશનો જીડીપી ગ્રોથ વાસ્તવિકતા કરતાં 10 ટકા જેટલો વધારે દર્શાવ્યો હોઈ શકે છે. શાનવેનના આકસ્મિક અવસાન પર અનેક લોકોએ સોશિયલ મીડિયા પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. ચીન જેવા દેશમાં જ્યાં મુક્ત અવાજોને સહન કરવામાં આવતા નથી, ત્યાં શાનવેન નિડર થઈને સત્ય બોલતા હોવાથી લોકો તેમની ખૂબ પ્રશંસા કરતા હતા.

# હું ઈરાનની દરેક હિટ લિસ્ટમાં ટોચે, મારી હત્યાનું કાવતરું રચાયું : ટ્રમ્પનો મોટો દાવો

**વોશિંગ્ટન**

અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ હવે સીધા સૈન્ય સંઘર્ષમાં ફેરવાઈ ગયો છે. આ ભયાનક સૈન્ય તણાવ વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક ચોંકાવનારો દાવો કર્યો છે કે ઈરાન ટ્રમ્પનો જીવ લેવાનું કાવતરું રચી રહ્યું છે. નાટો (NATO) શિખર સંમેલન દરમિયાન પત્રકારો સાથે વાતચીત કરતાં રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે જણાવ્યું હતું કે, "ઈરાન અમેરિકી નેતાઓને ખતમ કરવા માંગે છે અને હું તેમની દરેક હિટ લિસ્ટમાં સામેલ છું. અત્યાર સુધી નસીબે મારો સાથ આપ્યો છે, પણ કદાચ આ કાયમ નહીં ચાલે. તેઓ ખૂબ જ ક્રૂર લોકો છે અને આપણે આ કેન્સરથી છુટકારો મેળવવો જ પડશે." આ સાથે જ ટ્રમ્પે ઈરાન સાથેના તમામ કરારો (MoU) સત્તાવાર રીતે સમાપ્ત કરવાની પણ જાહેરાત કરી દીધી છે.

### ફરી યુદ્ધમાં ઝંપલાવશે ઈઝરાયલ? જાહેર કાર્યક્રમ રદ કરીને નેતન્યાહૂની ગુપ્ત બેઠક

ઓપરેશન 'એપિક ફ્યુરી' અંતર્ગત ઈઝરાયલી એરફોર્સે અમેરિકા સાથે મળીને ઈરાનના ન્યુક્લિયર સાઈટ્સ, મિસાઈલ ઠેકાણાઓ અને કમાન્ડ સેન્ટર્સ પર ભીષણ હુમલા કર્યા હતા. આ હુમલાઓમાં ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈનું મૃત્યુ થયું હતું, ઈઝરાયલના પ્રમુખ નેતન્યાહૂ લાંબા સમયથી ઈરાનને ઈઝરાયલ માટે સૌથી મોટો ખતરો માનતા આવ્યા છે. તેમનું કહેવું છે કે ઈરાન ન્યુક્લિયર હથિયારો બનાવી રહ્યું છે અને ઈઝરાયલે તેને કોઈપણ ભોગે રોકવું જ પડશે. આ યુદ્ધ શરૂ થયા બાદ ઈઝરાયલે ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ સામે લેબેનોનમાં પણ પોતાની સૈન્ય કાર્યવાહી ખૂબ જ તેજ કરી દીધી છે.

# ફ્રાન્સ જેટલું 'ટાયફૂન બાવી' વાવાઝોડું તાઈવાન ચીન, જાપાન તરફ ધસી આવતાં હાઈએલર્ટ

## 200 કિમી પ્રતિ કલાકની ઝડપે ફુંકાતાં વાવાઝોડાને 1987 પછીનું સૌથી મોટું ગણાવાયું

**શાંઘાઈ**

પ્રશાંત મહાસાગરમાંથી ઉદ્ભવેલું ફ્રાન્સ દેશના કદ જેટલું વિશાળ વાવાઝોડું 'ટાયફૂન બાવી' તાઈવાન, ચીન અને જાપાન તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. 200 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપ ધરાવતા આ તોફાનને પગલે ત્રણેય દેશોમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તંત્રે તેને છેલ્લા ઘણા વર્ષોનું સૌથી શક્તિશાળી વાવાઝોડું ગણાવી નાગરિકોને જરૂરી ચીજવસ્તુઓનો જથ્થો રાખવા અને કટોકટીની સ્થિતિ માટે તૈયાર રહેવાની અપીલ કરી છે.

હાલમાં આ ટાયફૂન તેના સૌથી પહોળા ભાગમાં આશરે 1000 કિલોમીટરમાં ફેલાયેલું છે, જે ફ્રાન્સ દેશની પહોળાઈ જેટલું છે. તાઈવાનના હવામાન વિભાગના અધિકારી જેસન ચાંગના જણાવ્યા મુજબ, કદની દૃષ્ટિએ આ વર્ષ 1987 પછી તાઈવાન તરફ આગળ વધતું સૌથી મોટું વાવાઝોડું છે. હવામાન વિભાગના અનુમાન મુજબ, શનિવાર સાંજ સુધીમાં તે ચીનના પૂર્વી ફુજિયાન પ્રાંતના દરિયાકાંઠે પહોંચશે. તાઈવાનના રાષ્ટ્રપ્રમુખ લાઈ ચિંગ-તેએ નાગરિકોને ત્રણ દિવસ ચાલે તેવી ઈમરજન્સી બેગ તૈયાર રાખવા અપીલ કરી છે. બીજી તરફ, જાપાનની હવામાન એજન્સીએ ઓકિનાવા પ્રાંતમાં પૂર અને ભૂસ્ખલનની ચેતવણી સાથે હાઈ એલર્ટ જાહેર કર્યું છે. વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ, આ વર્ષે 'અલ નીનો'ની અસરથી સમુદ્રનું તાપમાન વધતાં આવા શક્તિશાળી ટાયફૂન વધુ વારંવાર સર્જાઈ રહ્યા છે.

# જીન કેરોલ સાથે જાતીય સતામણી કેસ ટ્રમ્પને 58 લાખ ડોલર ચૂકવવા આદેશ

## ખોટા નિવેદનો આપી બદનામી કરવા મામલે દોષિત ઠેરવ્યા

**ન્યૂયોર્ક**

અમેરિકાની એક કોર્ટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને લેખિકા ઈ. જીન કેરોલની જાતીય સતામણી અને ખોટા નિવેદનો આપીને તેમની બદનામી કરવાના મામલે દોષિત ઠેરવ્યા હતા. આ કેસમાં ટ્રમ્પને કેરોલને 50 લાખ ડૉલર વળતર ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. હવે અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પની અપીલ પર સુનાવણી કરવાનો ઈનકાર કરતાં આ ચુકાદો આખરી બની ગયો છે.

82 વર્ષના પૂર્વ પત્રકાર અને કૉલમિસ્ટ ઈ. જીન કેરોલે આરોપ લગાવ્યો હતો કે વર્ષ 1996માં ન્યૂયૉર્કના એક ડિપાર્ટમેન્ટલ સ્ટોરના ડ્રેસિંગ રૂમમાં ટ્રમ્પે તેમની જાતીય સતામણી કરી હતી. વર્ષ 2019માં પુસ્તકમાં આ આરોપો સામે આવ્યા બાદ ટ્રમ્પે તેને નકારી કાઢતાં સમગ્ર મામલો મનઘડંત ગણાવ્યો હતો અને કેરોલને 'પાગલ' કહ્યા હતા.


વર્ષ 2023માં ન્યૂયૉર્કની ફેડરલ જ્યુરીએ ટ્રમ્પને જાતીય સતામણી અને બદનામીના મામલે દોષિત જાહેર કરીને કેરોલને 50 લાખ ડૉલર વળતર આપવાનો ચુકાદો આપ્યો હતો.

# ઓસ્ટ્રેલિયા ભારતને યુરેનિયમ આપશે, ભારત ક્લિન એનર્જી ધ્યેય સિદ્ધ કરશે

## ભારત ઓસ્ટ્રેલિયાના વ્યૂહાત્મક સલામતી કરારો, ક્લિન એનર્જી ટ્રાન્ઝિશન શુદ્ધ ઊર્જા પ્રવાહ તબદીલીનો પણ ઉલ્લેખ કર્યો હતો

**મેલબોર્ન**

ભારતનાં ઊર્જા ક્ષેત્રને ઘણી બધી પુષ્ટિ મળી રહી છે અને તેથી ભારત તેનું ક્લિન એનર્જી ધ્યેય સિધ્ધ કરી શકશે. તેમ નરેન્દ્ર મોદી વડાપ્રધાન એન્થની અલ્બાનીઝ સાથે યુરેનિયમ તથા અન્ય રેર અર્થ સપ્લાય અંગે એન્થની અલ્બાનીઝ સાથે કરેલા કરારો પછી એક સંયુક્ત પત્રકાર સંબોધનમાં જણાવ્યું હતું. આ સાથે તેઓએ ભારત ઓસ્ટ્રેલિયાના વ્યૂહાત્મક સલામતી કરારો તથા ક્લિન એનર્જી ટ્રાન્ઝિશન શુદ્ધ ઊર્જા પ્રવાહ તબદીલીનો પણ ઉલ્લેખ કર્યો હતો. ગેઈમ્સમાં યજમાન



બનવાનું છે. જ્યારે ઓસ્ટ્રેલિયા તો વર્લ્ડ ઓલિમ્પિક ગેઈમ્સનું યજમાન રાષ્ટ્ર બનશે. ઓસ્ટ્રેલિયાની આ ત્રણ દિવસની મુલાકાતના બીજા દિવસે ભારતીયો મને ઓસ્ટ્રેલિયન્સ દ્વારા યોજવામાં આવેલા એક ગીત સંગીત કાર્યક્રમમાં પણ હાજરી આપી હતી.

### આતંકી અડ્ડાઓ પર ધમાકા આખી દુનિયાએ સાંભળ્યા ઓપરેશન સિંદૂર તો માત્ર ડેમો હતો : વડાપ્રધાન મોદી

આ કાર્યક્રમમાં ઑસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થની આલ્બનીઝ પણ હાજર હતા. આ દરમિયાન વડા પ્રધાને 'ઑપરેશન સિંદૂર'ને ભારતની રક્ષાશક્તિનો એક 'ડેમો' ગણાવતાં કહ્યું કે, "ધડાકા આતંકવાદીઓનાં ઠેકાણાં પર થયા હતા, પરંતુ તેનો પડઘો સમગ્ર વિશ્વમાં સંભળાયો હતો." તેમણે કહ્યું કે આ કાર્યવાહીથી ભારતની સંરક્ષણ ક્ષમતા અને સ્વદેશી ડિફેન્સ પ્લેટફોર્મની વિશ્વસનીયતા પણ દુનિયાની સામે આવી છે. તેમણે ભારતીયોને પ્રશ્ન કર્યો કે આતંકી ઠેકાણાઓ પર થયેલી આ નિર્ણાયક કાર્યવાહીએ તેમને ગર્વની લાગણી કરાવી કે નહીં? પીએમ મોદીએ વધુમાં કહ્યું કે વિશ્વ ભારતની રક્ષણ શક્તિ અને તેની વિશ્વસનીયતાને નવી નજરે જોઈ રહ્યું છે.

### ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે ઐતિહાસિક ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ વિદ્યાર્થીઓ અને સંશોધકોને નોંધપાત્ર ફાયદો થશે

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ થઈ ગયો છે. આ કરારના લીધે બંને દેશ એકબીજાને સંપૂર્ણ ૧૦૦ ટકા જકાતમુક્ત નિકાસ કરી શકશે. તેમા કાપડ, ચામડાના જૂતા, હીરા અને ઝવેરાતનો સમાવેશ થાય છે. આ કરારને ન્યૂઝીલેન્ડની સંસદની સમતિની જરૂરિયાત હોવાથી તે વર્ષના અંત સુધીમાં અમલી બનશે તેમ મનાય છે. ભારતમાં કેન્દ્રીય મંત્રીમડળે વેપાર સમજૂતીને મંજૂરી આપી દીધી છે. આ એફટીએ પર ટિપ્પણી કરતા પીએમ મોદીએ જણાવ્યું હતું કે તેનાથી ખેડૂતો, યુવાનો, મહિલાઓ, એમએસએમઈ, કલાકારો, સ્ટાર્ટઅપ્સ, વિદ્યાર્થી અને સંશોધકોને નોંધપાત્ર ફાયદો થશે.

# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE
REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Welcome to this exceptional family home in one of Oshawa's most desirable communities,offering a rare combination of premium upgrades, functional living space. Built with quality builder upgrades, this home features soaring 9-foot ceilings that create a bright and spacious atmosphere throughout. The open-concept layout is perfect for everyday living and entertaining, featuring a separate family room with a cozy fireplace, an elegant hardwood staircase, and a spacious kitchen complete with a centre island, breakfast bar, stainless steel appliances, and a sun-filled breakfast area with a walkout to the backyard deck. Upstairs, you'll find four generously sized bedrooms, includinga stunning primary retreat with a walk-in closet and a luxurious 5-piece ensuite. The finished basement features a separate entrance and includes two additional bedrooms, making it ideal for extended family, guests, or excellent rental and in-law suite potential. Step outside to a spacious backyard, whether you're dreaming of an outdoor entertaining space or a family-friendly retreat.




Welcome to the one you've been waiting for! Situated on a spacious corner lot in a sought after family-friendly neighbourhood, this beautifully maintained bungalow offers exceptional curb appeal, a double car garage, and is just steps to schools, parks, and shopping. Pride of ownership shines throughout with numerous updates over the years, including: roof (2020), windows and doors (2022), garage door (2020), kitchen (2019), main floor flooring (2021), pot lights (2022), fresh paint (2026), and A/C & furnace (2016). The side yard was transformed in 2023 with new fencing, deck, and awning - creating the perfect private outdoor space for entertaining. Inside, enjoy a bright and functional layout with a huge finished basement offering endless possibilities for additional living space, recreation, or excellent rental/in-law suite potential for extra income. Fully fenced yards ideal for family gatherings and summer enjoyment. A rare opportunity to own a solid, move-in ready bungalow in an unbeatable location!




Fully Furnished!! Heart Of Downtown Mississauga, Close To All Amenities, Marilyn Monroe Building, 2 Bedroom + 2 Bathroom, Demand Location, Walking Distance To Sq 1 And Living Arts Centre, Hwy 403, 401, QEW, And Much More! 800 Sqft Of Living Space + 135 Sqft Balcony, Bed And 2 Full washrooms. Students welcome. Available Immediately

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!



*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.